MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૪-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ગુજરાતમાં કોરોના ખતરનાક સ્તરેઃ અમદાવાદમાં વધુ ૭ પોઝિટિવ

3 કોરોના આતંકઃ ઇરાન સંસદના સ્પીકર વાયરસથી સંક્રમિત,૫૩ હજારથી વધુના મોત

7 નિઝામુદ્દીન તબલિગી જમાતઃ ૬૮ લોકો ગુમ,સરકારે હાઇકોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો

11 કોરોના મહામારી વચ્ચે સેવા કાર્ય કરતા કેટલાક લોકો પ્રસિદ્ધિ પાછળ ઘેલા બન્યા..?!

કોરાનાને મ્હાત આપવા વડાપ્રધાને રાષ્ટ્રના નામે સંદેશ જારી કર્યો


રવિવારે ૯ વાગે ૯ મિનિટ સુધી કોરોનાને ભગાડવા દિવો પ્રગટાવો

કોરોના વાઇરસની ચેઇન તોડવાનો આ છે રામબાણ ઇલાજ,અંધકારમય કોરોના સંકટને પરાજિત કરવા માટે આપણે પ્રકાશના તેજને ચારેય દિશામાં ફેલાવવાનો છે,આ પ્રકાશથી આપણે આપણા મનમાં સંકલ્પ કરીએ આપણે એકલા નથીઃ મોદી

ન્યુ દિલ્હી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાઇરસ મહામારીને કારણે ભારત હાલમાં ૨૧ દિવસના લોકડાઉન હેઠળ છે. લોકડાઉનના આજે ૧૦મા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ દિવસ સુધી ઘરમાં રહીને કોરોનાથી ચિંતિત દેશવાસીઓના મનોબળને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો હતો અને અગાઉથી રેકોર્ડેડ વિડિયો સંદેશામાં ૫ એપ્રિલ રવિવારના રોજ રાત્ર ૯ વાગે પોતાના ઘરોની તમામ લાઇટ બંધ કરીને ૯ મિનિટ સુધી ઘરના આંગણે કે બાલ્કીમાં ઉભા રહીને મીણબતી-દિવો કે મોબાઇલ ફોનની લાઇટ સતત ચાલુ રાખીને કોરોનાને પ્રકાશની શક્તિનો અનુભવ કરાવવા આહ્વાન કર્યું હતું. આખી દુનિયા કોરોના સામેની લડાઇમાં ભારતને અનુસરી રહ્યું હોવાનુ પણ તેમણે કહ્યું હતું. ૧૧ મિનિટના આ રાષ્ટ્ર જોગ સંબોધનમાં તેમણે ૫ એપ્રિલના રોજ રાત્ર ૯ વાગે ૯ મિનિટ સુધી મા ભારતીનું સ્મરણ કરવાની પણ અપીલ કરી હતી.

ગઇકાલે ૩ એપ્રિલના રોજ મોદીએ પોતે શુક્રવારે સવારે એક વિડિયો શેર કરશે એવી જાહેરાત કરી હતી. જેના પગલે તેઓ, દેશવાસીઓને હવે કયો સંદેશો આપશે તેની ઠીક ઠીક ચર્ચા પણ થઇ હતી. લોકડાઉન અંગેની કોઇ જાહેરાતની અટકળોનો છેદ ઉડાડતા મોદીએ લોકોને રાહતરૂપ પ્રવૃતિની તક પૂરી પાડી હતી. અંધકારથી પ્રકાશની તરફ જવાનું પગલું



ઘરની તમામ લાઇટો બંધ કરીને દિવડા કે મીણબતીના મંદ પ્રકાશમાં ૯ મિનિટ સુધી મા ભારતીનું સ્મરણ કરવા પણ મોદીની અપીલ

એટલે તમસો મા જ્યોતિર્ગમ્ય એમ કહીને કહ્યું હતું કે કોરોનાની ચેઇન તોડવાનો આજ રામબાણ ઇલાજ છે.

આજે ઉજી એપ્રિલે સવારે ૯ વાગે સૌ કોઇની નજર ટીવી સ્ક્રિન પર હતી. અને જ્યારે તેમણે પાંચ એપ્રિલનો ઉલ્લેખ કર્યો ત્યારે ઘણાને એમ થયું કે કદાજ પાંચમીએ લોકડાઉન ઉઠી જશે. પરંતુ તેના બદલે તેમણે કોરોનાને હરાવવા અને લોકોને એમ ના લાગે કે ઘરે બેઠા બેઠા શું કરવુ તેથી પાંચમીએ સોશ્યલ ડિસ્ટન્સ નિયમનો ઉપયોગ કરીને દિપોત્સવના પ્રોત્સાહક અને સૌને ગમે એવા કાર્યક્રમની જાહેરાત કરી ત્યારે ઘણાં બધાએ રાહતનો દમ લીધો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી

અનુ. પાના નં. ૮ પર

તબ્લિક જમાતના ઓપરેશનમાં લાગેલા ૧૪ પોલીસકર્મી ક્વોરિન્ટીન

કોરોના વાયરસના નવા ૯૮ પોઝિટિવ કેસઃ મૃત્યુઆંક ૭૩

યોગી સરકાર ડ્યૂટી કરતી પોલીસ પર હુમલો કરનારાઓ વિરુદ્ધ રાસુકા હેઠળ કાર્યવાહી થશે

ન્યુ દિલ્હી

કોરોના વાઇરસના આજે ૯૮ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ઉત્તરપ્રદેશમાં ૪૪, રાજસ્થાનમાં ૨૧, આંધ્રપ્રદેશમાં ૧૨, હરિયાણામાં ૮,દિલ્હીમાં ૨, સાથે જ મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ દર્દી મળ્યા છે. આ સાથે જ કુલ સંક્રમિતોની સંખ્યા ૫૬૫૭ થઈ ગઈ છે. ૧૯૧ લોકો સ્વસ્થ થયા છે અને ૭૩ લોકોના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૩૦૧ છે. જેમાંથી ૨૦૮૮ની સારવાર ચાલી રહી છે. ૧૫૬ સ્વસ્થ થઈ ચુક્યા છે અને ૫૬ લોકોના મોત થઈ ચુક્યા છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં જે ૬૫ લોકો આજે સંક્રમિત મળ્યા છે જેમાંથી ૬૩ દિલ્હીની તબ્લિક જમાતથી પાછા આવ્યા હતા.

નિઝામુદ્દીનમાં મરકજમાં તબ્લિક જમાતના લોકોને ઓપરેશનમાં લાગેલા જવાનોને ક્વોરિન્ટીન કરી દેવાયા છે. રિપોર્ટના જણાવ્યા પ્રમાણે, આ જવાનોની સંખ્યા ૧૪ છે. જેમના સંક્રમિત થવાની આશંકા છે. એટલા માટે સતર્કતાના પલગા લેવાયા છે. આ જવાનો ૩૦ અને ૩૧ માર્ચે મરકજની ઈમારતમાં રોકાયેલા બે હજાર લોકોને કાઢવાના ઓપરેશનમાં લાગ્યા હતા. સરકારે પણ આખા ઘટનાક્રમ

અનુ. પાના નં. ૮ પર

ગંગાના પાણીની ગુણવત્તા સુધરી, ૩૬માંથી ૨૭ પોઇન્ટ પર ગુણવત્તા સુધરી

લોકડાઉનના કારણે દેશના ૯૧ શહેરોમાં હવા પ્રદૂષણમાં ધરખમ ઘટાડો

ન્યુ દિલ્હી

કોરોનાને રોકવા માટે દેશમાં લોકડાઉનની સ્થિતિ છે. લોકો ઘરમાં બંધ છે અને ઉદ્યોગ એકમો, વાહનો પણ બંધ છે. એના કારણે દેશના ૯૧ શહેરોમાં હવાની ગુણવત્તા સુધરી છે. ગંગા નદીનું પાણી પણ શુદ્ધ થયું છે.કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે દેશમાં લોકડાઉનના કારણએ લોકો ઘરમાં બંધ છે એટલે દેશભરની હવામાં વાયુ પ્રદૂષણ ઘટયું છે. હવામાં કાર્બનની માત્રા નોંધપાત્ર ઘટી ગઈ છે.

ઔદ્યોગિક વિસ્તારની આસપાસ સતત વાયુ પ્રદૂષણ રહેતું હોય છે. વાયુની ગુણવત્તા સતત કથળેલી હોવાનું જણાયું હતું, પરંતુ લોકડાઉનના કારણે મશીનો બંધ છે એટલે ઔદ્યોગિક વિસ્તારમાં વાયુ પ્રદૂષણ ઘણું ઓછું થયું છે. અહેવાલ પ્રમાણે જનતા કરફ્યુના એક દિવસ પહેલાંથી દેશના ૯૦ શહેરોમાં હવાની ગુણવત્તા સંતોષજનક હતી. ૨૯થી માર્ચથી દેશના ૯૧ શહેરોની હવા નોંધપાત્ર રીતે શુદ્ધ થઈ ગઈ છે.યાત્રાઓ બંધ થઈ છે

અનુ. પાના નં. ૮ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધનનું નિવેદન

આજે દેશને ડૉકટર્સ પર ગર્વ,ભારતમાં સ્થિતિ યુરોપિયન દેશો જેવી નથી

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ભારતમાં કોરોના વાયરસની ઝપટમાં આવીને અત્યાર સુધીમાં ૭૦ લોકોના મોત થયા છે. જ્યારે આખી દુનિયામાં મોતનો આંકડો ૫૩૦૦૦ને પાર કરી ગયો છે. જો કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉકટર હર્ષવર્ધનનું માનીએ તો ભારતમા સ્થિતિ યુરોપિયન દેશો જેવી નથી.

ડૉકટર હર્ષવર્ધને કહ્યું કે ભારતની સ્થિતિ યુરોપના દેશોની સરખામણીમાં ઘણી સારી છે. છેલ્લાં કેટલાંક દિવસોમાં સંક્રમિતોની સંખ્યામાં અચાનક આવેલી તેજી માત્ર એક ઘટનાના લીધે છે. આપણા પ્રયાસોના લીધે મોટા અને અન્ય પશ્ચિમી દેશોની સરખામણીમાં અમારી સ્થિતિ ખૂબ જ શ્રેષ્ઠ છે. આપણા ડૉકટર્સ ખૂબ જ સારી રીતે કામગીરી કરી રહ્યા છે. તમારા લોકોના લીધે કોરોના વાયરસની સ્થિતિ પર કંટ્રોલ છે. ડૉકટર હર્ષવર્ધને કહ્યું કે ભારતની સ્થિતિ યુરોપના દેશોની સરખામણીમાં શ્રેષ્ઠ છે. યુરોપિયન દેશો જેવાં કે ઇટલી, સ્પેન, યુનાઇટેડ કિંગડમમાં કોરોના વાયરસ મહામારીનું રૂપ લઇ ચૂક્યું છે. ઇટલીમાં અત્યાર સુધીમાં ૧.૧૫ કેસ આવી ચૂક્યા છે. જેમાં ૧૩૦૦૦થી વધુ લોકોના મોત થઇ ચૂક્યા છે.

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂ. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાચેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002



બેંગલૂરુમાં કોરોના વાઇરસ સામે જનજાગૃતિ લાવવા રસ્તા પર દોરાયેલું ચિત્ર.

મોટો ખુલાસોઃ પોઝિટીવ કેસમાંથી પાંચનું તબલીગી જમાતનું કનેક્શન ખુલ્યું

ગુજરાતમાં કોરોના ખતરનાક સ્તરેઃ અમદાવાદમાં વધુ ૭ પોઝિટિવ

રાજ્યમાં પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૯૫,વડોદરામાં એક મૃત્યુઆંક ૮એ પહોંચ્યો,જો લોકડાઉનનો હજુ કડક અમલ નહીં થાય તો કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્તરે પહોંચી શકે

ગાંધીનગર

આજે કોરોના મહામારી વાઇરસના વધુ ૭ પોઝિટિવ કેસ નોધાયા હતા. જે કાલુપુર અને બાપુનગર વિસ્તારના છે. આજે જાહેર કરાયેલા આ તમામે તમામ કેસ અમદાવાદના છે. રાજયમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા સોની નજીક એટલે કે ૯૫ પર પહોંચી ગઈ છે. સરકારને જે કેસ હિસ્ટ્રી જોવા મળી રહી છે તે લાલબત્તી સમાન છે. કેમ કે ગુજરાતમાં કોરોનાનો રોગ ત્રીજા સ્ટેજની નજીકમાં કલસ્ટર સુધી એટલે કે ચોક્સ સમૂહ સુધી પ્રસરી ગયો છે અને જો લોકડાઉનનું બરાબર પાલન કરવામાં નહીં આવે તો આ રોગ કોમ્યુનિટી ટ્રાન્સમિશનના ભયજનક સ્તર સુધી પહોંચી જશે તો સ્થિતિને સંભાળવી મુશ્કેલ બની જશે,એમ કહીને સરકારે જાહેર કર્યું કે ૫ એપ્રિલ સુધીના દિવસો ગુજરાત માટે ગંભીર બની શકે.

આ અંગે આરોગ્ય સચિવ જયંતિ રવિએ કહ્યું છે કે, ગુજરાત માટે હજુ ૫ તારીખ સુધીના દિવસો મહત્વના છે. જેથી કરીને લોકો લોકડાઉનમાં રહે તે હિતાવહ છે, કેમ કે ગુજરાતમાં કોરોના હજુ ત્રીજા સ્ટેજ સુધી પહોંચ્યો નથી. શહેરોની સાથે હવે ગુજરાતના ગામડાઓ સુધી પણ કોરોના ના પ્રસરે તે માટે આરોગ્ય વિભાગ પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

રાજયમાં કોરોના પોઝિટિવના વધુ સાત કેસ નોંધાયા છે તે તમામ અમદાવાદના છે અને રાજયમાં પોઝીટીવ કેસોનો આંકડો ૯૫ પર પહોંચ્યો છે. પંચમહાલ જિલ્લામાં ગોધરામાં એક કેસ નોંધાયો હતો તેમાં જેમાં દર્દીનું મોત થયું છે. ૧૯૪૪ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૬૦૧૫ લોકો ક્વોરન્ટીનમાં છે.

વિદેશથી આવેલા લોકોના ઈક્યુબેશન પીરિયડ બે દિવસમાં પૂરો થશે, એમ કહીને તેમણે કહ્યું કે,

ગુજરાતમાં કોરોનાના ૯૫ કેસ

અમદાવાદ	૩૮
સુરત	૧૨
રાજકોટ	૧૦
વડોદરા	૯
ગાંધીનગર	૧૧
ભાવનગર	૭
કચ્છ	૧
મહેસાણા	૧
ગીરસોમનાથ	૨
પોરબંદર	૩
પંચમહાલ	૧

અમદાવાદમાં વિદેશથી આવેલા કુલ ૫૨૧૯ લોકોને ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યા હતા. આમાંથી ૪૦૮૪ લોકોનો ક્વોરન્ટીન હેઠળના ૧૪ દિવસ પૂર્ણ થઈ ગયા છે. જ્યારે હજુ ૧૧૩૫ જેટલા લોકો ક્વોરન્ટીનમાં છે. ગાઈડલાઈન્સ મુજબ ૧૪ દિવસનો ઈક્યુબેશન પીરિયડ હોય છે. એરપોર્ટ પર છેલ્લી ફ્લાઈટ ૨૨મીએ આવી હતી. જેમાં આવેલા લોકોના ઈક્યુબેશન પીરિયડ પણ બે દિવસમાં પૂરો થશે. પરંતુ શહેરમાં ૩૧ લોકો પોઝિટિવ આવ્યા છે. જેમના સંપર્કમાં આવેલા ૬૫૦ લોકોને પણ ક્વોરન્ટીનમાં મૂકી દેવામાં આવ્યા છે.

જેથી તેમના ૧૪ દિવસનો સમય પૂરો થતાં ૨૦ એપ્રિલ સુધીનો સમય લાગી શકે તેમ છે. જેથી હજુ પણ અમદાવાદ શહેર માટે આગામી ૨૦થી ૨૫ દિવસ ખૂબ જ મહત્ત્વના છે. આ સમય દરમિયાન સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે તકેદારી રાખવી જરૂરી હોવાનું માનવામાં આવે છે.

કોરોનાના કેર વચ્ચે ગુજરાત સહિત ભારતમાં ૨૨માર્ચથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ કરી દેવામાં આવી છે, ત્યારે ગુજરાતમાં કોરોનાના લક્ષણો બહાર આવવાનો ઈક્યુબેશન પિરિયડ ૫ એપ્રિલે પૂરો થતો હોવાથી હજુ ગુજરાત માટે ૫ એપ્રિલ સુધીના દિવસો મહત્વના છે. તેમાં પણ ખાસ કરીને ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યું છે ત્યારે લોકડાઉનનો કડકપણે અમલ થાય તે આવશ્યક છે.ગુજરાત આવેલા વિદેશી પ્રવાસીઓનો ક્વોરન્ટીન પિરિયડ ૫ એપ્રિલે પૂરો થશે, કેમકે ૨૨ માર્ચની છેલ્લી ફ્લાઈટમાં આવેલા પ્રવાસીઓના ૧૪ દિવસ ૫ એપ્રિલે પુરા થઈ રહ્યાં હોવાથી ૫ તારીખ સુધી સાવચેતી રાખવી જરૂરી છે.

પરંતુ ગુજરાત માટે ચિંતાની બાબત એ છે કે, વિદેશી પ્રવાસીઓનો ક્વોરન્ટીન પિરિયડ પૂરો થાય એ પહેલાં અમદાવાદ તો આખા દેશમાં કોરોનાનું હોટ સ્પોટ બની ગયું છે. તેમાં પણ ગુજરાતમાં પ્રવાસીઓ કરતા લોકલ ટ્રાન્સમિશન વાળા કોરોના પોઝિટિવના કેસોનું પ્રમાણ વધી રહ્યું છે. આમ ગુજરાતમાં વિદેશ પ્રવાસીઓની હિસ્ટ્રી કરતા લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યું છે.

પોઝિટીવ કેસમાં ૬૮ વર્ષીય દર્દીનું તબલીગી જમાતનું કનેક્શન ખુલ્યું

ગુજરાત માટે એક ચિંતાજનક સમાચાર એ છે કે કાલુપુર ભંડેરીની પોળના જે ૪ કેસ પોઝિટીવ સામે આવ્યાં છે તેમાંથી એક ૬૮ વર્ષીય વૃદ્ધની ટ્રાવેલ હિસ્ટ્રી દિલ્હીની મળી આવી છે. દરમિયાન તાપાસ કરતા નિઝામુદ્દીન તબલીગી જમાતમાં સામેલ થયા હોવાનું ખુલ્યું છે. અમદાવાદ પોલીસ, રાજ્યનું સ્વાસ્થ્ય વિભાગ સાથે મળીને કામ કરી રહી છે.

પ.૪૭ કરોડ પરિવારોએ મનરેગા હેઠળ કામની માંગણી કરી

મનરેગા હેઠળ રોજગાર માગનારાઓની સંખ્યા ૯ વર્ષમાં સૌથી વધુ

ન્યુ દિલ્હી

દેશમાં જેમ-જેમ અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડી રહી છે તેમ-તેમ મનરેગ હેઠળ રોજગારીની માગણી કરનારાઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આંકડા મુજબ, ૨૦૧૯-૨૦માં મનરેગા હેઠળ રોજગારીની માગ રેકોર્ડ ૯ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. મનરેગના સત્તાવાર પોર્ટલ પર અપલોડ કરવામાં આવેલા આંકડા મુજબ, ૫.૪૭ કરોડ પરિવારોએ મનરેગા હેઠળ કામની માગણી કરી છે. આ ૨૦૧૦-૧૧ બાદ સૌથી વધારે છે. ત્યારે ૫.૫ કરોડ પરિવારે રોજગારની માંગણી કરી હતી.

આંકડા મુજબ, વ્યક્તિગત રીતે ૨૦૧૯-૨૦માં સૌથી વધારે લોકોએ આ યોજના હેઠળ કામ કર્યું. જેમાં ૭.૮૬ કરોડ લોકો દેશભરના વિવિધ સ્થળો પર કાર્યરત હતા. વર્ષ ૨૦૧૨-૧૩ બાદ આ સૌથી વધારે છે ત્યારે ૭.૯૭ કરોડ લોકોએ આ યોજના હેઠળ કામ કર્યું હતું. રાષ્ટ્રીય ગેરંટી યોજના વર્ષ ૨૦૦૬માં દેશભરમાં ૨૦૦ જિલ્લાઓમાં શરૂઆત કરવામાં આવી હતી.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના એક સૂત્રએ જણાવ્યું હતું કે, સંભાવના છે કે આ વખતે રોજગારના આંકડા ગયા વર્ષ કરતા સૌથી વધારે છે. ૨૦૧૯-૨૦ દરમિયાન કેન્દ્રએ મનરેગા હેઠળ ૭૨,૧૬૨.૧૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે જે અત્યાર સુધી સૌથી વધારે છે.

લોકો લાખો આઈડિયા આપી શકે છે, અમે કેન્દ્રને તેના પાલન માટે ફરજ પાડી શકીએ નહીં

લાખો વિચારો છે,તમામને ના સાંભળી શકીએઃ મજૂરોના પલાયનની અરજી સુપ્રિમે ફગાવી

ન્યુ દિલ્હી

લૉકડાઉનનાં કારણે મજૂરોનાં સ્થળાંતર સાથે જોડાયેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આ અરજીને વકીલ હર્ષ મંદર, પ્રશાંત ભૂષણ સહિત અનેક વકીલોએ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લાખો લોકોની પાસે લાખો વિચાર છે. અમે તમામ વિચારો ના સાંભળી શકીએ અને આ માટે સરકારને દબાવ ના આપી શકીએ.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં હોટલ અને રિસોર્ટ્સનો ઉપયોગ પ્રવાસી મજૂરો માટે કરવાની માંગ કરી હતી. દલીલ હતી કે શેલ્ટર હોમમાં પર્યાપ્ત સ્વચ્છતા અને સુવિધા નથી મળી શકી રહી. આ અરજીને સુપ્રીમ કોર્ટે શુક્રવારનાં ફગાવી દીધી.

આ અરજીઓ પર સોલિસિટર જનર તુષાર મહેતાએ વાંધો ઉઠાવ્યોહ હતો અને કહ્યું હતુ કે પીઆઈએલની દુકાનો બંધ કરવી જોઈએ. જેને ખરેખર મદદ કરવી છે તે જમીન પર કામ કરે છે. આમ રૂમમાં બેસવું અને જનહિત અરજી દાખલ કરવાથી કોઈ ફાયદો નથી થતો. જો અદાલત પ્રવાસીઓ અને મજૂરો વિસ્તૃત રિપોર્ટ ઈચ્છે છે તો અમે દાખલ કરીશું.

એસજી તુષાર મહેતાએ કહ્યું કે, મજૂરોનાં પલાયનનાં મુદ્દા પર અદાલતોથી વિશેષ નિર્દેશોની કોઈ આવશ્યકતા નથી. રાજય સરકારો પહેલાથી જ આવશ્યકતા અનુસાર ભવન, સ્કૂલ, હોટલ વગેરેમાં વ્યવસ્થા કરી રહી છે. જો જરૂરિયાત પડી તો આપણે વધારે પ્રબંધ કરીશું. કેન્દ્ર અને રાજ્ય સરકારો પ્રવાસીઓનાં મુદ્દા પર સારી રીતે કામ કરી રહી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે મજૂરોનાં પલાયનથી જોડાયેલી અરજી પર સુનાવણી કરતા કેન્દ્ર સરકારને કમિટી બનાવવાનો નિર્દેશ કર્યો હતો. ધર્મ ગુરુઓ અને રાજકીય લોકોની આ કમેટી દરેક શેલ્ટર હોમમાં જશે અને મજૂરો સાથે વાત કરશે. આ સાથે જ મજૂરોને સમજાવવા માટે કાઉન્સેલર નિયુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

એપ્રિલના અંત સુધીમાં ખતમ થઈ જશે કોરોનાઃ ચીનનાં વૈજ્ઞાનિકનો દાવો

બેઇજિંગ

ગત્ત ઘણા દિવસોથી કોરોના વાયરસનાં કારણે લગાવાયેલા લોકડાઉન વચ્ચે દરેક વ્યક્તિનાં મનમાં માત્ર એક જ સવાલ ઉભો થઈ રહ્યો છે કે આખરે આ બધો અંત કયારે આવશે ? વિશ્વનાં તમામ નેતાઓ અને વૈનિકો પણ આ સવાલો ઉઠાવી રહ્યા છે. કયારે આ સંકટ ટળશે તેના વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ સારા સમાાર આવી રહ્યા છે કે, ચીનનાં સૌથી પ્રતીત વૈજ્ઞાનિકે દાવો કર્યો છે કે આગામી ચાર અઠવાડીયા એટલે કે એક મહિનાની અંદર કોરોના વાયરસ ખતમ થઈ જશે. ચીનનાં સૌથી મોટા સાયન્ટીસ્ટ ડો જોંગ નાનશાને કહ્યું કે, એપ્રીલ મહિનાના અંત સુધીમાં કોરોના વાયરસનો કહેર શાંત થવા લાગશે. ડો નાનશાનનો દાવો છે કે ચીન ફરી એકવાર આ વાયરસથી સંક્રમિત નહી થાય. ચીનની જ એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાંતેમણે કહ્યું કે, વિશ્વનાં અનેક દેશોએ તેને અટકાવવા માટે જે લોકડાઉન સિસ્ટમ અપનાવી છે તે વાયરસને અટકાવવામાં ખુબ જ પ્રભાવી પગલું છે. એપ્રીલના અંત સુધીમાં આ વાયરસ ખતમ થઈ જશે. જ્યારે તેમને પુછવામાં આવ્યું કે, ચીનનાં વુહાન શહેરમાં ઠીક થઈ ચુકેલા ફરી એકવાર કોરોના વાયરસ થઈ શકે છે, તેવું તેમણે કહ્યું કે, આવું ખુબ જ ઓછું થાય છે. ડો નાનશાનનું કહેવું છે કે કોઈ વ્યકિતનાં ઠીક થયા બાદ ફરી એકવાર સંક્રમિત થવાનું એક કારણ શરીરમાં એન્ટીબોડિઝના હોવાનું છે.

સેનાએ હથિયારબંધ પ્રોટેક્શન ટીમ મોકલી

તબલીગી જમાતના કોરોના સંદિગ્ધોની ગેરવર્તણૂક, સેનાને સોંપાઈ આઈસોલેશન સેન્ટરની જવાબદારી

ન્યુ દિલ્હી

દિલ્હી નરેલામાં તબલીગી જમાતના જલસામાં સામેલ લોકો માટે બનાવેલા આઈસોલેશન કેમ્પમાં હવે મદદ માટે ઈન્ડિયન આર્મીની એક મેડિકલ ટીમ પણ પહોંચી ગઈ છે. પરંતુ જે રીતે કેટલીક જગ્યાએથી એવી ફરિયાદ આવી છે કે તબલીગી જમાતમાં સામેલ કેટલાંક લોકો ડૉકટર્સ સાથે અભદ્ર વર્તન કરી રહ્યા છે તેને જોતા ઈન્ડિન આર્મીએ પોતાની મેડિકલ ટીમની સાથે હથિયારબંધ પ્રોટેકશન ટીમને પણ મોકલી છે.

સૂત્રોના મતે ઈન્ડિયન આર્મીની પાસે નરેલા આઈસોલેશન કેમ્પમાંથી મેડિકલ હેલ્થ માટે રિકવેસ્ટ આવી હતી. ત્યારબાદ ઈન્ડિયન આર્મીએ પોતાના બે ડૉકટર્સ અને બે સપોર્ટિંગ સ્ટાફની એક ટીમ નરેલા મોકલી છે. આ ટીમની સાથે આર્મીની એક નાનકડી પ્રોટેકશન ટીમ પણ મોકલાઈ છે.

દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલા મરકઝ આવનાર તબલીગી જમાતના જલસામાં સામેલ કોરોના શંકાસ્પદોને નરેલા સહિત અલગ-અલગ જગ્યાએ બનાવેલા આઈસોલેશન કેમ્પમાં રખાયા છે. તેમની ઘણી ફરિયાદો પણ આવી રહી છે.ઉત્તર રેલવેના સીઆરપીઓ દીપક કુમારે પણ બુધવારના રોજ કહ્યું હતું કે જ્યારે મંગળવારની રાત્રે તબલીગી જમાતના લોકોને તુગલકાબાદ સ્થિત આઈસોલેશન સેન્ટર પહોંચાડ્યા તો લોકો ત્યાંના સ્ટાફની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. તેઓ કર્મચારીઓ અને ડૉક્ટર્સની સાથે અભદ્ર વર્તન કરવાની સાથે જ તેમના પર થૂંકી પણ રહ્યા છે.

કોરોના વાઈરસ સામે લડવા

વિશ્વ બેંકે ભારત માટે ૩. ૭૬૦૦ કરોડના ઈમરજન્સી ફંડની મંજૂરી આપી

જિનિવા

ભયાનક એવા કોરોના વાઈરસના રોગચાળાનો સામનો કરવામાં ભારતને મદદરૂપ થવા માટે વર્લ્ડ બેંકે ભારતને ૧ અબજ ડોલરનું ઈમરજન્સી રીસ્પોન્સ ફંડ મંજૂર કર્યું છે. વિશ્વ બેંકે ભારતને આરોગ્ય ક્ષેત્ર માટે અત્યાર સુધીમાં આપેલી આ સૌથી મોટી રકમની સહાયતા છે.

કોવિડ-૧૯ રોગચાળાને રોકવા, શોધવા અને એની સામે પગલાં લેવામાં તેમજ જાહેર આરોગ્ય ક્ષેત્રમાં ભારતને તેની સક્ષમતાને મજબૂત કરવામાં મદદરૂપ થવા માટે વર્લ્ડ બેંકે ભારતને આ સહાયતા મંજૂર કરી છે.

આ નવા ભંડોળમાં ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેવામાં આવશે. કોરોનાના ચેપગ્રસ્ત લોકો, કોરોના થવાનું જોખમ ધરાવતા લોકો, તબીબી અને ઈમરજન્સી ક્ષેત્રના કર્મચારીઓ, સેવા પ્રદાન કરનારાઓ, તબીબી અને ટેસ્ટિંગ સુવિધાઓ તથા રાષ્ટ્રીય અને પ્રાણી આરોગ્ય એજન્સીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે આ ભંડોળનો ઉપયોગ કરી સકાશે.

આ ભંડોળનું સંચાલન નેશનલ હેલ્થ મિશન, નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય હેઠળ આવતી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

આ ભંડોળ ભારતને રોગ નિરીક્ષણ કાર્યક્રમને મજબૂત કરવામાં, ચેપગ્રસ્ત રોગોની સારવાર કરતી હોસ્પિટલો, જિલ્લા, સિવિલ અને જનરલ તથા મેડિકલ કોલેજ હોસ્પિટલોને નવો ઓપ આપવામાં તેમજ લેવલ-૩ લેબોરેટરીઓનું નેટવર્ક બનાવવામાં મદદરૂપ થશે.

રાયપુરમાં જન્મેલા જોડિયા બાળકોના નામ 'કોરોના' અને 'કોવિડ' રાખ્યા..!

રાયપુર

દેશમાં હાલમાં મહામારીને પગલે ૨૧ દિવસ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહામારી સામે દેશ અને દુનિયાના લોકો ઘૂંટણીયે પડી ગયા છે. ખતરનાક વાયરસથી લોકો ડરી રહ્યા છે ત્યારે છત્તીસગઢમાં એક દંપતીએ તેમને ત્યાં જન્મેલા જોડિયા બાળકોના નામ આ વાયરસ પરથી 'કોરોના' અને 'કોવિડ' રાખ્યા છે.

આ બન્ને શબ્દો હાલ એટલા પ્રચલિત થઈ ગયા છે કે લોકો તેનું નામ પડતા જ ફફડી ઉઠે છે. રાયપુર સ્થિત દંપતીને ત્યાં આ મહામારીમાં બે બાળકો અવતર્યા છે. જો કે તેમણે આ મહામારીની યાદમાં બન્ને બાળકો (એક પુત્ર અને એક પુત્રી)ના નામ વાયરસને લગતા નામ પરથી પાડ્યા છે. લોકડાઉનાં પડેલી મુશ્કેલીઓ અને તેની વચ્ચે સફળ ડીલિવરીની યાદમાં બન્ને બાળકોના નામ કોરોના વાયરસ પરથી રાખ્યા હોવાનું દંપતીએ જણાવ્યું હતું. પ્રીતિ વર્મા (ઉં. ૨૭)એ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે હું ગર્ભવતિ હતી અને પૂરા દિવસો થયા હતા જેને પગલે ૨૬મી માર્ચના પરોઢીયે પ્રસુતિ પીડા ઉપડતા હોસ્પિટલમાં દાખલ થઈ હતી.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતમાંથી ઉદ્ભવતો સમાચાર - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (દા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.accrr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

કુલ કેસોની સંખ્યા ૧૦ લાખને પાર,ચીન આજે શોક દિવસ મનાવશે

કોરોના આતંકઃ ઈરાન સંસદના સ્પીકર વાયરસથી સંક્રમિત,૫૩ હજારથી વધુના મોત

વોશિંગ્ટન/રોમ/તહેરાન

કોરોના વાઈરસની મહામારીએ વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો છે. વિશ્વભરમાં અત્યાર સુધીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ લાખથી વધારે થઈ ગઈ છે. ૫૩ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. બે લાખ ૧૩ હજાર લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઈટાલી અને સ્પેન બાદ હવે અમેરિકામાં તેની વ્યાપક અસર જોવા મળી છે. અમેરિકામાં પોઝિટિવ કેસની સંખ્યા બે લાખ ૪૫ હજાર ૬૬ થઈ ગઈ છે. જ્યારે ૬૦૭૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૯ હજાર કેસ નોંધાયા છે. ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. શુક્રવારે અમેરિકન પોત રુઝવેલ્ટમાંથી ૧૮૦ નૌસૈનિકોને હટાવવામાં આવ્યા. નેવી કમાન્ડર જોન મેનોનીએ જણાવ્યું હતું કે અન્ય ૩૦૦થી ૫૦૦ નૌસૈનિકોને આગામી ૧૨થી ૨૪ કલાક માટે હટાવવામાં આવશે. આ પોત ઉપર ગુરુવારે ૧૧૪ નૌસૈનિકો સંક્રમિત મળ્યા હતા. અમેરિકામાં કુલ ૬૦૭૫ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમાવ્યો છે. ૧૫ ફેબ્રુઆરીથી લઈ અત્યાર સુધીના ૪૯ દિવસોની એવરેજ કાઢીએ તો દરરોજ ૧૨૪ લોકોએ કોરોના મહામારીમાં જીવ ગુમાવ્યો છે.



ચીન આજે શોખ દિવસ મનાવશે

આ બધાની વચ્ચે ચીન સરકારે કોરોના વાઈરસના કારણે મરનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૪ એપ્રિલે શોક દિવસ મનાવવાનની જાહેરાત કરી છે. આ દરમિયાન દેશ અને બીજા દેશમાં રહેલા ચીની દૂતાવાસમાં રાષ્ટ્રીય ધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. સમગ્ર દેશમાં સવારે ૧૦ વાગ્યે ત્રણ મિનિટનું મૌન પાળીનો શોક વ્યક્ત કરાશે.

અમેરિકાના ન્યૂયોર્ક સિટીમાં ૫૦ હજાર કેસ

અહીં સૌથી વધારે સંક્રમણ ૯૩ હજાર કેસ ન્યૂયોર્કમાં નોંધાયા છે. તેમાથી ન્યૂયોર્ક સિટીમાં ૫૦ હજાર કેસ નોંધાયા છે. અહીં ૧૫૬૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. ગુરુવારે અહીં ચાર હજાર નવા કેસ નોંધાયા છે અને ૧૮૮ લોકોએ જીવ ગુમાવ્યો છે.

બ્રાઝીલમાં સતત ત્રીજા દિવસે એક હજારથી વધારે કેસ નોંધાયા

બ્રાઝીલમાં સતત ત્રીજા દિવસે એક હજારથી વધારે કેસ નોંધાયા છે. અહીં કોરોનાના કુલ કેસ ૮ હજારથી વધારે નોંધાયા છે. જ્યારે ૩૦૦ લોકોના મોત થયા છે.

ઈરાન સંસદના સ્પીકર કોરોનાથી સંક્રમિત

ઈરાન સંસદના સ્પીકર અલી લારીજાની પણ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમને ક્વોરન્ટિન કરાયા છે. ઈરાનમાં ગુરુવારે બે હજાર ૮૭૫ નવા કેસ નોંધાયા છે. અહીં કુલ સંક્રમિતોની સંખ્યા ૫૦ હજાર ૪૮૬ થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૧૨૪ લોકોના મોત થયા છે. દેશમાં મરનાર લોકોની સંખ્યા ૩૧૬૦ થઈ છે.

ઈટાલી,સ્પેનમાં હાહાકર

ઈટાલી અને સ્પેનની વાત કરીએ તો ઈટાલીમાં એક લાખ ૧૪ હજાર ૨૪૨ કેસ નોંધાયા છે અને ૧૩ હજાર ૯૧૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. સ્પેનમાં એક લાખ ૧૨ હજાર ૬૫ કેસ નોંધાયા છે અને ૧૦ હજાર ૩૪૮ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મોદીની વાતો માત્ર 'ફીલ ગુડ મોમેન્ટ' : શશી થરૂર

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસ સંક્રમણ સામેની લડાઈમાં દેશની સામૂહિક શક્તિના મહત્ત્વને બતાવવા માટે રવિવારે પાંચ એપ્રિલે રાત્રે નવ વાગ્યે દેશવાસીઓને તેમનાં ઘરોની બાલ્કનીમાં ઊભા રહીને નવ મિનિટ સુધી મીણબત્તી, દીવો, ટોર્ચ અથવા મોબાઈલની ફ્લેશલાઈટ ચાલુ કરવા અપીલ કરી છે. જે પછી કોંગ્રેસ તરફથી પહેલી પ્રતિક્રિયા શશી થરૂરે આપી છે. તેમણે કહ્યું હતું કે વડા પ્રધાને પોતાના સંબોધનમાં લોકોકનાં દર્દ, તેમનો બોધપાઠ અને તેમની નાણાકીય ચિંતાઓ વિશે કંઈ કહ્યું નથી. બસ વડા પ્રધાન મોદીની ફીલ ગુડ મોમેન્ટ હતી.

તેમણે વડા પ્રધાનના સંબોધન પછી ટ્વીટ કરતાં કહ્યું છે કે હમણાં પ્રધાન શોમેનની વાતો સાંભળી. લોકોનાં દર્દ, તેમના અનુભવ, તેમની નાણાકીય ચિંતાઓ દૂર કરવા માટે તેમણે કંઈ નહીં કહ્યું. ભવિષ્યને લઈને કોઈ દ્રષ્ટિ નહીં અથવા એ મુદ્દે કોઈ વાત નહીં. જે વિશે લોકડાઉન પછીના માહોલમાં વાત કરવાનો ઈરાદો હોય. બસ ભારતના ફોટો-ઓપ પ્રધાનમંત્રી દ્વારા તૈયાર કરવામાં આવલી ફીલ ગુડ મુવમેન્ટ હતી.

અમેરિકાના વૈજ્ઞાનિકોએ કોરોનાની રસી તૈયાર કરી હોવાનો દાવો

વોશિંગ્ટન

કોરોના વાયરસની વેક્સીનને લઈ આખી દુનિયામાં રિસર્ચ ચાલી રહ્યું છે. અલગ-અલગ દેશ દાવો કરી રહ્યું છે કે તેમના ત્યાં વેક્સીન બની રહી છે. પરંતુ આ બધાની વચ્ચે અમેરિકન વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે તેમની વેકસીને એ સ્તરની તાકાત પ્રાપ્ત કરી લીધી છે કે તેનાથી કોરોના વાયરસના સંક્રમણને મજબૂતીથી રોકી શકાય.

યુનિવર્સિટી ઓફ પિટ્સબર્ગ સ્કૂલ ઓફ મેડિસિનના વૈજ્ઞાનિકોએ કહ્યું કે તેમણે બાકીના દેશોની સરખામણીમા ખૂબ જ ઝડપથી કોવિડ-૧૯ કોરોના વાયરસની વેક્સીન વિકસિત કરી લીધી છે. આ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ જે વેક્સીન એટલે કે રસી બનાવી છે તેના માટે લોકોએ સાર્સ અને મર્સને કોરાના વાયરસનો આધાર બનાવ્યો હતો.

પિટ્સબર્ગ સ્કૂલ ઓફ મેડિસિનના એસોસીએટ પ્રોફેસર આંદ્રિયા ગમબોટ્ટો એ કહ્યું કે આ બંને સાર્સ અને મર્સના વાયરસ નવાવાળા કોરોના વાયરસ એટલે કે કોવિડ-૧૯ સામે કેટલીક હદ સુધી મળે છે. તેનાથી અમને એ શીખવાનું મળ્યું કે આ ત્રણેયને સ્પાઇક પ્રોટીન (વાયરસના બહારનું પરત)ને તોડવો ખૂબ જ જરૂરી છે જેથી કરીને વ્યક્તિઓને આ વાયરસથી મુક્તિ મળી શકે.

પ્રોફેસર આંદ્રિય ગમબોટ્ટોએ કહ્યું કે અમે એ ભાળ મેળવી લીધી છે કે વાયરસને કેવી રીતે મારવાનો છે. તેને કેવી રીતે હરાવાનો છે. અમે અમારી વૈક્સીનને ઉંદર પર અજમાવીને જોઇ અને તેનું પરિણામ ખૂબ જ પોઝિટીવ હતું. આ વૈક્સીનનું નામ અમે પિટગોવેક રાખ્યું છે. આ વેક્સીનની અસરના લીધે ઉંદરના શરીરમાં એવી એન્ટીબોડીઝ પેદા થઇ ગઇ છે જે કોરોના વાયરસને રોકવામાં કારગર છે. કોવિડ-૧૯ કોરોના વાયરસને રોકવા માટે જેટલા એન્ટીબોડીઝની જરૂર શરીરમાં જોઇએ એટલી પિટગોવેક વૈક્સીન પૂરી કરી રહ્યું છે. અમે ટૂંક સમયમાં જ તેનું પરીક્ષણ માણસો પર શરૂ કરીશું.

કોરોના વિરુદ્ધની લડાઈમાં મોદી સાથે જોડાયા સચિન-ગાંગુલી સહિતના ૪૦ ખેલાડી



ન્યુ દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે સ્પોર્ટ્સપર્સન સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા દેશમાં કોરોના વાઈરસના કારણે સર્જાયેલી સ્થિતિ પર ચર્ચા કરી હતી. તેમાં બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલી, સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને એમએસ ધોની સહિત ૪૦ ખેલાડીઓ સામેલ થયા હતા. આ દરમિયાન મોદીએ બધા ખેલાડીઓને કોરોના સામેની લડાઈમાં પોતાના ફેન્સ સામે આવીને સાવધાની રાખવાની અપીલ કરવા કહ્યું હતું. આ પહેલા પણ મોદીએ રમત જગતના દિગ્ગજોને કોરોના સામેની જંગ માટે દાન કરવા અપીલ કરી હતી.

સતત બીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ નેગેટિવ

વોશિંગ્ટન

ચીનથી આખી દુનિયામાં તબાહી માચાવનાર કોરોના વાયરસે અમેરિકાને બરાબરનું ઝપટમાં લઈ લીધું છે. આ મહામારીના લીધે અમેરિકામાં ૨ લાખથી વધુ લોકો બીમાર છે અને ૫૦૦૦થી વધુ પોતાના જીવ ગુમાવી ચૂકયા છે. આ બધાની વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ થયો. જેમાં તેઓ બીજી વખત નેગેટિવ આવ્યા છે.

વ્હાઈટ હાઉસની તરફથી રજૂ કરવમાં આવલા નિવેદનમાં કહ્યું કે એક વખત ફરીથી રાષ્ટ્રપતિનો કોરોના વાયરસ ટેસ્ટ થયો હતો. તે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમાં કોરોનાના કોઈ લક્ષણ નથી.

આપને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પન થોડાંક દિવસ પહેલાં એક એવા વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા જે બાદમાં કોરોના વાયરસ પોઝિટીવ આવ્યો હતો. ત્યારબાદ અમેરિકામાં તેમના ટેસ્ટને લઈ પ્રશ્નો થયા હતા તો ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને તેની જરૂર નથી કારણ કે તેઓ સંપૂર્ણપણે ફિટ છે.

જો કે ત્યારબાદ વ્હાઈટ હાઉસમાં તેમનો ટેસ્ટ કરાવ્યો અને બંને વખત તેઓ નેગિટિવ આવ્યો છે જે અમેરિકા માટે રાહતની વાત છે.

સીએનએનના મતે અમેરિકન ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો કે આ વખતે જે ટેસ્ટ થયો તેનું રિઝલ્ટ ૧૫ મિનિટમાં આવી ગયું. અમે આવી તકનીકી બનાવી છે જે તરત જ પરિણામ આપી રહ્યા છે.

બોલિવૂડના શહેનશાહે કોરોના શબ્દનો કંઈક અલગ જ અર્થ શોધ્યો

અમિતાભ બચ્ચને અનોખા અંદાજમાં દેશવાસીઓને ઘરમાં રહેવા સલાહ આપી

મુંબઈ

બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન અત્યારે સેલ્ફ આઈસોલેશનમાં છે. એવામાં તેઓ સોશિયલ મીડિયા પર અવાર-નવાર પોતાના ફેન્સને સલાહ-સૂચન આપતા રહે છે. તેમણે તાજેતરમાં જ એક પોસ્ટ શેર કરી છે જેમાં તેમણે કોરોના શબ્દનો એક અલગ અર્થ શોધ્યો છે. તેમજ પોતાની પોસ્ટ દ્વારા તેઓએ દેશવાસીઓને ઘરમાં જ રહેવા માટે પણ અપીલ કરી છે.



અમિતાભ બચ્ચને ટ્વીટર પર લખ્યું કે, 'ખબરદાર!!! ઘરમેં રહો, બહાર ન નિકલો ! ઈસ કમ્બખ્ત 'કોરોના', કો ઉલટા મત પઢને દીજિએ !! નહીં નહીં.... આપ મેરી બાત નહીં સમજ રહે હૈ. કોરોનાને ઉલટા પઢિએ... હો જાએગા... 'નારોકો"....!!!

આ અગાઉ પણ બિગી બીએ અનેક વખતવીડિયો અને પોસ્ટ શેર કરીને દેશની જનતાને ઘરમાં જ રહેવા માટે અપીલ કરી છે. નોંધનીય છે કે અમિતાભ બચ્ચન ટૂંક સમયમાં જ અયાન મુખરજીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં જોવા મળશે. જેમાં રણબિર કપૂર અને આલિયા ભટ્ટ લીડ રોલમાં છે. આ ઉપરાંત તેઓ આયુષ્યમાન ખુરાનાની સાથે 'ગુલાબો સિતાબો' ફિલ્મમાં પણ જોવા મળશે.

કોરોનાથી થયેલા મોતના સાચા આંકડા છુપાવી રહ્યું છે ચીન : નિક્કી હેલી

વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બાદ ભારતીય મૂળના અમેરિકાના નેતા નિક્કી હેલીએ ગુરુવારે કોરોનાવાઈરસ સાથે જોડાયેલા ચીનના આંકડા બાબતે શંકા વ્યક્ત કરી છે. હેલીના જણાવ્યા મુજબ, ચીનનો આંકડો સચોટ નથી. આ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે કોરોના પરના ચીનના આંકડા પર વિશ્વાસ આવતો નથી. અમેરિકાની જાસૂસી એજન્સી સીઆઈએ પણ વ્હાઈટ હાઉસને બીજિંગના આંકડા પર વિશ્વાસ ન કરવાની સલાહ આપી છે. હેલીના જણાવ્યા મુજબ, એક અબજ ૫૦ કરોડની વસ્તીવાળા ચીનમાં કોરોનાવાઈરસના અત્યાર સુધીમાં ૮૨ હજારથી વધુ મામલાઓ પ્રકાશમાં આવ્યા છે.

કોરોનાના કારણે હરિયાણામાં ચ્વિંગમ ચાવવા પર ત્રણ મહિનાનો પ્રતિબંધ

ચંડીગઢ

દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ સતત વધી રહ્યો છે. એવામાં હરિયાણાના મનોહર લાલ ખટ્ટરની સરકારે રાજ્યમાં ચ્વિંગમ ચાવવા પર અને તેના વેચાણ પર ત્રણ મહિનાનો પ્રતિબંધ લગાવી દીધો છે. હરિયાણામાં ચ્વિંગમ પર આ પ્રતિબંધ ૩૦ જૂન સુધી લાગુ રહેશે. ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના કમિશનર અશોક કુમાર મીણાએ પોતે જ આ આદેશ જાહેર કર્યો છે. નોંધનીય છે કે હરિયાણામાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૩૩ સુધી પહોંચી ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે આ અંગેની જાણકારી આપી છે.

આ અગાઉ આજે જ હરિયાણાના અંબાલા જિલ્લાના ૬૭ વર્ષીય વ્યક્તિએ હોસ્પિટલમાં જ પોતોના અંતિમ શ્વાસ લીધા હતા. હરિયાણામાં કોરોના વાયરસથી મૃત્યુ થવાનો આ પહેલો કેસ હતો. કોરોના વાયરસથી સંક્રમિત અંબાલાના એક વ્યક્તિએ પોસ્ટગ્રેજ્યુએટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ચંડીગઢમાં અંતિમ શ્વાસ ભર્યા હતા. મુખ્ય ચિકિત્સા અધિકારી ડોક્ટર કુલદીપ સિંહે આ અંગેની જાણકારી આપી હતી.

અજય દેવગણ લોકડાઉનમાં પણ વ્યસ્તઃ આગામી ફિલ્મો પર કામ કરી રહ્યો છે

મુંબઈ

લોકડાઉનમાં દરેક લોકો પોતપોતાના ઘરમાં સમય વિતાવી રહ્યો છે ત્યારે બોલીવૂડના કલાકારો પણ પોતાની આવનારી ફિલ્મો પર કામ કરી રહ્યા છે. હાલમાં નિર્દેશક નીરજ પાંડેએ કહ્યું હતું કે તેઓ પોતાની આગામી 'ચાણક્ય' પર કામ શરૂ કરી દીધુ છે.


સંપૂર્ણ ટીમ મેઈલ અને કોલ દ્વારા કામ કરી રહી છે અને હાલમાં ફક્ત એટલું જ કહીશ કે અમે સ્ક્રીપ્ટ લોક કરી લીધી છે, એમ તેણે કહ્યું હતું. રાજકારણ અને સમાજિક



મુદ્દાઓ પર આધારિત આ ફિલ્મમાં અભિનેતા અજય દેવગણ દેખા દેશે. બે પાર્ટમાં આ ફિલ્મ રજૂ થશે. બીજી ફિલ્મ છે 'ભુજ-ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' જેમાં અજય દેવગણ મુખ્ય ભૂમિકા ભજવશે. તેની સાથે હશે સંજય દત્ત, સોનાક્ષી સિંહા, શરદ કેળકર. ફિલ્મના ડિરેક્ટર અભિષેક દુધૈયા છે. સૈયદ અબ્દુલ રહીમ પર આધારિત ફિલ્મ 'મેદાન'માં અજય સાથે હશે પ્રિયમણી. ૧૧મી ડિસેમ્બર, ૨૦૨૦માં રિલીઝ થનારી આ ફિલ્મના ડિરેક્ટર છે અમિત શર્મા.

બાહુબલીના ડિરેક્ટર એસએસ રાજમૌલીની આગામી ફિલ્મ 'આરઆરઆર'માં રામચરણ અને જુનિયર એનટીઆર સાથે અજય દેવગણ અને આલિયા ભટ્ટ હશે. આ સિવાય 'કેથી', 'થેંક ગોડ', 'સિંઘમ-૩' માટે પણ અજય હાલમાં કામ કરી રહ્યો છે.

જાવેદ અખ્તરે મસ્જિદો બંધ કરાવવાની વાતને સમર્થન આપ્યુ



મુંબઈ

લૉકડાઉન દરમિયાન દિલ્હીના નિઝામુદ્દીનમાં તબલીગી જમાત દ્વારા આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ લોકો સામેલ થયા હતા. આ લોકોમાં હવે મોટાભાગના કોરોના સંક્રમિત થયા છે. હવે આ મામલે જાવેદ અખ્તરે ટ્વીટ કરીને દેશમાં હાલ લૉકડાઉનની સ્થિતિ છે ત્યાં સુધી મસ્જિદો બંધ કરાવવાની અપીલ કરી છે.

આ મામલે અલ્પસંખ્યક આયોગના પૂર્વ અધ્યક્ષ તાહિર મહમૂદે દારુલ ઉલૂમ દેવબંદને કહ્યું હતું કે, જ્યાં સુધી દેશમા કોરોના વાયરસ છે ત્યાં સુધી બધી મસ્જિદોને બંધ કરવા માટે ફતવો જાહેર કરે. હવે આ મામલે દિગ્ગજ નેતા અને લેખત જાવેદ અખ્તરે પણ મસ્જિદ બંધ કરાવવાની વાતને સમર્થન આપ્યુ છે. જાવેદ અખ્તરે આ મામલે સોશ્યલ મીડિયા પર એક પછી એક ટ્વીટ કરીને રિએક્શન આપ્યા છે. ટ્વીટમાં લખ્યું કે -હા હુ ફતવાની આ માંગનુ સમર્થન કરુ છુ, એટલા માટે નહીં કે મને તેમના માર્ગદર્શનની જરૂર છે, પણ હું જાણવા માગુ છુ કે આ મુદ્દા પર તેમની સ્પષ્ટતા શું છે, ના વધારે ના ઓછી.



તંત્રી લેખ

હાલ જરૂરી ચીજો બને

દેસમાં કોરોના વાયરસના કારણે કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સંખ્યા ઝડપથી વધી રહી છે જે ચિંતા ઉપજાવે છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી જટિલ બની રહી છે. દરરોજ જે રીતે કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે ચિંતાજનક છે. સવાલ એ થઈ રહ્યો છે કે સંકટમાંથી બહાર નિકળવા માટે અમારા હજુ સુધીના ઉપાય કેટલાક સફળ રહ્યા છે કે પછી તેની આશામાં અમે કેટલાક પગલા લઈ રહ્યા છીએ. આ તમામ લોકો કબુલ કરે છે કે દેશભરમાં તમામ વ્યવસ્થા શક્ય તેટલી વહેલી તકે કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં ક્વોરેન્ટાઈન સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. થોડીક પણ શંકા હોવાની સ્થિતીમાં વ્યક્તિને આઈસોલેશનમાં મોકલી દેવામાં આવે છે. કેટલાક લોકો તો સ્વસ્થ થઈને ઘરે પણ ગયા છે. પરંતુ ચિત્રની બીજી બાજુ એ છે કે અમારી પાસે મહામારીની સામે લડવા માટે પુરતા સાધનો નથી. ડોક્ટરો, નર્સ અને અન્ય મેડિકલ સ્ટાફના લોકો દિન રાત જોયા વગર કામ કરી રહ્યા છે. તેમને સુરક્ષા સાધનોની કમીનો સામનો કરવો પડી રહ્યો છે. આના કારણે માત્ર બિમારીથી લડવાને લઈને તકલીફ આવી રહી નથી બલ્કે આરોગ્ય કર્મચારીઓની સામે જાનનો ખતરો પણ તોળાઈ રહ્યો છે.જેમ કે હજુ મોટી સંખ્યામાં એન-૯૫ માસ્કની જરૂર દેખાઈ રહી છે. પરંતુ હાલમા તો સામાન્ય માસ્ક પણ પુરતી સંખ્યામાં મળી રહ્યા નથી. કેટલીક જગ્યાએ તો તબીબોને તેમના ગાઉન કેટલાક દિવસ સુધી સતત પહેરવાની ફરજ પડી રહી છે. જે વધારે ખતરનાક છે. હાસ્યાસ્પદ બાબત તો એ છે કે કેટલીક હોસ્પિટલોમાં તો તેમને રેનકોટ અને હેલ્મેટ પહેરીને કોરોના દર્દીની સારવાર કરવા માટે કહેવામાં આવ્યુ છે. નર્સોને પણ ગ્લવ્સ અને સેનેટાઈઝરની જરૂર પડી રહી છે. મુંબઈની એક હોસ્પિટલમાં સુરક્ષા સાધનોના નામ પર એચાઈવી સુરક્ષા સાધનો આપી દેવામાં આવ્ય છે. સરકારે કહ્યુ છે કે વિદેશમાંથી મોટા પાયે ચીજવસ્તુઓ માટે ઓર્ડર આપેલા છે. જો કે આ ચીજવસ્તુઓ ક્યારેય પહોંચી જશે તે અંગે હાલમાં વાત કરવી યોગ્ય નથી. એમ કહેવામાં આવી રહ્યુ છે કે તેમાં એક મહિનાનો સમય પણ લાગી શકે છે. જરૂર હાલમાં એ બાબતની રહેલી છે કે અમેરિકાની જેમ દેશની કેટલીક મોટી કંપનીઓને હાલમાં તેમની ખાસિયતને ધ્યાનમાં લઈને ઓછામાં ઓછા સમયમાં વેન્ટીલેટર જેવા જીવનરક્ષખ સાધનો, સુરક્ષા સામગ્રી અને તપાસ કિટ બનાવવા માટેના કામ સોંપી દેવાની જરૂર છે. આના માટે સ્ટાફને પુરતા પ્રમાણમાં સુરક્ષા આપવામાં આવે તે જરૂરી છે. યુદ્ધકાળમાં આવી સ્થિતી સર્જાઈ જાય છે. આજે યુદ્ધકાળ કરતી ઓછી સ્થિતી નથી. આની સાથે સાથે અમને આ બાબતને યાદ રાખવાની જરૂર છે કે કોરાનાના કારણે અન્ય દર્દીઓની ઉપેક્ષા પણ કરવામાં ન આવે. દેશની કેટલીક હોસ્પિટલમાં તો બહારથી જ અન્ય દર્દીઓને પરત મોકલી દેવામાં આવી રહ્યા છે. જે યોગ્ય બાબત નથી. મોટા ભાગની જગ્યાએ બાળકો માટે રસીકરણની પ્રક્રિયા રોકાઈ ગઈ છે. આ બાબત યોગ્ય નથી. જો આવુ થશે તો દેશની સામે વધુ એક નવુ સંકટ આવી જશે. લોકડાઉનના એક સપ્તાહ બાદ જ દેશ સામે નવી સમસ્યા પણ ઉભી થવા લાગી છે.

કોરોનાની સ્થિતી વચ્ચે રોજ રોજ નવા સકંટ આવી રહ્યા છે : આરોગ્ય સેવા પર દબાણ

પાંચમી એપ્રિલનુ ખાસ મહત્વ ભારત માટે રહેલુ છે કારણ કે....

પાંચમી એપ્રિલની પસંદગી કેમ થઇ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસના કારણે ફેલાયેલા અંધકારને પછડાટ આપવા માટે દેશવાસીઓને એક નવી અપીલ કરી છે. મોદીએ દેશના તમામ ૧૩૦ કરોડ લોકોને અપીલ કરતા કહ્યુ છે કે ઘરની તમામ લાઈટો બંધ કરીને, ઘરના દરવાજા પર અથવા તો બાલકનીમાં એક દિપક, મીણબત્તિ અથવા તો ટોર્ચ જલાાવવામાં આવે. આ ચીજો ન હોય તો મોબાઈલ ફોનની ફ્લેશલાઈટ જલાવવા માટે કહ્યુ છે. નવ મિનિટ માટે પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગે આવુ કરવા માટે મોદીએ તમામને કહ્યુ છે. આવુ પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગ્યે કરવા માટે મોદીએ કહ્યુ છે. મોદીએ આ તારીખની પસંદગી કેમ કરી અને આની પાછળનો હેતુ શુ છે તે સંબંધમાં હજુ માહિતી મળી રહી નથી. કેટલાક નિષ્ણાંતોએ આ સંબંધમાં તેમની પ્રતિક્રિયા આપી છે. તેમના કહેવા મુજબ પાંચમી એપ્રિલનુ ખાસ મહત્વ રહેલુ છે. આ તારીખ કેટલીક ઐતિહાસિક તારીખ માટે સાક્ષી તરીકે છે. ગાંધીજીની દાંડી યાત્રા ભારતી સ્વતંત્રતા આંદોલનની એક મહત્વપૂર્ણ ઘટના છે. ગાંધીએ દમનકારી મીઠુ કાનુન અથવા તો નમક કાનુનને તોડવા માટે દાંડી યાત્રા કરી હતી. એ ઐતિહાસિક દિવસ પાંચમી એપ્રિલનો જ હતો. જ્યારે ગાંધીજી દાંડી પહોંચ્યા હતા. દાંડી માર્ચ અથવા તો નમક સત્યાગ્રહ મહાત્મા ગાંધીના નેતૃત્વમાં એક અહિંસક આંદોલન રહ્યુ હતુ. જેને લોકો તરફથી જોરદાર સમર્થન મળ્યુ હતુ. દાંડી યાત્રાનુ એક ખાસ મહત્વ રહેલુ હતુ. તે આંદોલન રાજનીતિમાં એક અહિંસક આંદોલનના પ્રયોગ તરીકે હતુ. આ પ્રકારનુ આંદોલન દુનિયામાં રાજકીય વિરોધના ઈતિહાસમાં પ્રથમ પ્રકારનુ આંદોલન હતુ. આવી જ રીતે બાબુ જગજીવનરામનો જન્મ પાંચમી એપ્રિલ ૧૯૦૮ના દિવસે થયો હતો. તેમના નામ પર ૫૦ વર્ષ સુધી સાંસદ તરીકે રહેવાનો રેકોર્ડ છે.



ગાંધીજીની દાંડી યાત્રા ભારતીય સ્વતંત્રતા આંદોલનની મહત્વપૂર્ણ ઘટના રહેલી છે : બાબુ જગજીવન રામનુ પણ જન્મદિવસ આવે છે

૧૯૩૬થી ૧૯૮૬ સુધી તેઓ સાંસદ તરીકે રહ્યા હતા. આ ગાળા દરમિયાન તેઓ બરોબરી અને વંચિતો માટે લડતા રહ્યા હતા. તેઓ દેશના પ્રથમ દલિત નાયબ વડાપ્રધાન તરીકે હતા. બાબુ જગજીવનરામ એવા ઓછા લોકોમાં સામેલ હતા જે સામાજિક ન્યાય માટેની લડાઈ લડતા રહ્યા છે. વર્ષ ૧૯૩૫માં ઓલ ઈન્ડિયન ડિપ્રેસ્ડ ક્લાસેઝ લીગની સ્થાપનામાં તેમની નિર્ણાયક ભૂમિકા રહી હતી. આ સંગઠને મોડેથી દલિતોને સમાન અધિકાર આપવા અને તેમના કલ્યાણ માટે કામ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. પાંચમી એપ્રિલ ભારતીય નૌકાસેનાના ઈતિહાસમાં પણ ખાસ મહત્વ રાખે છે. પાંચમી એપ્રિલના દિવસને ભારતમાં નેશનલ મેરીટાઈમ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ૧૯૧૯માં આધુનિક ભારતીય મર્ચન્ટ શિપિંગની શરૂઆત કરવામાં આવી હતી. સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના ૫૯૪૦ ટનના જહાજે પોતાની પ્રથમ યાત્રા શરૂ કરી હતી. તે જહાજ ઈંગ્લેન્ડની યાત્રાની સાથે શરૂઆત કરી હતી. ભારતીય જહાજોના ઈતિહાસમાં પણ તે મહત્વપૂર્ણ ઘટના છે. કારણ કે એક સમય પર દરિયાઈ માર્ગો પર અંગ્રેજો પ્રભુત્વ ધરાવતા હતા. આ જ તારીખના દિવસે ૧૯૭૯માં દેશમાં પ્રથમ નૌસેના સંગ્રહાલયની શરૂઆત મુંબઈમાં કરવામાં આવી હતી. એ વખતે મુંબઈને બંબઈ નામથી ઓળખવામાં આવતુ હતુ. હવે કોરોના સામે દેશ તેની નિર્ણાયક લડાઈમાં છે ત્યારે વડાપ્રધાન મોદીએ પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગે નવ મિનિટ માટે લાઈટ બંધ કરવા માટે દેશના તમામ લોકોને અપીલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શુક્રવારે સવારે રાષ્ટ્રના નામ પોતાના વિડિયો સંદેશમાં દેશવાસીઓને પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગે ઘરની તમામ લાઈટો બંધ કરીને નવ મિનિટ સુધી દિવડા, મીણબત્તી, ટોર્ચ અથવા તો મોબાઈલની ફ્લેશલાઈટ પ્રગટાવવા માટે અપીલ કરી છે. વડાપ્રધાને કહ્યુ છે કે રવિવારના દિવસે કોરોનાના સંકટને પડાકાર ફેંકવાનો સમય છે. તેને પ્રકાશની તાકાતનો પરિચય કરાવવાનો સમય છે. આ પાંચમી એપ્રિલના દિવસે દેશવાસીઓની મહાશક્તિના જાગરણ જરૂરી બની ગયા છે. મોદીએ કહ્યુ હતુ કે પાંચમી એપ્રિલના દિવસે રાત્રે નવ વાગે તેઓ તમામ લોકોના નવ મિનિટ ઈચ્છે છે. આનાથી શુ થશે તેને લઈને સામાન્ય લોકોમાં ચર્ચા છે. કારણ કે લાઈટ બંધ કરવા અને કોરોના સામે જંગ લડવાની બાબતને લઈને લોકો તમામ બાબતને સમજી રહ્યા નથી. મોદી તમામ દેશાવાસીઓ આ નવ મિનિટ સુધી લાઈટ બંધ કરીને ટોર્ચ અને મોબાઈલ તેમજ દિવા જલાવવા માટે કહી ચુક્યા છે.

ગુગલે ડુડલ બનાવીને વાયરસથી બચવા માટે જરૂરી ટિપ્સ આપી...


કોરોના સામે જંગ લડવા ગુગલ તૈયાર

ગુગલ પણ કેટલાક ખાસ પ્રસંગે ડુડલ બનાવે છે. જો કે આ વખતે ગુગલે લોકોમાં જાગૃતિ જગાવવા માટે ખાસ રીતે ગુગલ ડુડલ બનાવીને તમામના દિલ જીતી લીધા છે. ગુગલના આ ડુડલમાં કોરોના વાયરસની સામે બચવા માટેની જરૂરી ટિપ્સ આપવામાં આવી છે. ગુગલે ડુડલ મારફતે લોકોને ઘરમાં રહેવા અને સોશિયલ ડિસ્ટેન્સિંગ માટેની અપીલ કરી છે. જ્યારે તમે ગુગલ ડુડલ પર ક્લીક કરશો ત્યારે આપને ઘરમાં રહો અને સેફ રહોના મેસેજ જોવા મળી શકે છે. ઘરમાં રહીને જીવન બચાવોના મેસેજ જોવા મળશે. અહીં જ કોરોના વાયરસથી બચવા માટે પાંચ જરૂરી ટિપ્સ પણ આપવામાં આવ્યા છે. કોરોના વાયરસથી બચવા માટે જે ટિપ્સ આપવામાં આવ્યા છે તેમાં ઘરમાં રહેવા, એક બીજાથી અંતર રાખવા માટેનુ સુચન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વારંવાર હાથ ધોતા રહેવા માટે પણ કહેવામાં આવ્યુ છે. ખાંસી ખાતી વેળા મોને કવર કરી લેવા માટે કહેવામાં આવ્યુ છે. આની સાથે જ પેજની નીચે શુ કરવુ જોઈએ અને શુ ન કરવુ જોઈઅ તે સંબંધમાં પણ માહિતી આપી છે. દે હાલના સમયમાં તમામ લોકો માટે ઉપયોગી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે તમે કઈ રીતે અન્યોને વાયરસથી બચાવી શકો છે તેની માહિતી આપવામાં આવી છે. ડુડલે કહ્યુ છે કે સાબુ અથવા તો પાણી અથવા તો આલ્કોહલ બેસ્ડ હેન્ડ સેનીટાઈજરથી હાથ ધોવા માટે કહેવામાં આવ્યુ છે. ૨૦ સેકન્ડ માટે પોતાના હાથને નિયમિત રીતે ધોવામાં આવે તેવી ટિપ્સ આપી છે. ખાંસી ખાતી વેળા અથવા તો છીંક ખાતી વેળા પોતાના નાક અને મોને ડિસ્પોજેબલ ટિશ્યુથી ઢાંકી દેવામાં આવે તો ફાયદો રહે છે. અસ્વસ્થ લોકોથી એક મીટર અથવા તો આશરે ત્રણ ફુટ દુર રહેવામાં આવે તો ફાયદો થાય છે. જો તમને તબિયત સારી લાગતી નથી તો ઘરમાં આરામ કરવામાં આવે તે સમયની માંગ છે. જો તમારા હાથ કોઇ કારણસર સાફ નથી તો પોતાની આંખ, નાક અને મોને હાલમાં સ્પર્શ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. અત્રે નોંધનીય છે કે કોરોના વાયરસ જીવલેણ છે. દુનિયાના ૨૦૩ દેશ તેના સકંજામાં આવી ચુક્યા છે. અમેરિકા જેવા સુપરપાવર દેશ અને ઈટાલી, સ્પેન અને ફ્રાન્સ જેવા આધુનિક દેશો પણ તેની સામે હાલમાં નિસહાય સાબિત થઈ રહ્યા છે. દરરોજ હજારો કેસો આ દેશમાં નોંધાઈ રહ્યા છે. આ તમામ દેશોએ તમામ મેડિકલ તાકાત લગાવી દીધી હોવા છતાં સ્થિતી કાબુમાં આવી રહી નથી.દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે જે દેશો સૌથી વધારે પ્રભાવિત છે તેમાં ઈટાલી, અમેરિકા, સ્પેન, જર્મની, ઈરાન, ફ્રાન્સ, સ્વીસનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ સહિતના દેશો પણ મુશ્કેલીમાં છે. સ્થિતીને સામાન્ય બનાવવા માટે તમામ યુરોપિયન દેશો અને એશિયન દેશો બનતા તમામ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. ઈટાલી,સ્પેન, ફ્રાન્સ. અમેરિકા સહિતના દેશો વધારે પરેશાન થયેલા છે. કેસોની સંખ્યા રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી રહી છે. ગુગલ દ્વારા છેડવામાં આવેલી લડાઈની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. લોકો ગુગલ ડુડલ જોઈને જરૂરી માહિતી મેળવી રહ્યા છે. ગુગલ ડુડલ પર લોકો વારંવાર જાય છે. જેથી તેની તરત જ નોંધ લેવાશે. બીજી બાજુ કોરોના વાયરસની સામે લડવાના ભારતના અભિગમ અંગે વાત કરતા વિશ્વ આરોગ્ય સંગઠન ના દુત ડોક્ટર ડેવિડ દ્વારા કહેવામાં આવ્યુ છે કે લોકડાઉન ભારતમાં ખુબ વહેલી તકે છે. જ્યારે પ્રમાણમાં ઓછા કેસ હતા ત્યારે જ લોકડાઉની જાહેરાત કરવામાં આવી હતી. આને ખુબ દુરગામી નિર્ણય તરીકે ગણી શકાય છે. ભારતના નિર્ણયની પ્રશંસા થઈ રહી છે. ભારતની પહેલની હાલમાં દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. અમેરિકા, ઈટાલી, ઈરાન, ચીન સ્પેન જેવા દેશોએ શરૂઆતમાં આની ગંભીર નોંધ લીધી ન હતી જેના કારણે આજે આ દેશોમાં સ્થિતી બેકાબુ બની છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ભારતની ખાસ લડાઈ પર નજર રાખવામાં આવી રહી છે.

લોકડાઉન વચ્ચે હાલ જારી વર્ક ફોમ હોમ કલ્ચર આગળ પણ રહેશે

કોરોના : બિઝનેસમાં નવો ટ્રેન્ડ આવશે

હાલમાં કોરોના વાયરસના કારણે માત્ર ભારત જ નહીં બલ્કે દુનિયાના તમામ દેશો ત્રાહીમામ પોકારી ગયા છે. આના કારણે દુનિયાના દેશોમાં મોતનો આંકડો ૫૩ હજારથી વધારે છે. કેસોની સંખ્યા તો લાખોમાં રહેલી છે. ભારતમાં પણ વધતા જતા કેસો વચ્ચે દેશભરમાં હાલ લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો છે. કોઈને ઓફિસ ન આવવા માટે સુચના આપવામાં આવી છે. મોટા ભાગની મોટી કંપનીઓ દ્વારા હાલમાં તેમના ઉપયોગી કર્મચારીઓને વર્ક ફોમ હોમ કહેવામાં આવ્યુ છે. આ પ્રવાહ ભારતમાં વધારે ચલણમાં નથી. જો કે હવે કોરોના વાયરસ બાદ જ્યારે સ્થિતી ફરી હળવી બનશે અને કારોબાર તમામ ધમધમતા થશે ત્યારે આ કલ્ચર જારી રહી શકે છે. કારણ કે કંપનીઓ આ કલ્ચરમાં કેટલાક બિનજરૂરી ખર્ચને બચાવી શકશે. સાથે સાથે વધારે કામ પણ લઈ શકશે. આ પ્રવાહ ભારતમાં હવે શરૂ થાય તેમ માનવામાં આવે છે. કેટલીક આઈટી કંપનીઓમાં આ પ્રવાહ પહેલાથી જ છે પરંતુ હવે સામાન્ય રીતે આ પ્રવાહ એટલે કે વર્ક ફોમ હોમ શરૂ થઈ શકે છે. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં ઓછી કુશળતા ધરાવતા કર્મચારીઓની નોકરી જવાનો ખતરો પણ રહેલો છે. તમામ લોકોને હવે કટોકટીના સમયમાં કુશળતા વધારી દેવી પડશે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઈ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઈ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઈ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બેકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મસીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેક્ચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આજના દોરમાં નવી ટેકનોલોજી જેમ કે ડ્રાઈવરલેસ કાર, શેયર્ડ મોબિલિટી જેવી ચીજો આવી રહી છે. ફેરફારના કારણે પારંપરિક મેન્યુફેક્ચરિંગના તરીકા હવે બદલાઈ રહ્યા છે. લોકો નવા નવા પ્રવાહ પર નજર રાખે છે. જેથી નવી જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આ ક્ષેત્રમાં ધ્યાન કરવાની જરૂર છે.મેન્યુફેક્ચરિંગમાં સફળતા હાંસલ કરવા માટે ઈન્ડસ્ટ્રીઝમાં થઈ રહેલા ફેરફારો પર ધ્યાન આપીને ગોલ્સ નક્કી કરવા પડશે. રિસર્ચ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ડિજિટલ નોલેજ હાંસલ કરવા સમય અને ઉર્જાન ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. કોરોનાના કારણે વૈશ્વિક મંદીના સંકેત છે ત્યારે મોટા ભાગની કંપનીઓ જ્યારે ફરી સક્રિય થશે ત્યારે ઓછા વર્કફોર્સ સાથે કામ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.



કોરોનાના કારણે ઉભી થયેલી સ્થિતી બાદ મંદીના સંકેત છે જેથી તમામ કર્મચારીઓને સ્પર્ધામાં રહેવા તેમની કુશળતા વધારવી જ પડશે



વધતી વયની વચ્ચે વિમ્બલ્ડનમાં ૨૦૨૧માં દેખાશે કે કેમ તેની ચર્ચા

વિમ્બલ્ડન ૨૬ : સેરેના હવે રમશે ?


ટેનિસ ઈતિહાસમાં ૨૩ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુકેલી સેરેના વિલિયમ્સ હવે નિવૃતિ લઈ લેશે તેમ તેના કરોડો ચાહકો માની રહ્યા છે

પહેલા ટિકિયો ઓલિમ્પિક અને હવે ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયશીપ કોરોના વાયરસના કહેરના કારણે આખરે રદ કરી દેવામાં આવી છે. ૭૫ વર્ષના ગાળા બાદ વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયશીપને કોઇ સંજોગોમાં રદ કરવામાં આવી છે. આની સાથે જ મહાન ખેલાડી સેરેના વિલિયમ્સ હવે ફરી વિમ્બલ્ડનમાં રમતી દેખાશે કે કેમ તેની ચર્ચા ચાહકોમાં છેડાઇ ગઇ છે. કેટલાક ટેનિસ પ્રેમીઓ તો માની રહ્યા છે કે સેરેના હવે નિવૃતિ લઇ લેશે. ઓલિમ્પિકમાં પણ તેને જોવાની ઇચ્છા ચાહકો રાખી રહ્યા હતા.જો કે તે પણ રદ કરવામાં આવી છે. આની સાથે જ હવે ચર્ચા છે કે સેરેના યુગનો અંત થનાર છે. વિતેલા વર્ષોમાં જુદા જુદા ગાળામાં મહિલા ટેનિસમાં કેટલીક સ્ટાર ખેલાડીઓનુ શાસન રહ્યુ છે. જેમાં માર્ટિના નવરાતિલોવા, ક્રિસ એવર્ટ લોઇડ, સ્ટેફી ગ્રાફ, મોનિકા સેલેસ અને માર્ટિના હિન્ગીસનો સમાવેશ થાય છે. સ્પેનની આરાક્ષા સાન્ચેજ વિકારિયો, જેના નવોત્ટના, ગેબ્રિયેલા સબાતિની જેવી સ્ટાર ખેલાડી મોટી સ્ટાર ખેલાડી સામે પડકાર ફેંકતી રહી છે. જો કે આ ખેલાડીઓનો એક ગાળો રહ્યો હતો.આ ગાળા દરમિયાન આ તમામ ટોપ ખેલાડીઓએ તમામ હરિફ ખેલાડીને સતત હાર આપી હતી અને એક પછી એક રેકોર્ડ સંખ્યામાં ગ્રાન્ડ સ્લેમ હાંસલ કરી હતી. હવે આ પ્રકારનો સમય ધીમે ધીમે પૂર્ણ થઇ રહ્યો છે. કેટલાક વર્ષોથી સેરેના વિલિયમન્સ પણ મહિલા ટેનિસ સર્કિટમાં એકચક્રી શાસન ધરાવતી હતી. જો કે હવે તેની રમત પર વધતી જતી વયની અસર થઇ રહી છે. તમામ ટેનિસ ચાહકો માની રહ્યા હતા કે સેરેના વિલિયમ્સ વિમ્બલ્ડનમાં રમીને ૨૪મી ગ્રાન્ડ સ્લેમ પોતાના નામ પર કરી લેશે. પરંતુ તેની આશા પર છેલ્લે પાણી ફરી વળ્યુ હતુ. સેરેના વિલિયમ્સ મહાન અમેરિકી પ્રોફેશનલ ટેનિસ ખેલાડી તરીકે રહી છે. વુમન્સ ટેનિસ એસોસિએશન દ્વારા વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૧૭ વચ્ચેના ગાળામાં આઠ જુદા જુદા સ્તર પર તે વિશ્વમાં પ્રથમ ક્રમાંકિત ખેલાડી તરીકે રહી છે. આઠમી જુલાઇ ૨૦૦૨ના દિવસે તે પ્રથમ વખત પ્રથમ ક્રમાંકિત ખેલાડી બની હતી. તે છઠ્ઠી વખત ૧૮૬ સતત સપ્તાહ સુધી નંબર વન ખેલાડી તરીકે રહી હતી. આની સાથે જ તે સ્ટેફી ગ્રાફ દ્વારા સૌથી વધુ સપ્તાહ સુધી પ્રથમ ક્રમાકિત મહિલા ખેલાડી તરીકે રહી હતી. વિલિયમ્સ સિગલ્સમાં સૌથી વધારે વખત ગ્રાન્ડસ્લેમ જીતવામાં સફળ રહી છે. સક્રિય ખેલાડીમાં સંયુક્ત રીતે સૌથી વધારે સફળતા મેળવી લેવાનો રેકોર્ડ પણ તેના નામ પર છે. તે ઓલ ટાઇમ લિસ્ટમાં સામેલ છે. તે ૨૩ ગ્રાન્ડ સ્લેમ જીતી ચુકી છે. ૧૪ મહિલા ડબલ્સના તાજ તેની નામ પર છે. બે મિક્સ્ડ ડબલ્સના તાજ તેના નામ પર છે. તે તમામ ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતવાના રેકોર્ડ પણ ધરાવે છે. વર્ષ ૨૦૦૨-૦૩ અને વર્ષ ૨૦૧૪-૧૫માં તે તમામ ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતી ગઇ હતી. રોડ લેવર અને સ્ટેફી ગ્રાફ બાદ તે આ સિદ્ધી હાંસલ કરનાર ત્રીજી ખેલાડી રહી છે. કોઇ એક કેલેન્ડર વર્ષમાં દરેક સરફેસ પર ગ્રાન્ડ સ્લેમ જીતનાર પણ તે એક ખેલાડી છે. પોતાની બહેન વિનસ સાથે મળીને તમામ ચારેય ગ્રાન્ડ સ્લેમ જીતવામાં પણ સેરેના સફળ રહી હતી. તે કુલ ૨૩ ગ્રાન્ડ સ્લેમ પોતાના નામ પર ધરાવે છે. ઓપન એરામાં સૌથી વધારે ગ્રાન્ડ સ્લેમ જીતવાનો તેનો રેકોર્ડ છે. તે આ યાદીમાં બીજા સ્થાને છે. માર્ગરિટ કોર્ટે ૨૪ ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા જીતી હતી. યુએસ ઓપનમાં તે છ વખત યુએસ ઓપન જીતી ચુકી છે. ક્રિસ એવર્ટે પણ છ વખત આ સ્પર્ધા જીતી હતી. ૩૩૧ મેચોમાં જીત સાથેનો પણ તે રેકોર્ડ ધરાવે છે. સેરેના વિલિયમ્સે પણ ખુબ નાની હતી ત્યારે તેની ટેનિસ કેરિયરની શરૂઆત કરી હતી. એક પછી એક અનેક સિદ્ધી હાંસલ કરનાર સેરેના વિલિયમ્સ હવે કેરિયરના અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. ૩૯ વર્ષીય સેરેના વિલિયમ્સ ઓક્ટોબર ૧૯૯૫માં પ્રોફેશનલ ટેનિસ સ્ટાર બની હતી. સાત વખત વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ, સાત વખત ઓસ્ટ્રેલિયમ ઓપન, ત્રણ વખત ફ્રેન્ચ ઓપન અને છ વખત યુએસ આપન જીતી ચુકેલી સેરેના વિલિયમ્સે હાલમાં કહ્યુ હતુ કે તે હજુ દેખાવ સુધારવા માટે ઇચ્છુક છે. આનો અર્થ એ થયો કે કે તે હજુ કેટલાક વર્ષ સુધી ટેનિસ સર્કિટમાં રહેનાર છે. કેટલાક નવા રેકોર્ડ પણ તે પોતાના નામ પર કરવા માટે ઇચ્છુક છે. જો કે મોટા ભાગના જાણકાર લોકો કહે છે કે સેરેના હવે વધારે સમય સુધી મેદાનમાં રહેશે નહી. સેરેના વિલિયમ્સે થોડાક સમય પહેલા બાળકને જન્મ આપ્યા બાદ તેની ફિટનેસને પણ હવે અસર થઇ છે તે નિષ્ણાંતો માને છે...

કોરોના વિરુદ્ધ જંગ: અભિનેતા શાહરૂખ ખાને સાત મોટી જાહેરાતો કરી

મુંબઇ

પ્રધાનમંત્રી મોદીએ પાછલા દિવસોમાં કોરોના વાયરસ સામે જંગ લડવા માટે દેશના લોકોને રાહત કોષમાં દાન કરવાની અપીલ કરી હતી. તેમની અપીલ પર બોલિવુડ, બિઝનેઝ જગત, રમત જગત સહિત અન્ય ક્ષેત્રોના ઘણાં જાણીતા ચહેરાઓ આ સંકટના સમયમાં દેશના લોકોની મદદ માટે આગળ આવ્યા હતા. તેમના આ ડોનેશન પછી સોશિયલ મીડિયા પર શાહરૂખ ખાનને નિશાનો બનાવવામાં આવ્યો હતો. પણ હવે બોલિવુડના બાદશાહ ખાન કોરોના વાયરસ સામેની લડાઈ માટે સામે આવ્યો છે અને એક પછી એક ઘણા મોટા એલાન કર્યા છે. શાહરૂખે આ જાણકારી ટ્વીટ કરીને આપી છે. શાહરૂખ ખાને પ્રધામંત્રી કેયર્સ ફંડમાં ડોનેટ કરવાની સાથે સાથે વધુ ઘણી મદદનું



એલાન કર્યું છે. તેની ફિલ્મ પ્રોડક્શન કંપની રેડ ચિલી દ્વારા ટ્વીટ કરવામાં આવી છે.

★ કોલકાતા નાઈટ રાઈડર્સના કો-ઓનર્સ શાહરૂખ ખાન, ગૌરી ખાન, જૂહી ચાવલા મહેતા અને જય મહેતા પ્રધાનમંત્રી કેયર્સ ફંડમાં ફાળો આપવાનું નક્કી કર્યું છે.

★ રેડ ચિલીના માલિક ગૌરી ખાન અને શાહરૂખ ખાને મહારાષ્ટ્ર મુખ્યમંત્રી રાહત ફંડમાં પણ ફાળો આપવાનું નક્કી કર્યું છે.

★ હેલ્થ કેર વર્કર્સના સપોર્ટ અને સુરક્ષા માટે ૫૦,૦૦૦ પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ(ઁઈ)ની મદદ કરશે

★ રોટી ફાઉન્ડેશનની સાથે મળીને મુંબઈના ૫૫૦૦ પરિવારોને રોજ ૧ મહિના માટે ભોજન ખવડાવશે

★ મીર ફાઉન્ડેશન સાથે મળીને ગરીબ અને દેહાડી મજૂરોને ૧ મહિના સુધી ૩ લાખ મીલ કિટ્સ ૧૦,૦૦૦ લોકોને રોજ ઉપલબ્ધ કરાવશે

★ મીર ફાઉન્ડેશનની સાથે મળીને ૧ મહિના સુધી દિલ્હીના ૨૫૦૦ મજૂરોને ખાવાની વસ્તુઓ પહોંચાડશે

★ મીર ફાઉન્ડેશનન ૧૦૦ એસિડ એટેક સર્વાઈવર્સની બેઝિક જરૂરિયાતોને પૂરી પાડશે અને મહિના સુધી તેમને સ્ટાઈપેન્ડ આપશે. જે સર્વાઈવર્સ છે તેઓ ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડના છે.

ભારતીય ટીમના ફિલ્ડિંગ કોચ શ્રીધરે ૪ લાખ રૂપિયા આપ્યા દાનમાં



મુંબઇ

કોરોના વાયરસના કહેરથી દુનિયામાં કોઈ નથી બચી શક્યું. આવા મુશ્કેલ સમયમાં રમત સાથે જોડાયેલ લોકો મદદ માટે આગળ આવી રહ્યા છે. ટીમ ઇન્ડિયના ફીલ્ડિંગ કોચ આર. શ્રીધરે કોવિડ-૧૯ સામેની લડાઈમાં ચાર લાખ રૂપિયા દાનમાં આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે બે લાક રૂપિયા પ્રધાનમંત્રી રાહત ફંડ અને ૧.૫ લાખ રૂપિયા તેલંગાના મુખ્યમંત્રી રાહત ફંડ ઉપરાંત ૫૦,૦૦૦ રૂપિયા સિકંદરા કેન્ટોનમેન્ટ બોર્ડમાં આપવાનો નિર્ણય કર્યો છે.

શ્રીધરે ટ્વીટર પર લખ્યું, ‘‘એક ગૌરવાન્વિત ભારતીય નાગરિક તરીકે હું પ્રધાનમંત્રી રાહત ફંડમાં બે લાખ અને ૧.૫ લાખ રૂપિયા તેલંગાના મુખ્યમંત્રી રાહત કોષમાં ૫૦,૦૦૦ રૂપિયા સિકંદરાબાદ કેન્ટ બોર્ડમાં આપવાનો નિર્ણય કર્યો છે.

ડોક્ટર-પોલીસ હુમલો: બોલિવૂડના સ્ટાર્સે કરી હુમલાખોરોની ટીકા

મુંબઇ

કોરોના વાઈરસને કારણે દેશભરમાં લૉકડાઉન છે. આ દરમિયાન પોલીસ તથા ડોક્ટર્સ પર ઈન્દોર, હૈદરાબાદ તથા અમદાવાદ સહિત વિવિધ જગ્યાઓ પર હુમલા કરવામાં આવ્યા હતાં. આને લઈને બોલિવૂડ સેલેબ્સે આક્રોશ વ્યક્ત કર્યો છે. બોલિવૂડ સેલેબ્સે સોશિયલ મીડિયામાં ગુસ્સો પ્રગટ કર્યો હતો.

રીષિ કપૂરે ચાહકોને વિનંતી કરી છે કે આ મુશ્કેલ સમયમાં સહયોગ આપવાની જરૂર છે. તેમણે કહ્યું હતું, ભાઈ તથા બહેનોને અપીલ છે કે આ હિંસા, પથ્થરમારો ના કરો. ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ, પોલીસ વગેરે તમારું જ જીવન બચાવવા માટે કામ કરી રહ્યાં છે. આપણે સાથે મળીને કોરોનવાઈરસની જંગ જીતી શકીશું. જય હિંદ.

પરેશ રાવલે કહ્યું હતું કે જરા વિચાર તો કરો કે જેમણે આવું અમાનવીય વર્તન કર્યું, ડોક્ટર્સ તેમની સારવાર કરવાની ના પાડી દે તો?

જાવેદ અખ્તરે કહ્યું હતું, ઈન્દોરમાં ડોક્ટર્સ પર પથ્થમારો કરવામાં આવ્યો તે વાતનો હું વિરોધ કરું છું. ઈન્દોર પોલીસ આ લોકો પ્રત્યે કોઈ નરમાઈ દાખવશે નહીં અને હું વિનંતી કરું છું કે ડોક્ટર્સ, પોલીસ તથા વહીવટતંત્ર સાથે મળીને કામ કરવાનું છે. આખા દેશે ભેગા થઈને કોરોનાને હરાવવાનો છે.

પ્રીટિ ઝિન્ટાએ કહ્યું હતું, હજારો લોકો ઘરમાં છે અને કોરોનવાઈરસના સર્કલને તોડવાનો પ્રયાસ કરે છે, લૉકડાઉનને કારણે ઘણાં લોકો ભૂખ્યા તરસ્યા છે. ત્યારે આવા લોકો પોલીસ તથા ડોક્ટર્સ પર પથ્થરમારો કરે તે દયનીય છે. ડોક્ટર્સ પાસે પૂરતા સુરક્ષાના સાધનો પણ નથી. ભારતને આ શું થઈ ગયું?

રવિના ટંડને કહ્યું હતું, કેટલાંક લોકોને કારણે આખા દેશને દોષી ગણવો ઠીક નથી. આ કૃત્ય શરમજનક હતું પરંતુ ૯૬ ટકા લોકો તમામ કાયદા તથા નિયમોનું પાલન કરે છે.

વડાપ્રધાન મોદીની દીવો પ્રગટાવવાની અપીલ: સેલેબ્સે આપ્યું ભરપૂર સમર્થન

મુંબઇ

૨૩ માર્ચે જનતા કર્ફ્યૂના દિવસે પીએમ મોદીએ દેશવાસીઓને કોરોના કમાન્ડોઝનો આભાર માનવા માટે તાળી કે થાળી વગાડવાની વાત કરી હતી. આ પહેલને બોલિવૂડે ભરપૂર સપોર્ટ કર્યો હતો હવે, મોદીએ પાંચ એપ્રિલના રોજ રાત્રે નવ વાગીને નવ મિનિટે ઘરની અંદર લાઈટ બંધ કરીને મીણબત્તી કે દીવો પ્રગટાવવાની અપીલ કરી છે.

આજે (૩ એપ્રિલ) પીએમ મોદીએ પોતાના વીડિયો મેસેજમાં દેશવાસીઓને આ ખાસ અપીલ કરી હતી. પીએમ મોદીની આ પહેલને બોલિવૂડ સેલેબ્સનો સપોર્ટ મળી રહ્યો છે. વિવેક અગ્નિહોત્રી, વીર દાસ, તાપસી પન્નુ, રંગોલી ચંદેલ સહિતના સ્ટાર્સે પીએમ મોદીની આ પહેલનું સમર્થન કર્યું હતું.

- તાપસી પન્નુએ ટ્વીટ કરીને કહ્યું હતું, નવું ટાસ્ક...

- ગીતકાર સ્વાનંદ કિરકિરેએ કહ્યું હતું, મહાત્મા ગાંધી હોત તો એક ટાઈમનો ઉપવાસ રાખવાનું કહેત. હું રાખીશ. જે સાંજે દીપ પ્રગટાવવાનો છે તે જ સાંજે. દીપ પણ પ્રગટાવીશ. એમાં શું વાંધો હોઈ શકે છે. બની શકે તો તમે પણ દેશ માટે ઉપવાસ રાખજો.

- કંગના રનૌતની બહેન રંગોલીએ ટ્વીટ કરીને કહ્યું હતું, દીવો પ્રગટાવવો એક સારો સંકેત છે. દીવો એક એવું પ્રકાશપૂંજ ક્રિએટ કરે છે, જે બહુ જ શાંત તથા પ્રભાવી છે. એકબીજાને આપણું સમર્થન બતાવવા માટે પીએમ મોદી આમ કરે છે. પીએમ મોદી જે રીતે આપણી ભાવનાત્મક જરૂરિયાત પર ધ્યાન આપે છે અને આપણા ઘાને જે રીતે ઠીક કરવાનો પ્રયાસ કરે છે, તે મને પસંદ છે. જયશ્રી રામ

- વીરદાસે કહ્યું હતું, ફરીવાર રવિવારે ઘરની અંદર રહીને એકતા બતાવવાની છે. દિવાળી નથી.

- અનુભવ સિંહાએ કહ્યું હતું, મિસ્ટર મોદી આ દેશના લોકોને જે રીતે ઓળખે છે, તેવું બીજું કોઈ ઓળખી શકે તેમ નથી.

લૉકડાઉનને કારણે એક્ટ્રેસ અમેરિકામાં ફસાઈ

કુછ કુછ હોતા હૈં ફેમ સના સઈદના પિતાનું જનતા કર્ફ્યૂના દિવસે નિધન



મુંબઇ

‘કુછ કુછ હોતા હૈં’ ફેમ અંજલી એટલે કે સના સઈદ હાલમાં અમેરિકામાં લોસ એન્જલસમાં લૉકડાઉનને કારણે ફસાઈ ગઈ છે. આ દરમિયાન ૨૨ માર્ચના રોજ સનાના પિતાનું નિધન થયું હતું. આ દિવસે ભારતમાં જનતા કર્ફ્યૂ હતો. સના સઈદના પિતા અબ્દુલ અહદ સઈદે જ્યારે અંતિમ શ્વાસ લીધા ત્યારે સના તેમની પાસે નહોતી.


સનાએ કહ્યું હતું કે તેના પિતાને ડાયાબિટીઝ હતો અને મલ્ટીપલ ઓર્ગન ફેલ થવાને કારણે તેમનું નિધન થયું હતું. સનાએ કહ્યું હતું કે તે લોસ એન્જલસમાં એક ઈવેન્ટમાં પર્ફોર્મ કરવા માટે ગઈ હતી. જ્યારે તેને પિતાના નિધનની જાણ થઈ ત્યારે ત્યાં સવારના સાત વાગ્યા હતાં અને વિશ્વભરમાં કોરોનવાઈરસનો ડર ફેલાયેલો હતો.

સનાએ આગળ કહ્યું હતું કે તે ઘરે આવવા ઈચ્છતી હતી. તે માતા તથા બહેનોને ગળે મળીને આ દુ:ખની ઘડીમાં સાંત્વના આપવા ઈચ્છતી હતી. તેણે જે પરિસ્થિતિમાં પિતાને ગુમાવ્યા તે યોગ્ય નથી. જોકે, તેનું મન કહે છે કે જે દર્દમાંથી તેના પિતા પસાર થયા હતા, હવે તે સારી જગ્યાએ હશે.

મલાઈકા અરોરાએ અરબાઝ સાથેના ડિવોર્સ અંગે મોટો ખુલાસો કર્યો

મુંબઇ

બૉલિવૂડ એક્ટ્રેસ મલાઈકા અરોરા અને અરબાઝ ખાને વર્ષ ૨૦૧૬માં ડિવોર્સ લીધા હતા. બંનેને એક દિકરો અરહાન પણ છે, જે મલાઈકા સાથે રહે છે. ગત્ત દિવસોમાં એક રેડિયો શો પર પહોંચેલી મલાઈકાએ અરબાઝ સાથેના ડિવોર્સ પર ખુલીને વાત કરી હતી.મલાઈકાએ રેડિયો પર કરીના કપૂરના શોમાં અરબાઝ સાથે ડિવોર્સની વાત પર કહ્યું હતું કે, મેં મારા નિર્ણયને લઈને મારા પરિવાર અને નજીકના સંબંધીઓ અને મિત્રો સાથે વાત કરી હતી. તમામ લોકોએ આના પર મને ફરીથી વિચારવા કહ્યું હતું.મલાઈકાએ કહ્યું કે, બધા લોકોની પહેલી સલાહ એ જ હતી કે, ના કર... કોઈ તમને ના કહે કે, હાં હાં, પ્લીઝ જાઓ અને



ડિવોર્સ લો.

આ જ પહેલી વાત હોય છે કે, સમજી વિચારીને નિર્ણય લો. હું પણ આ સમયમાંથી પસાર થઇ હતી.મલાઈકાએ શો પર ડિવોર્સ સાથે જોડાયેલી વાતો શેર કરતાં કહ્યું કે, તેમના પરિવારે તેને ડિવોર્સની સુનાવણીના આગળની રાત્રે પણ બધી વસ્તુઓ વિચારીને કરવા કહ્યું હતું.તેમણે જણાવ્યું કે, પરિવારે કહ્યું હતું કે, શું તું શ્યોર છે... શું તું તારા નિર્ણય વિશે ૧૦૦ ટકા શ્યોર છે... એટલે મને લાગે છે કે, એવું કંઈક હતું જેના પર મેં તમામ લોકોની શાંતિથી વાત સાંભળી હતી. આ લોકો છે, જે મારી ચિંતા કરે છે અને એટલે જ મારા નિર્ણયને લઈને એ જરૂરથી આમ કહેશે.પરિવાર અને મિત્રો દ્વારા ડિવોર્સ લેતા સમયે સાથે રહેવા પર મલાઈકાએ જણાવ્યું કે, જો કે, એકવાર મારા મિત્રો અને પરિવારના સભ્યોને લાગ્યું કે, અરબાઝની સાથે પોતાના લગ્નને સમાપ્ત કરવા ઈચ્છું છું, તે સાથે હતા.

તમામ લોકોએ કહ્યું કે, જો આ નિર્ણય તું લઈ રહી છે, તો વાસ્તવમાં તારા માટે અમને ગર્વ છે, તુ એક મજબૂત મહિલા છે. જેનાથી મને ખૂબ જ તાકત મળી હતી.

ટીઆરપીના તમામ રેકોર્ડ તોડ્યા

'રામાયણ'ના રિ-ટેલિકાસ્ટે બનાવ્યો રેકોર્ડ, માત્ર ૪ એપિસોડમાં મળ્યા ૧૭૦ મિલિયન દર્શકો



મુંબઇ

દેશનાં ચાલી રહેલા લોકડાઉનના કારણે દૂરદર્શન પર રામાનંદ સાગરનો શો રામાયણને ફરીથી ટેલિકાસ્ટ કરવામાં આવ્યો છે. ૧૯૮૭માં આવેલો આ શો આજે પણ લોકોને પસંદ આવી રહ્યો છે. આ અંદાજ તે વાત પરથી લગાવી શકાય છે કે શોની ટીઆરપીએ નવો રેકોર્ડ બનાવ્યો છે.

પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરોએ ટ્વીટ કરીને જાણકારી આપી છે કે બીએઆરસી રેટિંગમાં રામાયણના રિપીટ શોએ બાજી મારી છે. તેને ૪ એપિસોડમાં ૧૭૦ મિલિયન દર્શકો મળ્યા છે. પીઆઈબીએ ટ્વીટ કર્યું કે, 'બીએઆરસી પ્રમાણે, અમે ૨૦૧૫થી ટીવી ઓડિયન્સને મેઝર કરવાનું શરૂ કર્યું. તે સમયથી કોઈ પણ હિંદી જીઈસી શોને આટલું રેટિંગ નથી મળ્યું જેટલું રામાયણના રિ-ટેલિકાસ્ટને મળ્યું છે.

પ્રસાર ભારતીના સીઈઓ શશિ શેખરે પણ તેની જાણકારી આપી. તેમણે જણાવ્યું કે, રામાયણના કારણે દૂરદર્શને નવો રેકોર્ડ બનાવ્યો છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, કોરોના સામેની લડાઈ દરમિયાન ઘરમાં બેસીને લોકો રામાયણ જોવાનું વધારે પસંદ કરી રહ્યા છે.

રામાયણમાં અરુણ ગોવિલે રામ, દીપિકા ચિખલિયાએ સીતાનો રોલ પ્લે કર્યો હતો. તે સમયે લોકો રામાયણ શરૂ થતાં જ ટીવી સામે ગોઠવાઈ જતા હતા. શોનો એવો ક્રેઝ હતો કે લોકો અરુણ અને દીપિકાને સાચેમાં રામ અને સીતા માનીને તેમની પૂજા કરવા લાગ્યા હતા.

કરિશ્મા કપૂરે પોતાના બાળકો સાથે પીએમ-કેરમાં દાન આપ્યુ



મુંબઇ

મહામારી કોરોના વાઇરસ સામે લડવા માટે સેલેબ્સ આર્થિક સહાય કરી રહ્યા છે. કરીના કપૂર બાદ બહેન કરિશ્મા કપૂરે પણ આર્થિક સહાય માટે આગળ આવી છે. કરિશ્મા કપૂરે સોશિયલ મીડિયા પર આ દાનની જાણ કરી. તેણે પીએમ-કેર અને મુખ્યમંત્રી ફંડ (મહારાષ્ટ્ર)માં તેના બંને બાળકો સમાયરા અને કિઆન સાથે યોગદાન આપ્યું.

તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, દરેક જિંદગી મહત્ત્વની છે માટે મારા બાળકો સમાયરા અને કિઆન અને મેં પીએમ-કેર અને સીમે રિલીફ ફંડ (મહારાષ્ટ્ર)માં યોગદાન આપવા શપથ લીધા છે. એક નાનું યોગદાન પણ ઘણું કામ આવી શકે છે. આપણા દેશ અને માનવતા માટે તમારી પણ બનતી મદદ કરો. કરીના કપૂર અને સૈફ અલી ખાને પ ફંડ્સમાં યોગદાન આપ્યું છે.

ધોની-વીલિયર્સ સાથે બેટિંગ કરવી વધુ પસંદ છેઃ કોહલી



મુંબઇ

હાલ કોરોના વાયરસના સંકટના કારણે ઘણા દેશોમાં લોકડાઉન છે. જેથી ખેલાડીઓ ઘરની અંદર પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. જ્યારે કેટલાક ખેલાડીઓ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહી ફેન્સ સાથે કનેક્ટ થઈ રહ્યા છે. ઇંગ્લેન્ડનો ભૂતપૂર્વ કેપ્ટન કેવિન પીટરસન પણ હાલ તેના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દુનિયાભરના ક્રિકેટ ખેલાડીઓ સાથે લાઈટ ચેટ કરી રહ્યો છે.

આ જ ક્રમમાં તાજેતરમાં કેવિન પીટરસને ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી સાથે લાઇવ ચેટ કરી. આ લાઈવ ચેટમાં પીટરસને કોહલીને તેના જીવન અને ક્રિકેટ કરિયરને લઈ કેટલાક સવાલ પૂછ્યા જેના કોહલીએ પણ જવાબ આપ્યા. પીટરસને ચેટ દરમિયાન કોહલીએ એમ પણ પૂછ્યું કે કોની સાથે બેટિંગ કરવી વધુ પસંદ છે. ત્યારે કોહલીએ કહ્યું કે મહેન્દ્ર સિંહ ધોની અને દક્ષિણ અફ્રિકાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન ડીવિલિયર્સ સાથે બેટિંગ કરવી તેને વધુ પસંદ છે.

આપણે જણાવી દઈએ કે ડીવિલિયર્સ આઈપીએલમાં કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ સાથે રમે છે. કોહલીએ કહ્યું કે, 'મને તેમની સાથે બેટિંગ કરવામાં વધુ મજા આવે છે જે ઝડપથી દોડીને રન લઈ શકે. તેથી ભારતીય ટીમમાં જ્યારે મહેન્દ્ર સિંહ ધોની અને આઈપીએલમાં ડીવિલિયર્સ સાથે ક્રીઝ પર હોઉ છું ત્યારે અમે વાત પણ નથી કરતા. માત્ર ઇશારા પર રન બનતા હોય છે.' આ સાથે કોહલીએ ટીમ ઇન્ડિયાને વર્લ્ડની સૌથી સારી ફીલ્ડિંગ વાળી ટીમ પણ બતાવી.

મારો પ્રથમ ક્રશ માધુરી દિક્ષિત છેઃ વિકી કૌશલ



મુંબઇ

કોરોના વાયરસને કારણએ લોકડાઉન દરમિયાન એક્ટર વિકી કૌશલે સોશિયલ મીડિયા પર પોતાના ફેન્સ સાથે વાતચીત કરી. આ દરમિયાન વિકી કૌશલે કહ્યું કે, તેનો પ્રથમ ક્રશ બોલિવૂડ એક્ટ્રેસ માધુરી દીક્ષિત છે.

વિકી કૌશલે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર પોતાના ફેન્સ માટે ક્વીઝ સેશનનું આયોજન કર્યું. આ દરમિયાન તેને એક યૂઝરે પૂછ્યું કે બોલિવૂડમાં તેનો પ્રથમ ક્રશ કોણ છે?

સવાલના જવાબમાં એક્ટરે એપની સ્ટોરી પર માધુનીની સાથે પોતાની એક તસવીર પણ શેર કરી. એક અન્ય યૂઝરે તેને પૂછ્યું કે તેના માટે સૌથી પડકારજનક ફિલ્મ કઈ હતી.

કનેરિયાની યુવરાજ-ભજ્જીને અપીલઃ પાક.માં રહેલા લઘુમતીઓને મદદ કરે



ઈસ્લામાબાદ

ચીનથી ફેલાયેલ કોરોના વાયરસના કારણે આખી દુનિયા સહિત પાકિસ્તાનમાં પણ પરિસ્થિતિઓ ગંભીર બની છે. ત્યારે એવા સમાચાર પણ મળ્યા છે કે ત્યાં રહેતા લઘુમતીઓ માટે ત્યાંની ઈમરાન સરકાર કોઈ ખાસ પગલા નથી ભરી રહી. એવી સ્થિતિમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર દાનિશ કનેરિયાએ ભારતના દિગ્ગજ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ અને ઓફ સ્પિનર હરભજન સિંહને મદદ કરવા અપીલ કરી છે.

૩૯ વર્ષના કનેરિયાએ ટીમ ઈન્ડિયાના પૂર્વ ખેલાડી યુવરાજ સિંહ અને સ્પિનર હરભજન સિંહથી એક વીડિયો બનાવવાની અપીલ કરી છે અને તેઓ પાકિસ્તાનમાં રહેતા લઘુમતીઓને સપોર્ટ કરે એમ કહ્યું છે. કનેરિયાએ લખ્યું કે,'હું યુવરાજ સિંહ અને હરભજન સિંહથી આગ્રહ કરું છું કે તેઓ પાકિસ્તાનમાં રહેતા લઘુમતીઓ માટે એક વીડિયો બનાવે. કોરોના વાયરસના કારણે આ મુશ્કેલ સમયમાં તેમને તમારી જરૂર છે.'

આપણે જણાવી દઈએ કે આ પહેલા યુવરાજ સિંહ અને હરભજન સિંહે પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીના વખાણ કર્યા હતા અને સાથે જ ડોનેશનની અપીલ કરી હતી. શાહિદ કોરોનાના સંકટ સામે જરૂરિયાતમંદોની મદદે આવ્યો હતો. જો કે, આફ્રિદીના વખાણ કર્યા બાદ યુવી અને ભજ્જી બંને સોશિયલ મીડિયા પર જબરદસ્ત ટ્રોલ થયા હતા.

રણબીર-આલિયા ડિસેમ્બરમાં લગ્ન કરશે..!!?




મુંબઇ

રણબીર કપૂર અને આલિયા ભટ્ટની લવ સ્ટોરી બોલીવૂડ ઈન્ડસ્ટ્રીની સૌથી ચર્ચિત પ્રેમ કહાનીઓમાંથી એક છે. આલિયા શરુઆતથી જ રણબીરને ખૂબ જ પસંદ કરતી હતી. જોકે, ત્યારે રણબીર કેટરીનાની સાથે રિલેશનશિપમાં હતા. જ્યારે રણબીર અને કટરીના અલગ થયા તો, થોડા સમય બાદ રણબીરની જિંદગીમાં આલિયાની એન્ટ્રી થઈ હતી. આ બંને ડેટ કરવા લાગ્યા અને બાદમાં એવુ લાગ્યુ કે, કિસ્મત જ આ બંનેને સાથે લાવવા માગે છે. અયાન મુખર્જીની ફિલ્મ બ્રહ્માસ્ત્રામાં બંનેને એકસાથે કામ કરવાની તક મળી છે.

ઘણા લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહેલા રણબીર આલિયાને ફેન્સ પણ એકસાથે જોવા માગે છે. બંને ન તો માત્ર સિલ્વર સ્ક્રીન પર સાથે નજર આવે છે, પરંતુ તેમના લગ્નના સમાચાર પણ ઘણા લાંબ સમયથી સામે આવી રહ્યા છે. બંનેના લગ્ન પણ નક્કી થયા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. છેલ્લા દિવસોમાં એવા સમાચાર સામે આવ્યા છે કે, ફિલ્મ બ્રહ્માસ્ત્રની રિલીઝ બાદ બંને લગ્નના બંધનમાં બંધાઈ જશે.

ડોક્ટરો પર પત્થર મારાની ઘટનાથી અભિનેત્રી અનુષ્કા શર્મા નારાજ



મુંબઇ

હાલમાં દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ છે અને તેમાં તાજેતરમાં વધારો કરવામાં આવ્યો હતો કારણ કે કોરોના વાયરસ સતત તેના પગને ફેલાવી રહ્યો છે. આ સમય દરમિયાન દેશભરમાં ઘણાં ડોકટરો અને આરોગ્ય કાર્યકરો છે જે બચાવ કાર્યમાં રોકાયેલા છે. પરંતુ આ ક્ષણે કંઈક બહાર આવ્યું છે જે એકદમ આઘાતજનક છે.

દેશના મધ્ય પ્રદેશ રાજ્યનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં કેટલાક લોકો તેમની તપાસ માટે આવેલા વ્યાવસાયિક આરોગ્ય કર્મચારીઓ પર પથ્થરમારો કરી રહ્યા છે. આ આરોગ્ય કર્મચારીઓ છે કે જ્યારે તેઓ સમાચાર મળે ત્યારે મદદ માટે અથવા કોરોના પરીક્ષણ માટે જાય છે.

અનુષ્કા શર્માએ આ વીડિયો જોતાંની સાથે જ તેનો પારો વધ્યો. તેણે કહ્યું પ 'પોતાની જાતને એજ્યુકેટ કરો અને જુઓ કે તમે કેટલા જોખમી પગલાં લઈ રહ્યા છો.

કૃપા કરીને આરોગ્ય સંભાળ કામદારોને તેમનું કાર્ય કરવા દો, જેનું કાર્ય તમને બચાવવાનું છે અને તેઓ તમારા માટે પોતાનું જીવ સાથે રમી રહ્યા છે. જે બન્યું તે ખૂબ જ ખોટું થયું છે. 'તાજેતરમાં જ અનુષ્કા શર્માએ વિરાટ કોહલી સાથેનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તે કોરોના વાયરસની રોકથામ વિશે વાત કરતી જોવા મળી હતી. વિરાટ કોહલીએ આ વીડિયોમાં ઘણી મહત્વપૂર્ણ બાબતોને પણ આવરી લીધી હતી. સમયાંતરે, તેઓ આગળ આવે છે અને ચાહકોનું મનોરંજન પણ કરે છે.

જૂહી ચાવલા એન્ડ ફેમિલી હોમ ક્વોરન્ટાઈન હેઠળ...!

મુંબઇ

કોરોના વાઇરસનો ફેલાવો રોકવા માટે કેન્દ્ર સરકારે દેશભરમાં લોકડાઉન જાહેર કર્યો છે ત્યારે દરેક લોકો સહિત બોલીવૂડની સેલિબ્રિટી પણ સેલ્ફ આઈસોલેશનમાં છે. કેટલાક એવા પણ કલાકારો છે જેઓ લોકડાઉનને કારણે બંધ થયેલી વિમાન સેવાને કારણે વિદેશમાં જ ફસાઇ ગયા હતા. આમાંથી એક છે અભિનેત્રી જૂહી ચાવલા.

કોરોના મહામારીને કારણે પોતાની આપવિતી જણાવતા જૂહીએ કહ્યું હતું કે તે વિદેશમાં ફસાઇ ગઈ હતી. ભારતમાં લોકડાઉન લાગ્યા બાદ ઈન્ડિયન હાઇ કમિશનની મદદથી તે દેશ પાછી ફરી હતી. રજા માનવા તે વિદેશ ગઇ હતી. જાહ્નવી, અર્જુન અને પતિ જય મહેતા તેમની સાથે હતા. તેઓ પહેલી માર્ચે ઓસ્ટ્રિયા ગયા હતા અને પછી લંડન જવાના હતા. દરેક જગ્યાએ લોકડાઉન જાહેર કરાયા બાદ અમે ગભરાઇ ગયા. વિમાન સેવા પણ બંધ થઇ ગઇ. ત્યાર બાદ ઈન્ડિયન હાઇ કમિશનની મદદ લીધી અને અમે ભારત પાછા ફર્યા', એમ જૂહીએ કહ્યું હતું. લોકડાઉન જાહેર કરાયો ત્યારે અમે ભારત આવ્યા અને ત્યારથી અમે ઘરમાં જ ક્વોરન્ટાઈન છે.

યૂએસ ઓપન નિશ્ચિત તારીખ અને સમયે જ યોજાશે



ન્યૂયોર્ક

કોરોના વાયરસ મહામારીના કારણે વિમ્બલ્ડન રદ્દ થઈ ગઈ છે અને ફ્રેન્ચ ઓપન સ્થગિત કરી દેવામાં આવ્યું છે. પરંતુ અમેરિકી ઓપનના આયોજકોએ કહ્યું કે, આ ગ્રેન્ડ સ્લેમ પાના નક્કી સમય અનુસાર જ શરુ થશે. કોરોના વાયરસના કારણે વિમ્બલ્ડનના આયોજકોએ જૂનથી શરુ થનારા સૌથી જૂના ગ્રાન્ડ સ્લેમને રદ્દ કરી દીધા છે. કોરોના વાયરસ મહામારી ન્યૂયોર્કમાં વધ્યા બાદ અહીંયાના નેશનલ ટેનિસ સેન્ટરના ઈન્ડોર કોર્ટનો ઉપયોગ અસ્થાયી હોસ્પિટલની સુવિધા માટે કરવામાં આવી રહ્યો છે.

અમેરિકી ટેનિસ સંઘ કહેરની સ્થિતિ પર નજર બનાવી રાખશે અને જરુર પડ્યે જરુરી બદલાવ કરવામાં આવશે. યૂએસટીએના નિવેદન અનુસાર, વર્તમાન સમયમાં યૂએસટીએની યોજના યૂએસ ઓપનને નિર્ધારિત સમય પર કરાવવાની છે. અમે ટૂર્નામેન્ટની તૈયારીનું કામ ચાલું જ રાખીશું.

પ્રાપ્ત વિગતો અનુસાર, કોરોના વાયરસની મહામારીના કારણે તેજીથી બદલતી સ્થિતિની સાવધાનીપૂર્વક દેખરેખ રાખવામાં આવી રહી છે અને કોઈપણ આકસ્મિક સ્થિતિનો સામનો કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. અમેરિકામાં કોરોના વાયરસના સંક્રમણથી સૌથી વધારે કેસ ન્યૂયોર્કમાં જ સામે આવ્યા છે. બાદમાં અમેરિકી ઓપનની મેજબાની કરનારા સ્ટેડિયમને અસ્થાયી હોસ્પિટલમાં અત્યારે બદલી દેવામાં આવ્યો છે જ્યારે લુઈ આર્મસ્ટ્રોંગ સ્ટેડિયમમાં બિમાર લોકો, સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ માટે ખાલી થઈ રહ્યું છે.

અભિનેતા રામગોપાલ વર્મા કોરોના પોઝિટિવ...?

મુંબઇ

ફિલ્મમેકર રામગોપાલ વર્મા હંમેશા પોતાના નિવેદનો માટે ચર્ચામાં રહે છે. આવા જ એક નિવેદનમાં ફરી તે ચર્ચામાં આવ્યા છે. બુધવારે તેણે ટ્વીટ કર્યું હતું કે ડોક્ટરે કહ્યું છે કે તે કોરોના પોઝિટિવ છે. ત્યાર બાદ તે સતત ટ્વિટર પર ચર્ચામાં છે. હકીકતમાં તે કોરોનાથી પીડાઇ નથી રહ્યા, પરંતુ મજાકમાં તેણે આવું ટ્વીટ કર્યું હતું.

રામગોપાલ વર્માએ બુધવારે ટ્વિટર પર કહ્યું હતું કે 'મારા ડોકટરે કહ્યું છે કે હું કોરોના પોઝિટિવ છું.' આ ટ્વીટ બાદ અનેક લોકો આશ્ચર્યમાં મૂકાઇ ગયા. તેના ફેન્સ અને સેલિબ્રિટીઓને પણ આંચકો લાગ્યો. થોડી વાર બાદ ગોપાલે ફરી ટ્વીટ કર્યું કે 'સોરી, મારા ડોક્ટરે કહ્યું કે આ એપ્રિલ ફુલનો જોક હતો.' આ કમેન્ટ બાદ વર્માને ટ્વિટર પર બહુ ટ્રોલ કરવામાં આવ્યો.

આપણે સાથે મળીને કોરોનાને માત આપવાની છેઃ અનન્યા પાંડે

મુંબઇ

બોલીવૂડ એક્ટ્રસે અનન્યા પાંડે હાલ તેના ફેન્સને ઘરમાં રહેવા માટે પ્રેરિત કરી રહી છે. અનન્યાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે ક્વોરન્ટાઈન રૂટીન જણાવીને ફેન્સને ઘરમાં જ રહેવાની અપીલ કરી રહી છે.

પતિ, પત્ની ઓર વો એક્ટ્રેસ અનન્યા પાંડે હાલ ઘરમાં કુકિંગ કરીને, પુસ્તકો વાંચીને અને પરિવાર સાથે રહીને પોતાનો સમય પસાર કરી રહી છે. તેણે આ તમામ જાણકારી એક વીડિયો મારફતે શેર કરી છે. આ વીડિયોમાં અનન્યાએ ફેન્સને ઘરમાં રહેવાની અપીલ કરતા જણાવ્યું છે કે, કોરોના વાયરસ એક ગંભીર સમસ્યા છે અને આ સમયે પોઝિટિવ રહેવાની ખૂબ જ જરૂર છે. આપણે ઘરે બેસીને ઘણાં કામ કરી રહ્યા છે.

કોરોના વાયરસ અંગે વધુમાં જણાવ્યું કે, આપણે એ કામ કરવું જોઈએ જે આપણે હાલના સમયે પોઝિટિવ રાખે. આપણે એકબીજાને મળી શકતા નથી તેનો અર્થ એ નથી કે આપણે એકલા છીએ. પોઝિટિવ રહેવાનો પ્રયાસ કરવા જોઈએ. આપણે એક સાથે મળીને કોરોનાને માત આપવાની છે. અને સૌથી વધારે મહત્વની વાત એ છે કે પોતાના ઘરમાં જ રહો.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ફરજ બજાવતા કર્મચારીઓએ મુખ્યમંત્રી રાહત નિધિમાં ૫ લાખ રૂપિયાનું અનુદાન આપ્યું



નાયબ મુખ્યમંત્રીને એન.એચ.એમ કર્મચારીઓએ રૂબરૂ મળી અનુદાન આપ્યું

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ફરજ બજાવતા કર્મચારીઓ વર્ષ ૨૦૦૬ થી માતા મૃત્યુદર અને બાળ મૃત્યુ દર ઘટાડવા માં પોતાનો સિંહફાળો આપી રહેલ છે એ પણ ખૂબ જ નજીવા પગારધોરણમાં અને તો પણ અત્યારની આવી વિકટ પરિસ્થિતિમાં રાજ્યના જાહેર આરોગ્ય ખાતામાં પોતાની સેવાકીય ફરજ તો બજાવે જ છે સાથે-સાથે ૧૫૦૦૦ થી પણ ઓછું બેજ પે મેળવતા લોકોએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી રાહત નિધિમાં ફૂલ પાંખડી સ્વરૂપે પાંચ લાખ રૂપિયાનું અનુદાન આપેલ છે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને એન. એચ. એમ કર્મચારીઓએ રૂબરૂ મળી અનુદાન આપ્યું હતું. એ બદલ હું મારા એન.એચ.એમ કર્મચારીઓ માટે ખૂબ જ ગૌરવની લાગણી અનુભવી રહી છું તેમ વિષ્ણુ પંડ્યા અને ડૉ.શ્રધા રાજપુતે જણાવ્યું હતું.

પંચમહાલના આધેડનું મોત વડોદરામાં કોરોના વાયરસથી વધુ એકનું મોતઃ રાજ્યમાં મૃત્યુઆંક આઠ



વડોદરા

રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસેએ વધુ એક દર્દીનો ભોગ લીધો છે. કોરોના વાયરસના કારણે વડોદરામાં ૭૮ વર્ષનાં આધેડનું મોત થયું છે. મૃતક પંચમહાલ જિલ્લાનાં રહેવાસી હતા અને વડોદરામાં ખાનગી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આ સાથે જ રાજ્યમાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૮ થઈ છે.

ગોધરાના વેજલપુર રોડ પાણીની ટાંકી પાસે રહેતા ૭૮ વર્ષીય વૃદ્ધ અબ્દુલ પટેલને કોરોના વાઈરસના લક્ષણો દેખાતા વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું ત્યારબાદ પોલીસ દ્વારા વડોદરાના બહુચરાજી રોડ માતરીયા કબ્રસ્તાન ખાતે તેમની દફનવિધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્થાનિક રહીશો અને તેમના સગા સંબંધી સુધી આ વાત પહોંચી હતી તેના કારણે ટોળુ એકત્ર થયું હતું. તેમની દફનવિધિ ગોધરા ખાતે કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો, પરંતુ વહીવટી તંત્ર અને પોલીસ સમય સૂચકતા અને સમજણથી કામ લઈ સ્થાનિક રહીશોને સમજાવ્યા હતા. ત્યારબાદ મૃતક વૃદ્ધ અબ્દુલ પટેલની દફનવિધી માતરીયા કબ્રસ્તાન ખાતે કરવામાં આવી હતી.

૮૩ લોકોને શોધી હોમ ક્વોરેન્ટાઈન કરાયા

નિઝામુદ્દીન તબલિગી જમાતઃ ૬૮ લોકો ગુમ,સરકારે હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો

અમદાવાદ

આજે અમદાવાદમાં કોરોનાના કુલ ૭ નવા કેસ આવ્યા, જેમાંથી એક દિલ્હીના નિઝામુદ્દીન તબલિગી જમાતના મરકજમાં હાજરી આપનાર શખ્સ પણ છે. આજે હાઈકોર્ટમાં કોરોના વાયરસ મામલે સુનવણી શરૂ થઈ. જેમાં ગુજરાત સરકારે કોર્ટમાં એકશન ટેકન રિપોર્ટ રજૂ કર્યો છે. રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરાયો છે કે, નિઝામુદ્દીન તબગિલી જમાતના કાર્યક્રમમાથી ૬૮ લોકોની શોધખોળ થઈ શકી નથી. પોલીસ હજુ તેઓની શોધખોળ કરી રહી છે. ૮૩ લોકોને આઈડેન્ટિફાઈ કરીને કવોરંટાઈન કરાયા છે. આ તમામ તબલિગી જમાતમાં ભાગ લીધેલા અથવા નિઝામુદ્દીન જઈ આવેલા લોકો છે. આવા લોકોની ભાળ મેળવવા માટે રોની મદદ પણ લેવાઈ રહી છે. આવી અનેક રજૂઆત એડવોકેટ જનરલે હઈકોર્ટમાં કરી છે.

હાઈકોર્ટમાં રાજ્ય સરકારે જવાબ રજૂ કર્યો કે, દિલ્હીમાં આયોજીત પબ્લિકે જમાતની સભામાં ભાગ લઈને ગુજરાત પરત ફરેલા ૬૮ લોકોની શોધ થઈ નથી. હાલ પોલીસ આ લોકોની તપાસ અને શોધખોળ કરી રહી છે. ૮૩ લોકોની ભાળ મેળવીને તેમને ક્વોરેન્ટાઈન કરાયા છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટમાં અન્ય બે અરજીઓ પણ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત હતી કે, લોકોને મફતમાં રાશન યોગ્ય રીતે પૂરું પાડવામાં આવે. ચાલી અને મહોલ્લામાં પણ સેનેટાઈઝિંગ કરીને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે. તેમજ સ્ક્રીનિંગ કરવામાં આવે. અનેક ડોક્ટરોએ તેમના ખાનગી હોસ્પિટલ બંધ કર્યા છે. તેને ચાલુ કરવા માટે આદેશ આપવામાં આવે. ત્યારે આ અંગે હાઈકોર્ટે ટકોર કરી હતી કે, સરકાર દ્વારા કોરોનાને નાથવા માટે યોગ્ય પગલા લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત ચાળી અને મહોલ્લામાં સ્ક્રીનિંગ કરવું હોય તો મોડેલ એજન્સીઓને રજૂઆત કરો અને ખાનગી ડૉક્ટરોને તેમના પ્રાઈવેટ હોસ્પિટલ ચાલુ રાખવા માટે હાઈકોર્ટ કોઈ નિર્દેશ આપશે નહિ.

વૈષ્ણોદેવી અંગે અફવા ફેલાવનાર મોહમ્મદ શેખની ક્રાઇમ બ્રાન્ચે કરી ધરપકડ

વડોદરા

હાલ કોરોનાને ડરને કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતી ઉદ્ભવી છે. લોકોને તંત્ર દ્વારા ઘરમાં રહેવા માટે જ અપીલ કરવામાં આવી રહી છે. અકારણ લોકોને એકત્ર પણ નહી થવા માટે જણાવાઇ રહ્યું છે. તેવામાં દિલ્હીની નિઝામુદ્દીન ખાતે તબલીગી જમાતનાં કારણે સમગ્ર દેશમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ તબ્લિગી જમાતમાંથી ચેપગ્રસ્ત થઈને અનેક અનુયાયીઓ સમગ્ર દેશમાં પણ ગયા અને જાણે અજાણે તેમણે દેશનાં અનેક હિસ્સાઓમાં કોરોનાનો ચેપ ફેલાવ્યો. જેના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા બાદ સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે.

જો કે આ તમામ દાવાઓ વચ્ચે પણ ગુજરાતમાં કેટલાક જમાતમાં ગયેલા શખ્સો હજી પણ છુપાઇને બેઠા છે. તેઓ સામે આવવા માંગતા નથી. જેના કારણે તંત્ર દ્વારા સર્વેલન્સ સહિતનાં ઇન્ટેલિજન્સ દ્વારા તેમને પકડવા માટેનાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તો બીજી તરફ આ સ્થિતીમાં લાજવાને બદલે ગાજી રહેલા કેટલાક શખ્સો વાતાવરણનો ફાયદો ઉઠાવીને અફવા ફેલાવવા લાગ્યા છે. અન્ય ધર્મો અને તેનાં લોકોને બદનામ કરવા માટે ખોટા મેસેજ વાયરલ કરી રહ્યા છે. જેના અનુસંધાને પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદમાં લોકડાઉન છતાં ૪૮ લોકો જાહેરનામાનો ભંગ કરતા ઝડપાયા

અમદાવાદ

કોરોના વાઈરસને કારણે લોકડાઉન હોવા છતાં જાહેરનામાનો ભંગ કરનારા ૪૮ જણાની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ટેરેસ પર એકઠા થયેલા ચાર શખ્સોની પણ ધરપકડ કરાઈ હતી. જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. સેટેલાઈટમાં ઈસ્કોન મંદિર નજીક રિક્ષામાં દારૂ લઈને જઈ રહેલા બે શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી. તે સિવાય આંબાવાડી એક્સાઈઝ સર્કલ પાસે ચાનુ ટેબલ રાખતા જાવેદ શેખની પોલીસે ધરપકડ કરી હતી. વસ્ત્રાપુરમાં મેમનગર સોનલ ચાર રસ્તા પાસે સુકિત એપાર્ટમેન્ટના ધાબા પર એક મહિલા અને ત્રણ શખ્સો ડ્રોનની નજરે ચડતા પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. શહેરના વેજલપુર, સરખેજ, પાલડી, ચાંદખેડા, વસ્ત્રાપુર અને રાણીપ વિસ્તારમાં એકઠા થયેલા કુલ ૪૮ની પોલીસે ધરપકડ કરીને તેમની વિરૂદ્ધ જાહેરનામાનો ભંગ કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એક સલામઃ ગામના સરપંચે ઘરેણાં ગીરવે મૂકીને ગરીબોને પાંચ-પાંચ હજાર આપ્યા

મહુવા

હાલ દેશભરમાં ૨૧ દિવસનું લૉકડાઉન ચાલી રહ્યું છે. આ લૉકડાઉન વચ્ચે શ્રમિકો પરેશાન છે. તેમને બે ટંક ખાવા માટેના ફાંફાં પડી રહ્યા છે. શહેરો નહીં પરંતુ ગામડાઓમાં પણ મજૂરી કરીને ગુજરાત ચલાવતા પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યારે મહુવા તાલુકાના એક ગામના સરપંચે માનવતાનું એવું ઉદાહરણ પૂરું પાડ્યું છે, ગામના લોકો તેમને દુઆ દેતા થાકતા નથી. સરપંચા પોતોના ઘરેણા ગીરવા મૂકી દરેક ગરીબોના ઘરે અનાજ અને રોકડ સહાય પહોંચાડી છે.

મહુવા તાલુકામાં તાવેડા નામે એક ગામ આવેલું છે. ગામની વસ્તી આશરે ૩૫૦૦ લોકોની છે. લૉકડાઉનને કારણે ધંધા અને મજૂરીકામ બંધ થઈ જતાં ગામના સરપંચ દાનુભાઈ આયરને ગરીબ શ્રમિકોની ચિંતા કોરી ખાતી હતી. તેમણે મનમાંને મનમાં આ લોકોની મદદ કરવાની નક્કી કર્યું. સમસ્યા એ હતી કે તેમની પાસે પણ રોકડા રૂપિયા ન હતા. આથી તેમણે પોતાના તમામ દાગીના બેંકમાં મૂકીને ગામલોકોની મદદ કરવાનું મન બનાવ લીધું. તેઓ પોતાના દાગીના લઈને બેંકમાં પહોંચી ગયા અને સાડા નવ લાખ રૂપિયાની લોન લીધી હતી. બેંકમાં દાગીના જમા કરાવ્યા બાદ જે રકમ આવી તેમાંથી સરપંચ દાનુભાઈએ ગામના ગરીબ લોકોને કરિયાણું અપાવ્યું હતું. એટલું જ નહીં જે પણ ગરીબ પરિવારને રોકડમાં સહાયની જરૂરી હતી તેમને એક હજારથી લઈને પાંચ હજાર રૂપિયા આપ્યા હતા.

આ અંગે સરપંચે જણાવ્યું હતું કે, મેં મારા તમામ ઘરેણા બેંકમાં મૂકી દીધા છે. તેના બદલામાં મળેલા સાડા નવ લાખમાંથી ગરીબોને કરિયાણું આપ્યું છે. જેમને પણ રોકડ સહાયની જરૂરી હતી તેમને રોકડા આપ્યા છે. ગામનો કોઈ પણ વ્યક્તિ ભૂખ્યો ન ઉંઘી રહે તે માટેની મેં નેમ લીધી છે. જો જીવતા રહીશું તો ઘરેણા ફરીથી બનાવી લઈશું.

રાશન વિતરણનો સમય એક-બે દિવસ વધારાશે

તમામ તબીબો અને હોસ્પિટલ સ્ટાફને એન-૯૫ માસ્ક અપાશેઃ અશ્વિનીકુમાર

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનાં કેસોમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. તો કોરોના સામેની જંગમાં લડી રહેલાં ડોક્ટર્સ અને હોસ્પિટલ સ્ટાફ માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય કર્યો છે. ગુજરાતના તમામ તબીબો અને હોસ્પિટલ સ્ટાફને એન-૯૫ માસ્ક આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ સાથે જ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, જરૂર પડશે તો રાશન વિતરણનો સમય એક-બે દિવસ વધારવામાં આવશે.

સીએમ રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જણાવ્યું કે, ગુજરાતનાં તમામ તબીબો અને હોસ્પિટલ સ્ટાફને એન—૯૫ માસ્ક આપવામાં આવશે. રાજ્યના તબીબોને ૨૫ હજાર માસ્ક આપવામાં આવશે. સાથે જ અશ્વિનીકુમારે કહ્યું કે, મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફ સતત સેવારત છે તો ખાનગી ડોક્ટરોનું પણ મહત્વનું યોગદાન છે.આ ઉપરાંત રાશન વિતરણ અંગે મુખ્યમંત્રી ઓફિસના સચિવ અશ્વિનીકુમારે નિવેદન આપતાં જણાવ્યું કે, અત્યાર સુધી ૩૧ લાખ પરિવારને રાશન વિતરણ થઈ ચૂક્યું છે. તો મોટાભાગના જિલ્લામાં રાત સુધી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. અને જરૂર પડ્યે એક — બે દિવસ વિતરણનો સમય વધારવામાં આવશે. સાથે તેઓએ કહ્યું કે, હાલ તમામ ૭૨ શાક માર્કેટ કાર્યરત છે. અને ૧૦ હજારથી વધુ લોકો આશ્રય સ્થાન પર છે. આ ઉપરાંત આવશ્યક સેવાના સવા બે લાખ પાસ ઈશ્યુ કરવામાં આવ્યા હોવાનું અશ્વિનીકુમારે કહ્યું હતું.

પશુઓને ઘાસચારો નાખનાર ચારની ધરપકડ થતા ધાનાણીએ ધરણાં કર્યા

અમરેલી

હાલ લોકડાઉનની સ્થિતિ ચાલી રહી છે ત્યારે અમરેલીમાં ચાર યુવકોની ધરપકડ પોલીસે કરી હતી. પોલીસે ધરપકડ કરતાં નેતા વિપક્ષ પરેશ ધાનાણી બેઠા ધરણા પર ઉતર્યા હતાં.શહેરના રખડતા પશુઓને ઘાસચારો નાખતા સેવાભાવી યુવકોને પોલીસે ડીટેઈન કર્યા હોવાનું ધારાસભ્યએ જણાવ્યું હતું. જો કે પોલીસે તમામને સમજાવીને લોકડાઉનમાં ઘરે રહેવા સમજાવ્યું હતું.

વિધાનસભાાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે,ઘાસચારો ભરેલું ટ્રેકટર અને ૪ યુવકોને પોલીસે ડીટેઈન કર્યા હતાં.જેથી પરેશ ધાનાણી, વિરજી ઠુમ્મર, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિતના આગેવાનો ધરણા પર બેઠાં હતાં.સેવાભાવી યુવકોને પરેશાન કરાતા હોવાનો આક્ષેપ કરતાં ધાનાણીએ જણાવ્યું હતું કે, આ રીતે ગાયોની સેવા કરવી ગુનો હોય તો અમે પણ ગુનો કર્યો છે.

અમદાવાદમાં લોકડાઉનનો ભંગ, વૉલીબોલ રમતા ૪ નબીરાઓની ધરપકડ

અમદાવાદ

ભારત સહિત સમગ્ર વિશ્વમાં જીવલેણ કોરોના વાઈરસે હાહાકાર મચાવ્યો છે, ત્યારે ગુજરાતમાં પણ કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આવા કપરા સમયે કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે તકેદારીના ભાગરૂપે સરકાર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું છે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા જણાવાયું છે. આમ છતાં કેટલાક લોકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા, ત્યારે આવો જ એક કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, પોલીસ કંટ્રોલરૂમને સાંજે સ્થાનિક લોકોએ ફોન કરી વસ્ત્રાપુરના ચિન્મય ક્રિસ્ટલ ટાવરના ગ્રાઉન્ડમાં ૧૫ થી ૨૦ લોકો ભેગા થઈને વૉલીબોલ રમતા હોવાની ફરિયાદ કરી હતી. જે બાદ પોલીસે ઘટના સ્થળે પહોંચી, ત્યારે બિન્દાસ્ત રીતે વૉલીબોલ રમી રહેલા ૪ લોકોને ઝડપી પાડ્યા હતા. જેમની ઓળખ જિગ્નેશ ઠક્કર, પંકજ જૈન, હરેશ રાધાની અને વિજય મધાણ તરીકે થઈ છે.

લૉકડાઉનના ચુસ્ત પાલન દરમિયાન શહેરના પોશ વિસ્તારમાં બિન્દાસ્ત રમાઈ રેહલા આ ખેલને જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. હાલ પોલીસે તમામ નબીરાઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરમાં ઘરમાંથી બહાર નીકળી વાતો કરતા ચાર પાડોશીઓ વિરુદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર

લોકડાઉન દરમિયાન પોલીસના ઘણા કહેવા છતાં પણ લોકો ઘરમાં નથી રહેતા. ક્યારેક બહાર આંટો મારવા તો ક્યારેક સોસાયટીમાં એકઠા થઈને વાતો કરવા બેસી જાય છે. પરંતુ તમારા પાડોશી કે નજીકમાં રહેતા મિત્રો સાથે સોસાયટીમાં એકઠા થઈને વાતો કરવાનું તમને જેલમાં પહોંચાડી શકે છે. શક્ય છે કે પોલીસ ડ્રોન કેમેરા દ્વારા કોરોના વાયરસને ફેલાતો રોકવા અને લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવા માટે કદાચ તમને જ જોઈ રહી હોય. ગાંધીનગરની એક સોસાયટીમાં ચાર પાડોશીઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો છે. આ લોકો મંગળવારે ઘરમાંથી બહાર આવીને વાતો કરી રહ્યા હતા.

સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગાંધીનગરમાં આવેલા ખાંટવાસના ચાર યુવકો ઘરની બહાર બેસીને ગપ્પા મારતા પોલીસના ડ્રોન કેમેરામાં કેદ થઈ ગયા હતા. પોલીસે જણાવ્યું કે, ૨૫થી ૩૦ વર્ષની ઉંમર વચ્ચેના ચાર લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમનું ઉલ્લંઘન કર્યું હતું અને તેમની સામે એપિડમિક એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની લોકલ ટીમ ડ્રોન કેમેરાથી સેક્ટર ૨૦ નજીક પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેમણે યુવકોને જોયા. આરોપીઓની ઓળખ મહેન્દ્ર ઠાકોર, વિજય ભોજૈયા, સંજય દેવીપુજક અને નરસિંહ ભીલ તરીકે કરવામાં આવી છે.

નારાણપુરમાં વરદાન ટાવરમાં આગ ફાટી નીકળીઃ મોટી જાનહાનિ ટળી

અમદાવાદ

નારણપુરા વિસ્તારમાં શાસ્ત્રી નગર ખાતે આવેલ વરદાન ટાવરની સામે આજે સવારે આગ લાગી હતી. જોકે ફાયર બિગેડની સતર્કતાના કારણે કોઈ જાનહાની થઈ નથી આગ પણ સંપૂર્ણ બુઝાઇ ગઈ છે. ફાયર બિગેડના અધિકારી મિથુન ભાઈ મિસ્ત્રીના જણાવ્યા મુજબ શાસ્ત્રીનગર ખાતે આવેલા અમૂલ પાર્લરમા આગ લાગી હતી. જો કે ટાયર અને ઘીના ખાલી કેરબાના કારણે આગ વધુ પ્રસરેલી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર જ્યાં આગ લાગી ત્યાં પ્લાસ્ટિકના શેડ હતા જ્યારે બીજે માળ સુધી પણ ગેરકાયદેસર શેડ બનાવેલા હોવાથી આગ વધારે પ્રસરી હતી. જોકે ફાયર બિગેડે આગ બુઝાવી દીધી હતી. સદ્નનસીબે કોઈ જાનહાની થઈ નથી.

રાજકોટમાં બે બાળકો સહિત ૧૬ દર્દીઓમાં કોરોના શંકાસ્પદ લક્ષણો

રાજકોટ

રાજકોટ શહેર-જિલ્લા અને સૌરાષ્ટ્રના ૨ બાળકો સહિત ૧૬ દર્દીઓમાં શંકાસ્પદ કોરોના વાઈરસના લક્ષણો દેખાતા તેમના સેમ્પલ લેબમાં મોકલવામાં આવ્યા છે. જેના રિપોર્ટ પેન્ડિંગ છે. જેમાં રાજકોટ શહેરના ૧૦ જિલ્લાના ૩ અને અન્ય જિલ્લાઓના ૩ દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૬ દર્દીઓ પૈકી ૨ બાળકોમાં પણ શંકાસ્પદ કોરોના વાઈરસના લક્ષણો જણાતા સેમ્પલ લેબમાં મોકલાયા છે.

રાજકોટમાં છેલ્લા ૪ દિવસથી એકપણ પોઝિટિવ કેસ આવ્યો નથી. જેથી આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. રાજકોટમાં ગુરૂવારે તમામ ૬ કેસ નેગેટિવ આવ્યા હતા. જામનગર લેબમાં સૌરાષ્ટ્રના ૬ સેમ્પલ પણ નેગેટિવ આવ્યા હતા. રાજકોટ શહેરના ૩, જિલ્લાના ૩ ઉપરાંત દ્વારકાના ૩, જામનગર, મોરબી અને પોરબંદરના ૧-૧ સેમ્પલનો કોરોના નેગેટિવ રિપોર્ટ આવ્યા હતા. ભાવનગરમાં પણ ૧૩ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા.

ભાવનગર હોસ્પિટલમાં ગુરૂવારે સાંજથી સવાર સુધીમાં ૭ શંકાસ્પદ કોરોના વાઈરસના કેસ આવ્યા હતા. જેમના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી ૫ દર્દીના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, ૨ દર્દીના રિપોર્ટ બાકી છે.

તાપી જિલ્લામાં કલમ ૧૪૪ની મુદ્દતમાં વધારો કરાયો છે

વ્યારા

વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ 'કોરોના' વાયરસ COVID-૧૯ ને PANDEMIC જાહેર કરેલ છે. ભારત સરકાર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વખતો વખતની માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લઈ કોરોના વાયરસનો ચેપ ગુજરાતમાં ફેલાય નહિ તેની વિશેષ કાળજી લેવા ગુજરાત સરકાર તરફથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.જેના અનુસંધાને નોવેલ કોરોના વાયરસ COVID-૧૯ ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા માટે તાપી જિલ્લામાં તા.૨૦/૦૩/૨૦૨૦ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરી,જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો મુકવા આવેલ છે. તદ ઉપરાંત તા.૨૩/૦૩/૨૦૨૦ના રોજ ગુજરાત સરકાર ધ્વારા તથાતા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ ભારત સરકાર ધ્વારા પણ કોરોના વાયરસને નિયંત્રણમાં મુકવાનાં હેતુથી જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું જાહેરનામામાં પણ અગત્યની સુચના/માર્ગદર્શન આપવામાં આવેલ છે.જેથી તા.૨૦/૦૩/૨૦૨૦નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની સમયમર્યાદ તા.૩૧/૦૩/૨૦૨૦નાં રોજ પુર્ણ થવાથી સદરહું જાહેરનામાની મુદ્દત વધારવી જરૂરી જણાય છે.

સબબ, તાપી જિલ્લામાં કોરોના વાયરસનો ચેપ ફેલાતો અટકાવવા તથા ભારત સરકાર અને ગુજરાત સરકાર ધ્વારા પ્રસિધ્ધ કરવામાંઆવેલ ઉકત જાહેરનામાની અમલવારી સારૂ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.બી.વહોનિયા દ્વારા કેટલાક પ્રતિબંધો ફરમાવ્યા છે જે મુજબ,

૧, સમગ્ર તાપી જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીશ્રીની પૂર્વ લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

૨, મોલ, મલ્ટીપ્લેક્સ, સિનેમા અને નાટ્યગૃહ કે જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા. આ ઉપરાંત પાનનાં ગલ્લા, ચાની દુકાન (ટી-સ્ટોલ) તેમજ અન્ય ખાણી-પીણીની લારીઓ બંધ રાખવાની રહેશે.

૩, જીમ, સ્પોર્ટ કોમ્પ્લેક્ષ, સ્વીમીંગ પુલ, ડાંસ ક્લાસીસ, ગેઇમ ઝોન, ક્લબ હાઉસ કે જેમાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા.

૪, શૈક્ષણિક સંસ્થાઓ, ટ્યુશન ક્લાસ વિગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા.

૫, તમામ હોટલો, રેસ્ટોરન્ટ, ભોજનાલયના સંચાલકોએ ર્ંકૅંઢ્ઢ-૧૯ વાયરસને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી હાઈજીન/સેનીટેશનની વ્યવસ્થા કરી પુરતી તકેદારી રાખવાની રહેશે. તથા માત્ર હોમ ડીલીવરી/પાર્સલની સેવા જ ચાલુ રાખી શકાશે.

૬, કોઈપણ વ્યક્તિ/સંસ્થા કોરોના વાયરસ અંગેની કોઈપણ પ્રકારની અફવા પ્રિન્ટ કે સોશિયલ મીડિયા મારફતે ફેલાવશે તો તે ગુન્હો ગણાશે અને તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

૭, સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સુચના મુજબ તાપી જિલ્લાના હદ વિસ્તારના તમામ જીમ્નેશીયમ, વોટર પાર્ક, ઓડિટેરીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ, મેરેજ હોલ, લગ્ન વાડી, ગેમ ઝોન, રીક્રીએશન કલબ બંધ રાખવાના રહેશે.

૮, તાપી જિલ્લા હદ વિસ્તારમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ, ટ્યુશન ક્લાસ વિગેરે સ્થળોએ તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવે છે.

૯, જો કોઈ મુસાફર જાહેર થયેલ કોરોના વાઈરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તે અંગે નજીકની સરકારી હોસ્પિટલ ખાતે, (૨૪-૭) કંટ્રોલ રૂમ નં.૯૧-૧૧-૨૩૯૭૮૦૪૬ અથવા હેલ્પ લાઈન નં.૧૦૪ ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે.

રવિવારે ૯ વાગે પહેલા પાનાથી ચાલુ

કોરાના મહામારી વચ્ચે શુક્રવારે દેશવાસીઓ સાથે ૧૧ મિનિટનો એક મેસેજ શેર કરતા કહ્યું કે, ૫ એપ્રિલે આપણે સૌએ મળીને કોરોનાને પ્રકાશની શક્તિનો અનુભવ કરાવવનો છે. રાતે ૯ વાગે ઘરની તમામ લાઈટો બંધ કરીને બાલ્કનીમાં ઊભા રહીને નવ મિનિટ સુધી દીવો, મીણબત્તી, અથવા મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલું કરજો. જેને, તમસો મા જ્યોર્તિગમય. એટલે અંધકારથી પ્રકાશની તરફ જવા સમાન ગણાવ્યું હતું.

વડાપ્રધાને દરેક નાગરિકોને સોશ્યલ ડિસ્ટીંગના નિયમનો સખ્તાઈથી પાલન કરવા અને કરાવવાની હાકલ કરીને કહ્યું કે, આ કાર્યક્રમ વખતે કોઈએ ક્યાંય પણ ભેગા થવાનું નથી. રસ્તા પર શેરીઓ અથવા મોહલ્લામાં જવાનું નથી. તમારા ઘરની બાલ્કનીમાંથી જ કરવાનું છે. સોશિયલ ડિસ્ટન્સિંગની લક્ષ્મણ રેખાને ઓળંગવાની નથી. કોરોનાની ચેઈન તોડવાનો આજ રામબાણ ઈલાજ છે.

એટલા માટે જ રવિવારની રાતે થોડા સમય એકલા બેસીને મા ભારતીનું સ્મરણ કરો. સામૂહિકતાનો અહેસાસ કરો. આ આપણને સંકટના સમયમાં લડવાની શક્તિ આપશે. પીએમ મોદીએ આ મેસેજ દ્વારા છેલ્લા ૧૨ દિવસથી ઘરમાં રહેલા લોકોને મોટિવેટ અને તેમને કોરોના સામેની આગળની લડાઈ લડવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, તમે સૌએ જે રીતે અનુશાસન અને સેવાભાવ બન્નેનો પરિચય આપ્યો છે. તે અભૂતપૂર્વ છે. તમે સ્થિતિને સંભાળવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. તમે જે રીતે રવિવારના દિવસે કોરોના વિરુદ્ધ લડાઈ લડનારા સૌનો આભાર માન્યો તે આજે દરેક દેશ માટે ઉદાહરણ બન્યો છે. જનતા કર્ફ્યૂ હોય, થાળી વગાડવાનો કાર્યક્રમ હોય. તમે દેશની સામૂહિક શક્તિનો અનુભવ કરાવ્યો છે. દેશ એકજૂથ થઈને કોરોના વિરુદ્ધ લડી શકે છે. હવે લોકડાઉન વખતે દેશની સામૂહિકતા જોવા મળી રહી છે. આજે જ્યારે દેશના કરોડો લોકો ઘરમાં છે ત્યારે કોઈને પણ લાગી શકે છે કે તે એકલો શું કરશે, ઘણા લોકો એવું પણ વિચારી રહ્યા હશે કે આવડી મોટી લડાઈને એકલા કેવી રીતે લડીશું. હજુ અમુક દિવસો પસાર કરવાના છે. આપણે આપણા ઘરોમાં જરૂર છીએ પણ આપણામાંથી કોઈ એકલું નથી. ૧૩૦ કરોડના દેશવાસીઓની સામૂહિક શક્તિ દરેક વ્યક્તી સાથે છે.

કોરોના વાયરસ પહેલા પાનાથી ચાલુ

પર કડક પગલા લીધા છે. કેન્દ્રએ તબ્લિક જમાતના ૬૯૦ બ્રિટિશ, ૪ અમેરિકન, ૬ચીન અને ૩ ફ્રાન્સના નાગરિક છે. આ સાથે જ યુપીની યોગી સરકારે નિર્ણય કર્યો છે કે ડ્યૂટી કરી રહેલી પોલીસ પર હુમલો કરનારાઓ પર રાસુકા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

તબ્લિક જમાતમાં આવ્યા ૯૬૦ વિદેશી બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા

દિલ્હીની તબ્લિક જમાતમાં આવેલા વિદેશીઓમાંથી ૯૬૦ને સરકારે બ્લેકલિસ્ટ કરી દેવાયા છે. તેમના વિઝા પણ રદ કરી દેવાયા છે. જેમાંથી ૩૭૯ ઈન્ડોનેશિયાઈ, ૧૧૦ બાંગ્લાદેશી, ૯ બ્રિટિશ, ૪ અમેરિકન, ૬ ચીની અને ૩ ફ્રાન્સના નાગરિક છે.

આ પહેલા ગુરુવારે દેશભરમાં ૪૮૬ દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતો. આ એક દિવસમાં સંક્રમણનો સૌથી મોટો આંકડો છે. જેના એક દિવસ પહેલા બુધવારે દેશમાં આ સંક્રમણના ૪૨૪ કેસ સામે આવ્યા હતા. આ સાથે ઉત્તરપ્રદેશ સરકારે આદેશ આપ્યો છે કે કોરોના કટોકટીમાં ડ્યૂટી કરી રહેલા પોલીસકર્મીઓ પર હુમલો કરનારા રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

લોકડાઉનના કારણે પહેલા પાનાથી ચાલુ

એટલે ગંગાનદીમાં સામુહિક સ્નાન બંધ થયું છે.

ગંગા નદીમાં વહેતો ઉદ્યોગોનો કચરો અને માનવ કચરો પણ નિયંત્રણમાં આવ્યો છે. એ કારણે ગંગાના પાણીમાં પણ શુદ્ધિ જોવા મળી હતી. ગંગાના મોટાભાગના મોનિટરિંગ સેન્ટર્સમાં ગંગાનું પાણી નહાવા યોગ્ય થયું છે. સીપીસીબીની નોંધ પ્રમાણે હજુ ૧૨ દિવસના લોકડાઉન દરમિયાન જળ અને વાયુનું પ્રદૂષણ ઘટશે. દેશના નાના શહેરોમાં પણ હવાની ગુણવત્તા પહેલા કરતા ઘણી સારી હોવાનું નોંધાયું હતું.

કવિતાબેન લાલવાલાનું દ:ખદ અવસાન થયું

સુરતી મોઢવણિક સમસ્ત પંચના પ્રમુખ હસમુખભાઈ લાલવાલાના પત્ની કવિતાબેન ના દુ:ખદ અવસાન બદલ સમાજની સમાધાન કમિટિના કન્વીનર મહેશભાઈ ડોકટર, સહ કન્વીનર બંસીભાઈ ગાંધી તથા કારોબારીના સભ્યો ભાઈઓ તથા બહેનો દુ:ખદ લાગણી અનુભવી સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ પ્રદાન કરે તેવી શ્રદ્ધાંજલી પાઠવી છે.

ઓલપાડમાં રેશન કાર્ડની દુકાનમાં સરળતા પૂર્વક અનાજનું વિતરણ

અનાજ વિતરણ પારદર્શિતા અને વ્યવસ્થઆ જાળવવા શિક્ષકોની મદદ

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ગામોમાં પંડિત દીનદયાળ ગ્રાહક કેન્દ્રો પરથી તા. ૧લી એપ્રિલથી રાજ્ય સરકારની જાહેરાત મુજબ ગરીબ પરિવારોને ચોખા, દાળ, ઘઉં, મીઠુ, તેલ જેવી આવશ્યક ચીજ-વસ્તુઓનો પુરવઠો નિ:શુલ્ક પુરો પાડવાની કામગીરીનો પ્રારંભ થયો છે. જેમાં કોરોના વાયરસના સંક્રમણની ભીતિને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા સસ્તા અનાજની દુકાનો પર સોશિયલ ડિસ્ટન્સને ધ્યાને લઈ સમાંતર અંતરે વર્તુળ અંકિત કરી તકેદારી રાખવામાં આવી રહી છે. દરેક અનાજ વિતરણ કેન્દ્રો પર યોગ્ય લાભાર્થીને પોતાના હકનો પુરવઠો મળી રહે તે માટેની પારદર્શિતા જાળવવા ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક ભાઈ-બહેનોને ઓલપાડ મામલતદારશ્રી દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા છે. ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બળદેવભાઈ પટેલે આ કામગીરીમાં જોડાયેલા શિક્ષક ભાઈ-બહેનો સહિતના તલાટી-કમ-મંત્રીઓ, ગ્રામસેવકો, પોલિસ-જી.આર.ડી. જવાનો, સરપંચો તથા આગેવાનોની આ નિ:સ્વાર્થ ફરજને બિરદાવી આ કામગીરી સુપેરે પાર પડે એવી આશા વ્યક્ત કરી હતી.

એક જ પરિવારની ત્રણ બહેનોના કૂવામાં પડી જતાં મોત

દાહોદ

પંચમહાલ જિલ્લામાંથી રૂવાંટા ઉભા કરી દે તેવી એક ઘટના સામે આવી છે. જેમાં એક જ પરિવારની ત્રણ બાળકીઓ રમતા-રમતા કુવામાં પડી ગઈ હતી, જેમના સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દાહોદના દેવગઢબારિયા તાલુકાના અભલોડ ગામે લોકડાઉન વચ્ચે અચાનક એક જ પરિવારની ત્રણ બાળકી કુવામાં પડી જતા મોત થયા છે, જેને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

સૂત્રો અનુસાર, ત્રણે બહેનો મનીષા, સેજલ અને રાધા લુહાર પોતાના ઘર નજીક રમી રહી હતી, પરિવારના સભ્યો ઘરમાં હતા તે સમયે ઘર પાસે આવેલા કુવામાં બાળકીઓ રમતા-રમતા અચાનક પડી ગઈ. પરિવાર બાળકીઓને જોવા માટે બહાર આવ્યો, તુરંત તેમને બચાવવા લોકોએ પ્રયાસ શરૂ કર્યો. ગ્રામજનો અને પરિવારે બાળકીઓને કુવામાંથી બહાર કાઢી પરંતુ ત્યાં સુધીમાં તો ત્રણેના શ્વાસ થંભી ગયા હતા. આ ઘટનાની જાણ ગ્રામજનોએ પોલીસને કરતા પોલીસ ઘટના સ્થળ પર આવી પહોંચી હતી. પોલીસે સ્થળ પર જઈ બાળકીઓના કેવી રીતે મોત નિપજ્યા તે મામલે માહિતી મેળવી ત્રણે બાળકીઓના મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અચાનક એક જ પરિવારની ત્રણ બાળકીના મોત થતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

મોદીના વીડિયો સંદેશ પર કોંગ્રેસની રાજનીતિ શરૂ

સરકાર જનતાની રક્ષા કરવામાં નિષ્ફળ ગઈ: રાજીવ સાતવ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાનો કહેર ચરમસીમાએ છે. ત્યારે આજે આખા દેશને વડાપ્રધાન મોદીના વીડિયો સંદેશ આપ્યો હતો, તેના પર હવે ગુજરાત કોંગ્રેસે રાજનીતિ કરવાનું શરૂ કર્યું છે. ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે આજે પીએમના વીડિયો સંદેશ બાદ એક ટ્વિટ કર્યું કર્યુ રાજીવ સાતવે જણાવ્યું કે સરકાર જનતાની રક્ષા કરવામાં નિષ્ફળ ગઈ છે. એકવાર ફરી નિરાશા હાથ લાગી છે. આ ટ્વિટ બાદ જાણે કોંગ્રેસના નેતાઓ એક પછી એક નિવેદનો કરવા લાગ્યા હતા.

કોરોના સંકટ વચ્ચે કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પર નિશાન તાક્યું હતું અને ગુજરાતમાં કોરોના મુદ્દે રાજ્યમાં થયેલા સર્વે સામે કોંગ્રેસે અનેક સવાલો ઉઠાવ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આશંકા વ્યક્ત કરી હતી કે, રાજ્યમાં સર્વેના આંકડાની રાજ્ય સરકારે માયાજાળ રચી છે. હાલના સમયમાં સરકાર આંકડાની માયાજાળ ન રચે તેના માટે સરકારને અનુરોધ કર્યો હતો. ૮૦ ટક લોકોનો આરોગ્ય સંબંધિત સર્વે કરાયો નથી તેવો પણ ખુલાસો કર્યો હતો. આંકડા જાહેર કરવામાં સરકારે ઉતાવળ કરી હોવાનું પણ સરકારે જણાવ્યું છે.

બીજી બાજુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આજે પત્રકાર પરિષદ યોજી સૌ પ્રથમ કેન્દ્ર સરકાર પર નિશાન સાંધ્યું હતું. અમિત ચાવડાએ કહ્યું કે કેન્દ્ર સરકારે ડબલ્યુએચઓ દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ જાહેર કરાયેલી એડવાઈઝરીનું પાલન કર્યું નથી. જેને લઈને દેશના લોકોને પરેશાનીનો સામનો કરવા પર મજબૂર થવું પડ્યું છે.



કોરોના વાઈરસ સામે જંગ લડવા લોક ડાઉનની સ્થિતિમાં ખડે પગે સેવા બજાવતા પોલીસના જવાનો ટીઆરબી તથા હોમગાર્ડના જવાનોના સ્વાસ્થ્યની તપાસ માટે સુરત પોલીસ દ્વારા આજથી ત્રણ ચેકઅપ વાન કાર્યરત કરવામાં આવી છે. ચેકઅપ વાનને લીલીઝંડી દેખાડી સેવા માટે અર્પણ કરતા સૂરત પોલીસ કમિશનર બી.આર.બ્રહ્મભટ્ટ

ચામડચીડીયામાં રહેલા ૧૩૭ પૈકીના ૬૧ જેટલા વાઈરસથી માણસને ઈન્ફેકશન થઈ શકે

લોકોને કોરોનાની હકીકતથી વાકેફ કરવા ચેમ્બર દ્વારા કોરોના ઈફેક્ટ્સ: શુ, કેમ એ કેવી રીતે વિષય ઉપર મહત્વનો વેબીનાર યોજાશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ૩૧ માર્ચે સાંજે ૫:૦૦ કલાકે 'કોરોના ઈફેકટ્સ : શું, કેમ અને કેવી રીતે'વિશે ફેલાતી જાતજાતની વાતોને બદલે વાસ્તવિકતા ઉપર પ્રકાશ ફેંકવા વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અર્પણ હોસ્પિટલ અને આઈસીયુના એમડી ડો. હેમંત અંતાણીએ કોરોના વાયરસ વિશેની હકીકત તેમજ તેના લક્ષણો અને નિદાન વિશે ખૂબ જ ઉંડાણપૂર્વકની માહિતી આપી હતી. સાથે જ તેમણે બધાને કોરોના વાયરસના ચેપથી બચવા માટે ઘરોમાં જ સુરક્ષિત રહેવાની અપીલ પણ કરી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે આખા દેશને કોરોનાએ ભીસમાં લઈ લીધો હોય તેમ બધી બાજુ કોરોના વાયરસ વિશે જ વાતો થઈ રહી છે. સોશિયલ મિડિયમના માધ્યમથી કોરોના વિશે કેટલીક સાચી તો કેટલીક ખોટી માહિતી ફેલાઈ રહી છે. આથી લોકોને કોરોના વાયરસના હકીકતથી વાકેફ કરવા માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

ડો. હેમંત અંતાણીએ જણાવ્યુ હતુ કે કોરોના એક પ્રકારનો વાયરસ છે, જે ચામાચિડીયામાંથી બહાર આવ્યો છે. ચામાચીડિયો ૧૩૭ જેટલા વાયરસ સાચવે છે અને તેમાંથી ૬૧ જેટલા વાયરસથી માણસને ઈન્ફેકશન થાય છે. પેંગોલીન નામનું પ્રાણી પણ ચાઈનામાં પ્રચલિત છે અને ત્યાંના લોકો એને ખોરાકમાં લે છે. આ પ્રાણીનો ઉપયોગ ઘણા વર્ષોથી ચાઈના કરે છે. આ પ્રાણી પણ કોરોના વાયરસને સાચવે છે.

ઈન્કયુબેશન પિરિયડ વિશે તેમણે જણાવ્યુ હતુ કે, વ્યકિતને આ વાયરસનો ચેપ લાગે છે ત્યારે ચારથી પાંચ દિવસ સુધી તેના લક્ષણો દેખાતા નથી. વ્યકિત બહાર કોઈ જાહેર સ્થળે ગઈ હોય અને ત્યાં તેને ચેપ લાગ્યો હોય અને ત્યારબાદના પાંચમા દિવસે તેને શરદી, ઉધરસના લક્ષણો જણાઈ આવે તો તેનો ઈન્કયુબેશન પિરિયડ પાંચ દિવસનો કહેવાય છે. એકમાંથી બીજા વ્યકિતને જયારે તેનો ચેપ લાગે છે ત્યારે તેને તબીબી ભાષામાં ડ્રોપલેટ ટ્રાન્સમીશન કહેવાય છે. કોવિડ–૧૯ના દર્દીને શરદી અને ખાંસી થતી હોય તો તેમાંથી બહાર પડેલો વાયરસ એકજ જગ્યાએ લાંબા સમય સુધી પડી રહે છે. હવામાં બેથી ત્રણ કલાક અને સ્ટીલ ઉપર ત્રણથી ચાર દિવસ રહે છે. આ સમયગાળા દરમિયાન સ્વસ્થ વ્યકિત જયારે આ સરફેસને ટચ કરે છે ત્યારે તેને આ વાયરસનો ચેપ લાગે છે.

આના લક્ષણોની વાત કરીએ તો પહેલાં શરદી, ઉધરસ આવે છે. પરંતુ અતિશય થાક લાગવુ એ સૌથી મોટુ લક્ષણ છે. આવા સમયે તુરંત ડોકટરની સલાહ લેવી જોઈએ. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો તેમજ જેમને હૃદયની તકલીફ હોય, ડાયાબિટીસ હોય તો તેઓએ વધારે કાળજી રાખવી જોઈએ. હાલના સંજોગોમાં દર અડધા કલાકે વીસ સેકન્ડ સુધી હાથને સાબુથી અથવા હેન્ડવોશથી સ્વચ્છ ધોવા જોઈએ. આંખો ચોડવાનુ તેમજ નાક અને મોઢાને હાથ લગાવવાની કુટેવ બંદ કરવી જોઈએ.

કોવિડ– ૧૯ના દર્દીઓ કોમ્પ્લીકેટેડ ના હોય તો તેઓ બે–ત્રણ દિવસમાં સારા થઈ જાય છે. કોરોનાને કારણે બીજા બધા ટેસ્ટ પણ કરવા પડે છે. શરીરના અન્ય અંગોને એના કારણે કોઈ નુકસાન થયુ છે કે કેમ તે તપાસવા માટે ટેસ્ટ કરવા પડે છે. ફેફસાને નુકસાન થયુ છે કે કેમ તે તપાસવા માટે સિટી સ્કેન કરવાનું હોય છે. જો કે, સિટી સ્કેનથી કોરોનાનુ નિદાન થતુ નથી. તેમણે કહયુ કે, નાકના પાછળનો ભાગ અને મોઢામાં ટોન્સીનના ભાગમાંથી કોરોના માટેના સેમ્પલ લેવામાં આવે છે. રાજયમાં અમદાવાદ અને જામનગર સિવિલ હોસ્પિટલમાં ટેસ્ટ થઈ રહયાં છે. સુરતમાં ટેસ્ટ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. જો કે, ટેસ્ટ માટેની કીટ ખૂબ જ મોંઘી હોવાથી ખાનગી લેબમાં હજી તેના ટેસ્ટ કરવામાં આવતા નથી.

ડો. અંતાણીએ વધુમાં કહયુ કે, હાલના સંજોગોમાં ડેટા પુરતો ન હોવાથી તેની ઉપર કોઈ મેડીસીન બનાવી શકાઈ નથી. અત્યારે તો મેલેરીયામાં વપરાતી દવાનો અન્ય દેશોમાં ઉપયોગ કરવામાં આવી રહયો છે. જયારે ભારતમાં કોરોનાના દર્દીઓને સાજા કરવા માટે એચઆઈવીની દવા પણ સારો રિસ્પોન્સ આપી રહી છે. જેને શરદી અને ઉધરસ થઈ હોય તેણે માસ્ક પહેરવાની જરૂર છે. એક મીટર અંતર એનાથી રાખવુ જોઈએ. મહેરબાની કરીને ઘરમાં જ રહો, બહાર ન જાઓ. આનાથી તમે પોતાને, પરિવારને તથા સોસાયટીના લોકોને સુરક્ષિત રાખી શકશો. વિદેશથી આવ્યા છો તો તુરંત તંત્રનો સંપર્ક સાધો અને ત્યારબાદ પણ ત્રણ વીક સુધી બહાન ન નીકળો. ભયભીત થવાની જરૂર નથી પણ સાવચેતી રાખવી પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, મેડીકલ ફેટર્નીટી માટે પણ આ વાયરસ નવો છે. આની બિહેવીયર આગળ શુ થશે તેનાથી કોઈ પરિચીત નથી. આની ક્ષમતા કયારે બદલાઈ શકે તેના વિશે કશુ કહી શકાય નહીં. આ વાયરસ અત્યંત ચેપી છે એટલે આ વાયરસને ફેલાતો અટકાવવો પડશે. ઉનાળામાં વાયરસ ચાલ્યો જશે એવુ માની ન લેવુ જોઈએ. કારણ કે આના વિશે કોઈ ચોકકસ ગાઈડલાઈન નથી. હાલની સ્થિતિ મુજબ એક વર્ષ સુધી આની વેકસીન મળશે નહીં. સામાજિક બિહેવીયર અને એટીટયુડને કારણે વાયરસ ફેલાઈ રહયો છે. કોવિડ ૧૯ દર્દીને ફરીથી પણ થઈ શકે છે. આ વ્યકિત બે અઠવાડિયા સુધી બહાર નહી નીકળી શકે. દર્દીએ ચોવીસ કલાકની અંદર બે શ્રોબ લેવાના હોય છે. આને એપેડેમિક સ્ટેજ કહેવામાં આવે છે. અત્યારે આપણે સ્ટેજ ટુમાં છીએ. કોરોનાની અફવાથી દૂર રહેવા માટે સરકારનું કોવિડ ટ્રેકર દિવસમાં બે વખત જોવાનુ રાખો. તેમણે કહયુ કે, આ વાયરસના ચેપથી બચવા માટે ઘરોમાં રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

વેબીનારમાં ડો. અંતાણીએ કોરોના વિશે લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપી તેઓને આ વાયરસની હકીકતથી વાકેફ કર્યા હતા. ચેમ્બરના ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઈએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.



સમગ્ર દેશના લોકડાઉન પાળીને અભૂતપૂર્વ રીતે એકતા દાખવીને કોરો વાઈરસ સામે લડત ચલાવી રહ્યા છે. ત્યારે ૨૧ દિવસના લોક ડાઉનમાં આજે ૧૦ દિવસે પણ સુરતના લોકો અભૂતપૂર્વ રીતે એકતાનું પ્રદર્શન કરવા સામે લોકડાઉનનો સજ્જડ રીતે અમલ કરી રહ્યા છે.

હજીરામાં ઔદ્યોગિક એકમ મનપાને રૂ. એક કરોડની સહાય

સુરત

શહેરના ઉદ્યોગ સાહસિકો અને વાણિજ્યિક સંસ્થાઓએ કોરોના વાઈરસની વિકટ પરિસ્થિતિમાં સહાયરૂપ થવાં આગળ આવ્યા છે. સુરતના હજીરા ખાતે આવેલી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સુરત યુનિટ દ્વારા કોરોના સામે લડવા અને જરૂરિયાતમંદોની મદદ માટે સુરત મહાનગરપાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીને રૂ. એક કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમણે અન્ય ઉદ્યોગ સાહસિકોને સેવા ભાવ માટે પ્રેરણા આપી હતી. ઉપરાંત, સુરતના હજીરા સ્થિત આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા લિ. (પહેલાનું નામઃ એસ્સાર સ્ટીલ) દ્વારા કોરોના સંકટ સામે લડવા 'અક્ષયપાત્ર' ફાઉન્ડેશન માટે ૩૦૦૦ કિલો ચોખા, ૧૦૦૦ કિલો દાળ અને ૧૦૦૦ લીટર તેલ દાનમાં આપવામાં આવ્યું હતું.

અન્ન બ્રહ્મ યોજનાના લાભાર્થીઓને ફુડ બાસ્કેટ વિતરિત કરાશે

વ્યારા

સંવેદનશીલ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનની સ્થિતિ વચ્ચે, NFSA રેશનકાર્ડ ધારકોને વિના મૂલ્યે અનાજનું વિતરણ કરવાના લેવાયેલા નિર્ણય મુજબ, તાપી જિલ્લામાં પણ ૧,૧૫,૭૮૫ રેશનકાર્ડ ધારકોને માહે એપ્રિલ માસના અનાજનો જથ્થો વિતરણ શરૂ કરાયું છે. જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર તાપી જિલ્લામાં કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના કુલ ૧,૭૩,૦૬૨ રેશનકાર્ડ ધારકો પૈકી ૧,૧૫,૭૮૫ NFSA હેઠળના રેશનકાર્ડ (જનસંખ્યા ૫,૩૮,૬૫૭) ધારકોને માહે એપ્રિલ ૨૦૨૦ માસનો જાહેર વિતરણ વ્યવસ્થાનો જથ્થો વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

જે મુજબ લાભાર્થીઓને આગોતરા ટોકન આપવા, કે ફળીયા દીઠ વિતરણ કરવાનું આયોજન કરી, વાજબી ભાવની દુકાન ખાતે ગીર્દી ન થાય, અને સોશીયલ ડીસ્ટન્સ જળવાઇ રહે તે માટે એક એક મીટરના અંતરે સર્કલ બનાવી તે મુજબ ગ્રાહકોને અનાજનું વિતરણ કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૪/૨૦૨૦ સુધીમાં ઓફલાઇન પધ્ધતિથી NFSA કાર્ડધારકોને વિતરણ કરવા, અને આ વેળા બાયોમેટ્રીકનો ''આગ્રહ'' નહિ રાખવા પણ સંબંધીતોને સૂચના આપવામાં આવી છે.આ ઉપરાંત અન્નબ્રહ્મ યોજનાના લાભાર્થીઓને તા.૦૪/૦૪/૨૦૨૦ થી તા.૦૬/૦૪/૨૦૨૦સુધીમાં'' ફુડ બાસ્કેટ'' કીટ વિતરણકરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વિતરણ સમયે લાભાર્થીઓના હાથની સફાઇ માટે સેનીટાઇઝર/હેન્ડ વોશ/સાબુની વ્યવસ્થા જે તે વાજબી ભાવના દુકાનદારો ઘ્વારા કરવામાં આવે, અને લાભાર્થીઓ તેનું પાલન કરે તે બાબતની ખાતરી ગ્રામ્ય કક્ષાની ટીમ દ્વારા કરવાની બાબતો પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.આ ઉપરાંત જે લોકો રેશનકાર્ડ ઘરાવતાં નથી, અને અત્યંત ગરીબ, નિરાધાર, ઘર અને કુટુંબ વિહોણા છે તેવા વ્યક્તિઓ કે જેઓને અન્નબ્રહ્મ યોજના અંતર્ગત, સરકારશ્રીની સુચના મુજબ નિયત કરાયેલા અનાજનો જથ્થો મળે તે બાબતની કાળજી રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. અન્નબ્રહ્મ યોજના હેઠળ અપાતા ''ફુડ બાસ્કેટ'' માં (૧) ૧૦ કિલો ઘઉં, (૨) ૧.૫ કિલો ચોખા, (૩) ૧ કિલો ખાંડ , (૪) ૧ કિલો ચણાદાળ,અને (૫) ૧ કિલો મીઠું આપવામાં આવનાર છે.આ ઉપરાંત Home Quarantine માં રાખવામાં આવેલા છે, તેવા લાભાર્થીઓને FPSદુકાનદાર દ્વારા Home Delivery, એટલે કેલાભાર્થીના ઘરે જઇ અનાજનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.તા.૧લી એપ્રિલે યોજના અમલીકરણના પ્રથમ દિવસે તાપી જિલ્લામાં આવેલ NFSA હેઠળના રેશનકાર્ડ પૈકી અંદાજે ૩૦ % કાર્ડધારકોનેઅનાજનું વિતરણ કરાયું છે.જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલે આ કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે તે માટે તમામપગલાંઓ લેવા ઉપરાંત, સંબંધિત તાલુકા મામલતદારો દ્વારા ફ્લાઈંગ સ્કવોર્ડ બનાવી કામગીરીનું નિરિક્ષણ કરવામાં આવી રહ્યુંહોવાનું, અનેજ્યાંજરૂર જણાશેત્યાંરાજ્ય કક્ષાએથી મળેલી સૂચના મુજબ રાત્રીના ૧૦ વાગ્યા સુધી વિતરણ વ્યવસ્થાચાલુ રાખવામાં આવશેતેમ પણ વધુમાં જણાવ્યું છે.

સુરત કોંગ્રેસ દ્વારા સેંકડો લોકો માટે ભોજન સેવા યજ્ઞ

સુરત

વિશ્વભરમાં હાહાકાર મચાવનાર નોવેલ કોરોના વાયરસ (Covid-19) ની મહામારી સામે લડવા સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખશ્રી બાબુભાઈ રાયકા અને વિપક્ષી નેતાશ્રી પ્રફુલભાઈ તોગડીયાના માર્ગદર્શન નીચે સુરત શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉધના દરવાજા ખાતે ભૂખ્યાને ભોજન અને રાહત કેમ્પમાં આજે સતત પાંચમા દિવસે ૪૭૦૦ થી વધુ ફૂટ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. લોક ડાઉનની સ્થિતિ વચ્ચે શ્રમિકો અને જરૂરિયાત મંદો માટે મોટા પ્રમાણમાં પ્રતિદિન સવાર સાંજ રસોઈ તૈયાર કરી ભોજન સેવા યજ્ઞ કાર્યરત કરાયો હોવાનું આ તસ્વીરોમાં નજરે પડે છે.

ડાંગના ભગતો દ્વારા સેનેટાઈઝ માટે આર્યુવૈદિક વનસ્પતિની મદદ

સુરત

કોરોના વાઈરસની મહામારીને પગલે સમગ્ર વિશ્વ હાલમાં ભારે મુસીબતનો સામનો કરી રહયું છે. કોરોના પ્રત્યે સાવધ બની રાજય સરકારશ્રી દ્વારા તકેદારીના ભાગરૂપે અનેક પગલાઓ લેવામાં આવી રહયા છે. ત્યારે ડાંગ જિલ્લામાં વહીવટી તંત્રની સાથે સાથે આયુર્વેદિક જડીબુટ્ટીઓથી ઉપચાર કરતા વૈદો કે, જે ભગતોના નામથી પ્રખ્યાત છે તેઓ પણ આ મહામારીને નાથવા માટે પોતાની ઔષધિઓ દ્વારા સેનેટાઈઝ કરી વનસ્પતિઓની મદદ લઈ રહયા છે.

લાંબાસોંઢા ગામના ભગત જતરૂભાઈ સાવનભાઈ ગવાર જણાવે છે કે કોરોના વાઈરસની વાતથી અમે આખા ગામને સ્વચ્છ કરી વનૌઔષધિ વાળા પાણીનો છંટકાવ કરી રોગમુક્ત કરેલ છે. તથા વનસ્પતિઓ નાંખી ઉકાળેલુ પાણી ગામના દરેક વ્યકિતને આપીએ છીએ.

શિવારીમાળના વૈદ રોહિદાસભાઈએ જણાવ્યું હતું કે અમે કુલ ૬ પ્રકારની વનસ્પતિ ગળો, તુલસી, ભોકળ, બીલીપત્ર,અરડુસી જેવી ઔષધિનો ઉપયોગ કરીએ છીએ. ગળો ની વનસ્પતિ બાવન પ્રકારના રોગને ભગાડે છે. ગળોને વાટી પાણીમાં બોળી તેનું એક ચમચી પાણી લેવાથી શરીરની તંદુરસ્તી ખૂબ સારી રહે છે. અમે અમારા ગામમાં પણ લોકોને જાણકારી આપી પારંપારિક જ્ઞાનથી કોરોના વાઈરસને અટકાવવાના પ્રયાસ કરી રહયા છે. અમે કંદ,મૂળ,પાન વિગેરેથી લોકોના ઉપચાર કરીએ છીએ.

શાકભાજી કરિયાણા દુકાન બહાર ભાવપત્ર ફરજીયાત પણે મુકવું

વધારે ભાવ વસુલનાર દુકાનદારો સામે સખત કાર્યવાહી કરાશે

આહવા

કોરોના વાઈરસની ગંભીરતા જોતા સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં જાહેર કરાયેલ લોકડાઉનની પરિસ્થિતિને કારણે જન-જીવન પ્રભાવિત થયું છે. ત્યારે ડાંગ જિલ્લામાં પણ ટ્રાન્સપોર્ટ વાહન વ્યવહાર ખોરવાઇ જતા જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ માટે લોકો હાડમારી ન વેઠે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ અસરકારક પગલાઓ લેવાઇ રહયા છે.

ડાંગ જિલ્લા કલેકટર શ્રી એન.કે.ડામોરે તમામ વેપારીઓને સખ્ત તાકીદ કરી છે કે અનાજ કરીયાણુ, કઠોળ, શાકભાજી-ફળો,દુધ,દવાઓ વિગેરે જીવન જરૂરિયાતની તમામ ચીજ-વસ્તુઓના ભાવો ધારા-ધોરણ મુજબના લેવાના રહેશે. દેશમાં કોરોના વાઇરસને કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં ગરીબ અને સામાન્ય પરિવારના લોકો સહિત બીજા કોઇપણ ગ્રાહકો પાસેથી વધુ ભાવ લઇ તકનો લાભ લેતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી કલેકટરશ્રી ડામોરે આપી છે.

ડાંગના આહવા,વઘઇ અને સુબીર એમ ત્રણે તાલુકા મથક સહિત ગામોના વેપારીઓ દ્વારા ગ્રાહકો પાસે જીવન જરૂરિયાતની વસ્તુઓના વધુ ભાવ લેવાની ફરિયાદ આવે તે તુરંત આકસ્મક ચેકીંગ હાથ ધરાશે. આ બાબતે સબંધિત મામલતદારશ્રીને સૂચના આપવામાં આવી છે. આવા વેપારીઓ સામે નિયમાનુસાર કાયદેસર કાર્યવાહી કરતા પણ જીલ્લા વહીવટી તંત્ર અચકાશે નહી.

એક શંકાસ્પદ મહિલા દર્દીનું મોત થયું, રિપોર્ટ નેગેટિવ આવ્યો

સુરતમાં બે દિવસમાં ૧૬ શંકાસ્પદ દર્દીઃ પોલીસ જવાનોને ચેકઅપ માટે વાન ફરશે

સુરત

શહેરમાં દિવસે દિવસે શંકાસ્પદ દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે. બે દિવસમાં વધુ ૧૬ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા હતા. જેમાં ૬ વ્યક્તિ વિદેશ અથવા આંતરરાજ્ય પ્રવાસ કરી સુરત આવ્યા હતા. જ્યારે અન્ય ૧૦ની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હતી. આ તમામ ૧૬નો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જ્યારે શંકાસ્પદ દર્દીઓ પૈકીની એક મહિલા દર્દીનું ટુકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ શંકાસ્પદ દર્દીઓની સંખ્યા ૧૫૩ થઈ ગઈ છે. જેમાંથી ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા છે. જ્યારે ૧૩૬ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.ફરજ બજાવતા પોલીસ જવાનોના હેલ્થ ચેકઅપ માટે ૩ વાનને પોલીસ કમિશનરે લીલીઝંડી આપી છે.



શહેરમાં છેલ્લા બે દિવસમાં વધુ ૧૬ શંકાસ્પદ દર્દીઓ સામે આવ્યા હતા. જેમાં રાજસ્થાનો પ્રવાસ કરી આવેલા પાલના ૮૦ વર્ષીય વૃદ્ધ, ઓડીસ્સા,યુપી, કલકત્તાનો પ્રવાસ કરી આવેલી દિલ્હી ગેટ વિસ્તારની ૨૬ વર્ષીય મહિલા, ડૂબાઈનો પ્રવાસ કરી આવેલા ઈચ્છાનાથના ૨૧ વર્ષીય યુવક, ભાવનગરનો પ્રવાસ કરી આવેલા અડાજણના ૬૫ વર્ષીય વૃદ્ધ, કેનેડાનો પ્રવાસ કરી આવેલી સિટીલાઇટ ની ૨૦ વર્ષીય યુવતી અને મુંબઈ થી આવેલા મહિધરપુરા ના ૩૨ વર્ષીય યુવક તેમજ કોઈ પણ ટ્રાવેલ હિસ્ટ્રી ન ધરાવતા વેસુના ૧૪ વર્ષીય તરૂણ, ફુલપાડાની ૪૦ વર્ષીય મહિલા, છાપરાભાઠાના ૭૦ વર્ષીય વૃદ્ધ, પુણાના ૨૬ વર્ષીય યુવક, પાલની ૬૧ વર્ષીય વૃધ્ધા, પાલના ૫૮ વર્ષીય આધેડ, નવસારી બજારના એક વર્ષીય બાળક, પાંડેસરાના ૨૬ વર્ષીય યુવક, કતારગામના ૩૮ વર્ષીય યુવક અને ગોડાદરા ના ૨૦ વર્ષીય યુવકને શંકાસ્પદ લક્ષણો જણાતા સિવિલ, સ્મીમેર તેમજ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વલસાડ જિલ્લામાં કુલ ૧૩૦ વ્યક્તિ કોરોન્ટાઈન હેઠળ

વલસાડ

વલસાડ જિલ્લામાં મહામારી કોરોના વાયરસ સામે તકેદારીના ભાગરૂપે લેવાયેલા પગલાંઓની જાણકારી આપવા માટે કલેક્ટ ૨ સી.આર.ખરસાણની અધ્યાક્ષતામાં કલેક્ટસર કચેરીના સભાખંડ ખાતે પ્રેસ કોન્ફારન્સકનું આયોજન કરાયું હતું.

આ પત્રકાર પરિષદને સંબોધતા કલેક્ટરે જણાવ્યું હતુંકે, આજની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૧૨૮ વ્યક્તિઓને હોમકોરેન્ટાઈન અને બે સરકારી ફેસીલીટીમાં કોરેન્ટાઈન મળી કુલ ૧૩૦ વ્યક્તિઓ હોમકોરેન્ટાઈનમાં છે. હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૭,૯૪,૮૫૯ (૯૮.૫૬ ટકા) વ્યક્તિઓનોસર્વે કરવામાં આવ્યો છે. જેમાં ૩૫ શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરાતાં ૩૪ના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૬૧૬૯ લોકોએ ૧૪ દિવસો સહિત હોમ કરોનટાઈન પૂર્ણ કરેલ છે. વલસાડ જિલ્લામાં આજદિન સુધી કોવિદ-૧૯નો એકપણ પોઝીટીવ કેસ જોવા મળ્યો નથી. કોરોના વાયરસના સંક્રમણના શંકાસ્પદ કેસો જે દિલ્હીની હોટસ્પોટ દ્વારા અલગ તારવવામાં આવ્યા છે. તે પૈકી જેમના સરનામાં વલસાડ જિલ્લામાં મળ્યા છે, તેવા ૪૦ વ્યક્તિઓમાંથી ૨૦ વ્યક્તિઓને હોમકોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. વધુ ચકાસણી કરતાં બાકીના ૨૦ વ્યક્તિ જિલ્લા બહારના છે. વલસાડ જિલ્લામાં સિવિલ હોસ્પીટલ ખાતે ૭૨ અને તાલુકાઓમાં ૧૦૦ કોરોન્ટાઈન બેડ મળી ૧૭૨ બેડ તેમજ રોગચાળો વધવાની સંભવિત સ્થિતિને પહોંચી વળવા આગોતરી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. જે પૈકી વલસાડ જિલ્લાની જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ અને હોસ્પિટલ, વલસાડ ખાતે આઈસોલેશન બેડની સંખ્યા વધારીને ૧૦૦ અનેઆઈ.સી.યુ. બેડની સંખ્યા ૧૮ કરવામાં આવી છે. આ ઉપરાંત ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલ વાપી ખાતે ૭૫ આઈસોલેશન અને-૦૪ આઈ.સી.યુ. બેડ, વેવ હોસ્પિટલ મોતીવાડા-પારડી ખાતે ૩૦ આઈસોલેશન બેડ અને શ્રીસાંઈનાથ હોસ્પિટલ ધરમપુર ખાતે ૩૦ આઈસોલેશન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. જરૂર પડયે એન્જિનિયરિંગ કૉલેજ ગર્લ્સ હોસ્ટેલના મકાનનો ઉપયોગ કરાશે. સીટીઝન તરફથી ૧૨૩૩ કોલ મળ્યા હતા, જે કોલ મુજબ જરૂરિયાતોને મદદ પહોંચાડી છે. ૧૦૪ માં કોલ આવેલ હોય એ ૪૪ અને ૧૦૮માં આવેલ કોલના -૦૮ દર્દીઓની તપાસ કરવામાં આવી છે. જિલ્લામાં કોરોના વાયરસને રોકવાના અગમચેતીના ભાગરૂપે વિવિધ જાહેરનામાઓ દ્વારા ૧૪૪ કલમ, કામદારોને વેતન આપવા, લોકડાઉનનું ચુસ્તે પાલન કરવા વગેરે સૂચનાઓ આપવામાં આવી છે. મહારાષ્ટ્ર ના બોર્ડર ઉપરથી આવતા લોકોનું સ્ક્રીનિંગ કરવા માટે ભિલાડ ચેકપોસ્ટ ખાતે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વધુ ભાવ લેતા દુકાનદારો સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે. સોશીયલ ડીસ્ટન્સીંગ જળવાય તે માટે દરેક દુકાનદારોને વ્યવસ્થા ગોઠવવા જણાવાયું છે, જેમાં જાહેર જનતાનો સહયોગ પણ આવશ્યક છે.લોકડાઉન દરમિયાન જાહેરનામાના ભંગ બદલ ૪૨૮ લોકો સામે એફ.આઈ.આર., ૪૮૪ની ધરપકડ, ૧૩૦૪ વ્હીકલ સીઝ અને એક લાખ જેટલો દંડ વસુલ્યો છે. જિલ્લામાં લોકડાઉન દરમિયાન ઘરવિહોણા લોકોને ૭૧૯૧૨ કીટ, ૧૧૨૦૦ કિ.ગ્રા શાકભાજી, ૨૩૧૨૩ કીટનું સ્લમ વિસ્તારમાં વિતરણ વિના મૂલ્યે. વિતરણ તથા ૯૮ હજાર કિ.ગ્રા શહેરીજનોને વેજીટેબલ ઓન વ્હીકલ્સ હેઠળ ઘરઆંગણે શાકભાજી અને ફળફળાદિનું તેમજ ૮,૯૮,૬૮૧ લીટર દૂધનું વેચાણ કરાયું હતું.

અદાણી ગ્રુપ દ્વારા પીએમ કેર્સ ફંડમાં રૂ.૧૦૦ કરોડનું દાન

સુરત

કોરોના સંકટમાં દેશવાસીઓને સહાયરૂપ થવાં અદાણી ગ્રુપ સંચાલિત અદાણી ફાઉન્ડેશન દ્વારા પીએમ કેર્સ ફંડમાં રૂ.૧૦૦ કરોડનું દાન આપવામાં આવ્યું છે. ઉપરાંત, ગુજરાત માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં પણ અદાણી ફાઉન્ડેશન દ્વારા રૂ. ૦૫ કરોડનું દાન આપવામાં આવ્યું છે. જ્યારે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ. એક કરોડનો ફાળો આપવામાં આવ્યો છે.

કોરોના સંકટના કારણે દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ છે, ત્યારે અદાણી ફાઉન્ડેશને સામાજિક જવાબદારીના ભાગરૂપે અનેકવિધ સહાય કરી સરકારની કોરોના સામેની લડાઈમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. જેમાં અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાં કાર્યરત આરોગ્ય કર્મચારીઓ અને ડોક્ટરો માટે પર્સનલ પ્રોટેકશન કીટ અર્પણ કરી હતી. અદાણી ફાઉન્ડેશન સંચાલિત 'ફૂલો ઝાનો સક્ષમ આજીવિકા સખી મંડળ' (PJSASM) સ્વસહાય જૂથની ૧૦૦ મહિલાઓએ રાત દિવસ મહેનત કરી તૈયાર કરેલા એક લાખ માસ્કને ઝારખંડ રાજયના ગોડ્ડા જિલ્લાના વહીવટીતંત્રને સોંપવામાં આવશે.

છતીસગઢના સુરગુજામાં અદાણી ફાઉન્ડેશન સંચાલિત શ્રી મહિલા સહકારી ઉદ્યમી બહુઉદ્દેશી સહકારી સમિતિ (MSUBSS) દ્વારા ૧૫ હજાર માસ્ક તૈયાર કરવામાં આવી રહ્યા છે. તૈયાર થયેલા માસ્કનું આસપાસના ૧૦ ગામોમાં હેન્ડવોશ અને સેનેટાઈઝરની સાથે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કચ્છના મુન્દ્રામાં અદાણી ફાઉન્ડેશનના કર્મચારીઓ રોજમદાર મજૂરો અને ટ્રકચાલકો માટે દૈનિક એક હજાર ફૂડ પેકેટ તૈયાર કરવામાં રોકાયેલા છે. જયારે કેરળના વિઝિંજામમાં આવશ્યક સેવામાં રોકાયેલા ઓટોરિક્ષાચાલકો, ટેમ્પો ટેક્સી ડ્રાઈવરો, દૂધ અને શાકભાજી લઈ જતાં વાહનચાલકો અને પોલીસ કર્મચારીઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિઝિંજમમાં વિવિધ સ્થળોએ હેન્ડવોશિંગ સ્ટેશનો પણ સ્થાપવામાં આવ્યા છે.



કોરોના વાયરસની મહામારી અંગે ઘર વગરના નિરાધાર લોકો તાપી નદી કિનારે બેસીને લોકડાઉનનો સમય પસાર કરી રહ્યાં છે. જાગૃત બનેલા નિરાધાર લોકો પણ દુર દુર બેસીને સોશિયલ ડીસ્ટન્ટનો અમલ કરતા થઈ ગયા હોવાનું તસ્વીરમાં જણાય છે.

ભરૂચ જુમ્માની નમાજ પઢવા એકઠા થયેલ મૌલવી સહીત આઠ ની ધરપકડ કરતી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ



ભરૂચ : હાલમાં સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં કોરોના વાયરસ (coVID19) ફેલાયેલ હોય અને ફેલાયેલ વાયરસનાં સંક્રમણને અટકાવવા સરકાર તરફથી "લોક ડાઉન" જાહેર થયેલ હોય જે અનુસંધાને ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ "લોક ડાઉન×નો કડક અમલ કરાવવા સુચના આપેલ તેમજ હાલમાં દીલ્હી ખાતે તબીલીગી જમાત દ્વારા થયેલ મરકઝ બાદ કોઈ પણ ધાર્મીક સ્થળે શ્રધાળુઓ એકત્ર ના થાય તે બાબતે ખાસ તકેદારી રાખવા રાજ્ય સરકાર એ જણાવેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ડી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર "એ" ડીવી.પો.સ્ટે. પો.ઈન્સ. એ.કે. ભરવાડને માહીતી મળેલ કે, ભરૂચ શહેરના રતન તળાવ વિસ્તારમાં આવેલ ઝેન દાદા બાવાની મજીદમાં કેટલાક ઈસમો રાજય સરકારના જાહેરનામાનો ભંગ કરી જુમાની નમાજ પઢવા મજીદમાં એકઠા થયેલ હોય જે બાતમીના આધારે રેઈડ કરતા મજીદમાં (૧) ઈસ્માઈલ ભાઈ હાફેઝીભાઈ પટેલ રહે, પ્રમુખ સ્વામી કોમ્પલેક્ષ, સોનેરી મહેલ રોડ, ભરૂચ નાઓ મજીદના ટ્રસ્ટી છે. (૨) ઈમરાન ઉમરજી પટેલ રહે, રતન તળાવ, મેજીદ પાસે, ભરૂચ (૩) અસ્ફાક મહમંદ કુરેશી રહે, ભઠીવાડવાડ , ચાર૨સ્તા, ભરૂચ) વસીમ લાલુખાન ખાન રહે, રીલીફ ટોકીઝ કંપાઉન્ડ, ભરૂચ મુળ રહે, જી.ઈ.બી ની પાછળ, બલીઠા, વલસાડ (૫) ઉદુશખાન ઉર્ફે મોહમંદ લાલુખાન પઠાણ રહે, રીલીફ ટોકીઝ કંપાઉન્ડ, ભરૂચ મુળ રહે, જી.ઈ.બી ની પાછળ, બલીઠા, વલસાડ(૬)ખાલીદ અસ્લમ શેખ રહે, રતન તળાવ, ભરૂચ (૭) મોહમદ વસીમ મોહમદ સલીમ ખલીફા રહે, સોનરી મહેલ, ભરૂચ (૮) અફરાન મહબુલ શેખ (મૌલવી) રહે, રતન તળાવ, ભરૂચ નાઓ મળી આવેલ જે તમામ મળી આવતા આ ઈસમો વિરૂધ્ધ ભરૂચ શહેર "એ" ડીવી.પો.સ્ટે.માં ગુનો દાખલ કરી તમામ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે

પલસાણા અને કડોદરાના કામદારોને ૧૮ હજાર રાહત કીટનું વિતરણ કરાશે

ઉદ્યોગોની મદદ કીટ તૈયાર કરાવની કામગીરી પુરજોશમાં

સુરત

કોરોનાની મહામારીથી બચવા માટે જાહેર કરાયેલા લોકડાઉનના કારણે કડોદરા અને પલસાણા ખાતે આવેલી ફેક્ટરીઓના કામદારો તથા જરૂરિયાતમંદોને મુશ્કેલી ન પડે એ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારની પ્રેરણાથી સ્થાનિક ઉદ્યોગકારોના સહયોગથી જીવનજરૂરી ચીજવસ્તુઓની ૧૮ હજાર કીટ તૈયાર કરવામાં આવી રહી છે. કીટ તૈયાર કરવાની કામગીરી પુરજોશમાં શરૂ છે, તેમજ કીટનું પેકિંગ પૂર્ણ થવાના આરે છે, ત્યારે આજરોજ મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે કીટ તૈયાર કરવાની કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યમાં રોકાયેલા સ્વયંસેવકોનો તેમણે ઉત્સાહ વધાર્યો હતો. તેમણે કામદારો તથા જરૂરિયાતમંદોને રાહતકીટ પહોચાડવાની કામગીરી શક્ય તેટલી ત્વરાથી કરવાનો અનુરોધ કર્યો હતો.

૧૩ વર્ષીય બાળકીને પૈસાની લાલચ આપી ૫૫ વર્ષના આધેડે દુષ્કર્મ આચર્યું

સુરત

રાજ્યનાં સુરત શહેરમાં ફરીથી સમાજને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સુરતના પુણા વિસ્તારમાં ૧૩ વર્ષીય બાળકીને દૂરના સંબંધી ૫૫ વર્ષીય આધેડે પૈસાની લાલચ આપી પોતાના ઘરે બોલાવી અવારનવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી દેતા પુણા પોલીસે બાળકીની માતાની ફરિયાદના આધારે આધેડ વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતના પુણા વિસ્તારમાં રહેતા રાજસ્થાની પરિવારની ૧૩ વર્ષ ૬ માસની એક બાળકી તેમના પરિવારના દૂરના સંબંધી નાં ઘરે અવારનવાર જતી હતી. જોકે, ૫૫ વર્ષીય રામલાલ અગ્રવાલે તેને પૈસાની લાલચ આપી એક વખત દુષ્કર્મ આચર્યા બાદ અવારનવાર તે જ લાલચે ઘરે બોલાવી દુષ્કર્મ આચર્યું હતું.

પરિણામે બાળકી ત્રણ માસ અગાઉ ગર્ભવતી બની જતા પરિવારને જાણ થઈ હતી. પરિવારજનો દુષ્કર્મ આચરનાર દૂરના સંબંધીનું નામ જાણી ચોંક્યા હતા. આ અંગે શરૂઆતમાં તેમણે સમાજના અગ્રણીઓને સાથે રાખી કોઈક માર્ગ શોધવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમાં તેમને સફળતા ન મળતા છેવટે બાળકીની માતાએ રામલાલ અગ્રવાલ વિરૂદ્ધ ગત રાત્રે પુણા પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પુણા પોલીસે ૫૫ વર્ષીય રામલાલ અગ્રવાલની ધરપકડ કરી છે.

નર્મદાના અંતરિયાળ વિસ્તારમાં ઓછું અનાજ અપાતું હોવાની બુમ, કલેકટર પગલાં લે એવી માંગ



નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના માથાસર અને પાટવાલી ગ્રામજનોએ સસ્તા અનાજના દુકાનદારો દ્વારા ભ્રષ્ટાચાર આચરાતો હોવાના ગંભીર આક્ષેપો લગાવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લોકડાઉન દરમિયાન ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ-કરિયાણા ની અછત ન પડે તે માટે સરકારે ૧લી એપ્રિલ થી ૩જી એપ્રિલ સુધી સસ્તા અનાજની દુકાનો પર નિ:શુલ્ક વિતરણની શરૂઆત કરી છે.દરમિયાન નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારો માં નિયમ કરતા ઓછું અનાજ અપાતું હોવાની બુમો ઉઠી છે.દુકાનદારો અને અધિકારી ઓ આદિવાસીઓને છેતરે છે અને નિયમ કરતા ૫૦% ઓછું અનાજ આપતા હોવાના ગંભીર આક્ષેપો લગાવી નર્મદા જિલ્લા કલેકટર આ મામલે તપાસ કરે એવી આદીવાસીઓની માંગ છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના માથાસર અને પાટવાલી ગ્રામજનોએ સસ્તા અનાજના દુકાનદારો દ્વારા ભ્રષ્ટાચાર આચરાતો હોવાના ગંભીર આક્ષેપો લગાવ્યા હતા.પાટવાલી ગામના આગેવાનોએ જણાવ્યું હતું કે અમે ૨ જી તારીખે અમે સસ્તા અનાજની દુકાને અનાજ લેવા ગયા ત્યારે ઓછા અનાજની ફરિયાદ લઈને એક વિધવા મહિલા ત્યાં બેઠી રડતી હતી.બાદમાં અમે ડેડીયાપાડા તાલુકાના પ્રાંત અધિકારી,મામલતદાર,નાયબ મામલતદાર નો ટેલિફોનિક સંપર્ક કર્યો.અને એક ટિમ અમારા ગામમા આવી અને ગ્રાહકોની સામે જ અનાજ તોલાવ્યું ત્યારે નિયમ કરતા લગભગ ૫૦% અનાજ ઓછું અપાતું હોવાનું કૌભાંડ બહાર આવ્યું.બાદમાં તપાસ ટીમના અધિકારીઓ એ પંચકેસ કરી ઉપલી કક્ષાએ રિપોર્ટ પણ કર્યો હતો.પાટવાલી ગામના પાંડિયા વસાવા, ગણેશ વસાવા, ગંભીર વસાવા, નૂરજી વસાવા તથા દિનેશ વસાવાએ જણાવ્યું હતું કે અગાઉ પણ જે ગ્રામજનોને અનાજ આપ્યું હતું એ પણ નિયમ કરતા ઓછું અપાયું હતું.અમારા ગામમા તો ઘણા સમયથી આવું જ ચાલે છે.અત્યારે અને પેહલા જે અનાજ અપાયું એની ગુણવત્તા બિલકુલ ખરાબ છે.છેલ્લા ઘણા સમયથી અમારા વિસ્તારની સસ્તા અનાજની દુકાનોમાં ખરાબ અનાજ આવે છે તથા મોટા ભ્રષ્ટાચારો થાય છે.

સીનીયર સીટીજન મહિલાના દિકરા ની જેમ ફરજ બજાવી માનવતાની મહેકાવતી દહેજ પોલીસ

હાલમાં દેશ કોરોના COVID-19ની મહામારીથી મુશ્કેલીમાં છે અને આ મહામારીને આગળ પ્રસરતી અટકવવા માટે ભારત સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે,આ લોક ડાઉન દરમ્યાન રાજેન્દ્રસિંહ ચુડાસમા પોલીસ અધિક્ષક ભરૂચ નાઓએ સુચના કરેલ કે,સરકારી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવવો તથા જરૂરીયાતમંદોની તમામ પ્રકારની મદદ કરવી જે અનુસંધાને ડી.પી. વાઘેલા,નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ, ભરૂચ માર્ગદર્શન હેઠળ દહેજ પોલીસ સતત પ્રયત્નશીલ છે.

આજરોજ ધમ ધમતા તાપમાં અટાલી ગામની ચેક પોસ્ટ,ખાતે પોલીસ ઈન્સપેક્ટર એ, સી,ગોહીલ તથા દહેજ પોલીસ સ્ટાફના કર્મચારીઓ ફરજ ઉપર હાજર હતા. આ દરમ્યાન એક સીનીયર સીટીજન મહિલા કોલીયાદ ગામ તરફથી ચાલતા ચાલતા ભરૂચ દહેજ રોડ પર આવતા નજરે પડેલા જેઓ ખુબ થાકી ગયેલા જણાયેલા, જે સીનીયર સીટીજન મહીલાને ચેક પોસ્ટ ખાતે બેસાડી તેમને ચા-પાણી કરાવેલ અને બાદમાં શાંતિથી વાતચીત કરતાં મહીલાએ જણાવેલ કે, તેઓનું નામ પ્રતાપબેન બાધરસંગ સીધા છે અને તેઓ મુળ કોલીયાદ ગામના વતની છે અને હાલમાં દહેજ ખાતે તેમની દીકરી સાથે રહે છે.પોલીસે આટલી બધી ગરમી અને આ લોકડાઉન હોવા છતાં પણ તમે કેમ ઘરેથી નિકળ્યા.? તમારે શુ મદદની જરૂર છે જણાવો અમે મદદ કરીશુ તેવું કહેતા, જણાવેલ કે, અટાલી ગામની બેંકમાં તેમનું ખાતું છે અને સરકાર તરફથી તેમાં કાંઈક રકમ સહાય માટે જમા કરાવેલ છે તે ઉપાડવી છે. જેથી આ મહિલા એકલા હોય અને ગરમી ખુબ જ હોય આ મહિલાને પોલીસ કર્મચારીની મોટર સાયકલ પર બેંક પર મોકલેલ અને મહિલાની મદદ કરી બેંકમાંથી સરકાર દ્વારા જમા કરવામાં આવેલ રૂપિયા-૨,૦૦૦/-ની સહાય મહિલાને મેળવી આપેલ, અને તેમને પરત અટાલી થી દહેજ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરેલ. આમ દહેજ પોલીસે સીનીયર સીટીજન મહિલાના દિકરાની જેમ ફરજ બજાવી, પોતાની માનવીય સેવા અદા કરેલ,આ સમગ્ર ઘટના દરમ્યાન મોટી ઉમરના મહિલાની ઓખમાં પાણી આવી ગયેલ અને પોલીસ કર્મચારીઓને ૧૦૦ વર્ષ જીવો અને દેશની આવી જ સેવા કરતા રહો તેવા આશીર્વાદ આપેલ.

સુરતમાં ૧૦માં દિવસે પણ લોક ડાઉનનો સ્વયંભૂ સજ્જડ અમલ

કોરોનાની મહામારી સામે લડવા લોકોએ એકતાના દર્શન કરાવ્યાં

સુરત

આજે લોકડાઉનનો દશમો દિવસ, ૨૧ દિવસના લોક ડાઉનને આજે ૧૧ દિવસ બાકી રહ્યાં છે, જ્યારે લોગોમાં એક વ્યાપક ચર્ચાએ જોવા મળે છે કે લોક ડાઉન સરકાર લંબાવશે કે પછી બે ચાર દિવસ લોકડાઉન ખોલીને ફરી પાછો અમલ કરાવશે?

સુરત શહેરમાં પણ લોકડાઉનનો લોકો કડક પણે અમલ કરી રહ્યાં છે. લોકડાઉનમાં ગરીબ શ્રમજીવી લોકોને બે ટાઈમ સમયસર ભોજન મલી રહે એ માટે રાજકીય પાર્ટીઓ, સેવાભાવી સંસ્થાઓ તથા સરકારી તંત્ર દ્વારા ઠેર ઠેર ભોજન બનાવીને વિતરણ કરવામાં આવી રહ્યું છે. કોરોના વાઈરસના મહામારીની ચેઈન તોડવા માટે લોક ડાઉન જ રામબાણ ઈલાજ છે. લોક ડાઉનની સાથે સોશ્યલ ડિસ્ટન્સિંગ પણ ખુબજ જરૂરી છે.

સુરત ન.પ્રા. શિક્ષકો એક દિવસનો પગાર રાહત ફંડમાં દાન કરશે

કોરોના વાઈરસના સંકટમાં સુરત જિલ્લાના પ્રાથમિક શિક્ષકો સમાજ અને સરકારની પડખે

સુરત

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ જેવી મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ પૂરી તાકાત અને તૈયારી સાથે કોરોના સામે લડી રહ્યા છે. આ સંજોગોમાં સરકારને મદદરૂપ થવાના આશયથી સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કિરીટભાઈ પટેલના પ્રસ્તાવને વધાવી લેતાં જિલ્લાના પ્રાથમિક શિક્ષક ભાઈ-બહેનોએ પોતાનો એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહતફંડમાં આપવાની જાહેરાત કરી છે.

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી વિશ્વજીતભાઈ ચૌધરીએ સૌ તાલુકા ઘટક સંઘના આ માનવીય અભિગમને આવકારવા સાથે આ મહામારીમાં સૌ શિક્ષકમિત્રોને સમાજની સુખાકારી માટે સતત ખડેપગે રહેવા જણાવ્યું હતું. સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સૌ હોદ્દેદારોએ જિલ્લા કલેકટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીને સંપૂર્ણ સહયોગ આપવાના શુભ હેતુ સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને શિક્ષકોના માર્ચ પેઈડ ઈન એપ્રિલના પગારમાંથી એક દિવસનો પગાર કાપવા લેખિત રજૂઆત કરી છે.

સુરત મનપાએ પ્રા.શાળાઓમાં સહાયતા કેન્દ્રો શરૂ કરી દીધા

સુરત

નોવેલ કોરોના વાયરસ (COVID-૧૯) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. મોટાભાગના રાજ્યોમાં આ મહામારીએ પગપેસારો કર્યો છે અને ગુજરાતમાં પણ અનેક શહેરોમાં નોવેલ કોરોના વાયરસ (COVID-૧૯) ના કેસો નોંધાયા છે. કોરોના વાયરસ ફેલાવો ન થાય તે માટે અનેક તકેદારી લેવામાં આવી રહી છે. કોરોના વાયરસના ચેપને ફેલાવતો અટકાવવા અગમચેતીનાં પગલાં રૂપે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. આ સ્થિતિમાં ખાસ કરીને શ્રમિકો, ખુલ્લામાં રહેતા ઘરવિહોણા લોકો તથા અન્ય એવા લોકો કે જેઓ પોતાની રોજબરોજની જરૂરિયાતો દૈનિક આવકમાંથી પૂરી કરતા હોય છે. તેઓને હાલની પરિસ્થિતિમાં વિશેષ મદદની જરૂરિયાત રહે છે. જેથી આવા જરૂરિયાતમંદ લોકોને ભોજન સમયસર મળી રહે તે વિશેષ જરૂરી છે. જે સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા નગર પ્રાથમિક શાળાઓમાં વરાછા-એ ઝોનમાં ૫, વરાછા–બી ઝોનમાં ૧, સેન્ટ્રલ ઝોનમાં ૭, કતારગામ ઝોનમાં ૨, લિંબાયત ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૧, ઉધના ઝોનમાં ૨ અને અઠવા ઝોનમાં ૧ મળી કુલ ૨૦ રીલીફ સેન્ટર ચાલુ કરવામાં આવ્યા છે. રીલીફ સેન્ટરમાં જરૂરિયાત ધરાવતા લોકોને રહેવા, જમવાની તેમજ જરૂરી તમામ પ્રાથમિક સગવડો પૂરી પાડવામાં આવી છે. વધુમાં આ મહામારીના સમયમાં સોશયલ ડિસ્ટન્સ જળવાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

તા.૦૨/૦૪/૨૦૨૦ના રોજ રીલીફ સેન્ટરમાં કુલ ૨૦,૯૮૪ લોકોને આશ્રય આપવામાં આવ્યો છે. આ રીલીફ સેન્ટરમાં આશ્રય આપવામાં આવેલ લોકોને કુલ ૨૬,૭૪૨ ફુડ પેકેટ તથા ભોજન આપવામાં આવેલ છે. તેમજ રીલીફ સેન્ટર સિવાય અન્ય જગ્યાએ કુલ ૧,૩૨,૪૪૦ ફુડ પેકેટ અને કુલ ૬૯૯ રાશનની કીટોનું વિતરણ કરવામાં આવેલ છે.

કોરોના વાઈરસ અંગે તાપીમાં ૧૨ શેલ્ટર હોમ શરૂ કરાયા

સુરત

COVID-૧૯ મહામારીને પગલે તાપી જિલ્લામાં માઈગ્રેટ થઈને આવેલા વ્યક્તિઓ માટે, ૧૨ શેલ્ટર હોમ શરૂ કરવામાંઆવ્યા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હર્ષદ પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, તાપી જિલ્લામાં માઈગ્રેટ થઈને આવેલા કુલ ૩૦૭ વ્યક્તિઓ માટે ૧૨ જેટલા શેલ્ટર હોમ, કલેક્ટર શ્રી આર.જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયા છે. જેમાં વ્યારા તાલુકામાં ૨, ડોલવણમાં ૧, વાલોડમાં ૨, સોનગઢમાં ૨, ઉચ્છલમાં ૧, નિઝરમાં ૨, અને કુકરમુંડા તાલુકામાં ૨ શેલ્ટર હોમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ શેલ્ટર હોમ પૈકી વ્યારા તાલુકામાં-૭૫, વાલોડમાં-૭૮, સોનગઢમાં-૧૧૯, નિઝરમાં-૩૫ એમ કુલ-૩૦૭ વ્યક્તિઓને શેલ્ટર હોમમાં રાખવામા આવ્યા છે. આ તમામ સ્થળોએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માસ્ક અને સેનિટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત અહી રાખવામા આવેલા તમામ લોકોની દિવસમાં બે વાર તાલુકાની હેલ્થ ટિમ દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન સોનગઢ તાલુકાના શેલ્ટર હોમ ખાતે ૧ બાળકને તાવના લક્ષણો જણાતા, તેને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દાખલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા

કોરોના સંદર્ભે ઝોન કક્ષાએ હેલ્પ લાઈન નંબરો શરૂ કરાયા

જરૂરી જાણકારી માટે ફોન પર સંપર્ક કરવો

સુરત

નોવેલ કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિમાં આ વાયરસના ચેપને ફેલાતો અટકાવવા અગમચેતીનાં પગલાંરૂપે ૨૧ દિવસ માટે સમગ્ર દેશમાં લોકડાઉન અમલી છે, જેમાં શહેરીજનોની અનુકુળતા અને સુવિધા માટે સુરત મહાનગરપાલિકા કક્ષાએ લોકોની ભોજન, અનાજ, પુરવઠા સંદર્ભે જરૂરિયાત માટે રજુઆત અને જરૂરી વ્યવસ્થા માટે માટે મોબાઈલ નંબર ૯૭૨૪૩૪૫૫૬૦ રજુઆત માટે જાહેર કરાયો હતો. પરંતુ જે તે ઝોન કક્ષાએ મળતી રજુઆતમાં ઝોન કક્ષાએથી જરૂરી તમામ વ્યવસ્થા થાય તે માટે આ સેવાને વધુ વિસ્તારવામાં આવી છે.

સુરત મહાનગર પાલિકાનાં ઝોન દિઠ નીચે મુજબના નંબરોને હેલ્પલાઈન નંબર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેથી હવેથી ભોજન, અનાજ પુરવઠો જેવી બાબતો અંગે ઝોન વિસ્તારનાં આ હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકા ઝોનદીઠ હેલ્પલાઈન નંબરોમાં વેસ્ટ ઝોન (રાંદેર) માટે ૦૨૬૧-૨૭૮૬૧૮૧, ૨૭૮૬૧૮૨, ૨૭૮૬૧૮૩, સેન્ટ્રલ ઝોન માટે ૦૨૬૧ – ૨૪૨૦૫૪૭, ૨૪૨૦૫૪૮, નોર્થ ઝોન(કતારગામ) માટે ૦૨૬૧- ૨૪૮૦૫૬૪, ૨૪૮૫૭૦૦, ૯૭૨૪૩૪૬૦૧૧ થી ૧૩, પૂર્વ ઝોન-એ/બી (વરાછા) માટે ૦૨૬૧- ૨૫૪૭૭૫૦, ૨૫૪૮૩૬૫, સાઉથ ઝોન (ઉધના) માટે ૦૨૬૧-૨૨૭૫૬૫૧, ૨૨૭૮૪૨૯, ૨૨૩૭૦૪૩, સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માટે ૦૨૬૧-૨૬૬૭૯૨૬, ૨૬૬૩૦૪૯, ૨૬૬૩૦૫૦, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માટે ૦૨૬૧- ૨૩૩૧૯૦૩, ૨૩૩૧૯૦૪, ૨૩૩૧૯૦૫ નંબર પર સંપર્ક કરી શકાશે.

જિલ્લા ગુણવત્તા નિયંત્રણ વિભાગ અને એગ્રીકલ્ચર ઈનપુટ ડીલર દ્વારા

મુખ્યમંત્રી રાહતનીધિ માટે રૂા.૩,૩૨,૩૦૮નો ચેક જિલ્લા કલેક્ટરને એનાયત




મુખ્યમંત્રીના રાહતનીધિમાં વિવિધ સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓ, વેપારીઓ, સંગઠનો અને વ્યક્તિગત રીતે આજદિન સુધી જમા થયેલી કુલ રૂા.૧૦,૮૫,૩૬૫/- ની રકમ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણ સામે સરકારશ્રીના વહિવટી-આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ રક્ષણાત્મક પગલાંઓ સાથે અસરકારક કામગીરી થઈ રહી છે, ત્યારે તેમાં સહાયરૂપ થવા વિવિધ સામાજિક-સ્વૈચ્છિક સંગઠનો-વેપારી એસોસીએશન તેમજ વ્યક્તિગત રીતે પણ અનેક લોકો ગુજરાતના મુખ્યમંત્રીના રાહતનિધિમાં તેમનો ફાળો નોંધાવીને આ ઉમદા કાર્યમાં સહાયરૂપ બની રહ્યાં છે. નર્મદા જિલ્લામાં આજદિન સુધી કુલ રૂા.૧૦,૮૫,૩૬૫/- ની રકમ મુખ્યમંત્રીશ્રીના રાહતનીધિમાં જમા થઈ છે.

નર્મદા જિલ્લા ગુણવત્તા નિયંત્રણ વિભાગ તથા એગ્રીકલ્ચર ઈનપુટ ડીલર દ્વારા મુખ્યમંત્રી રાહતનીધિ માટે રૂા.૩,૩૨,૩૦૮/- ની રકમનો ચેક આજે જિલ્લા ખેતીવાડી અધિકારી નિલેશ જે. ભટ્ટની આગેવાનીમાં નર્મદા જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીને સુપ્રત કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા ઈનપુટ ડિલરના પ્રતિનિધિ કે.સી.પટેલ,ખેતીવાડી અધિકારી બી. પી. વસાવા, આત્માના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર ભૌમિક પંચોલી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

દેડિયાપાડાના પાનુડા ગામની નદીમાં ઢોરને બચાવવા જનાર બાળક પાણીમાં ડૂબી જતાં મોત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના દેડિયાપાડા તાલુકાના પાનુડા ગામમાં રહેતા જગદિશભાઈ જાતરભાઈ વસાવા નો પુત્ર તનુજકુમાર (ઉં.વ.૧૦) ગતરોજ ગામ નજીક આવેલી નદીમાં ઢોર પાણીમાં જતા હોઈ એ જોઈ તનુજ ઢોર ને પાણીમાં જતા અટકાવવા જતા તેનો પગ લપસી જતા એ પાણીમાં પડી ગયો જેના કારણે ડૂબી જવાથી તેનું મોત થયું હતું.આ બાબતે તેના પિતા જગદીશભાઈ એ દેડિયાપાડા પો.સ્ટે. માં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

લોકડાઉનના કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા ૫ લાખ રૂપિયા એડવાન્સ બુકીંગ એમાઉન્ટ રીફન્ડ કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે વર્ષે ૪૦ લાખ કરતાં પણ વધારે પ્રવાસીઓ આવે છે ત્યારે હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ લોક ડાઉનના કારણે પ્રવાસીઓ માટે બંધ છે.હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓ પર પ્રતિબંધ છે.પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સંચાલન માટે સિક્યુરિટી કર્મીઓ આવે છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ડેપ્યુટી કમિશનર નિલેશ દુબેએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં અમે ત્રણ હજાર કરતા પણ વધારે પ્રવાસીઓને તેમના ટિકિટ ના નાણાં પરત કર્યા છે.અંદાજીત પાંચ લાખ રૂપિયા જેટલી રકમ પરત કરી છે.હાલમાં તેઓ એટલા માટે ખાસ તો આવે છે કે હાલમાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને પ્રવાસન સ્થળો છે જેની સુરક્ષા માટે સુરક્ષા કર્મીઓ હોય છે તેમને પણ પગારથી લઈ અન્ય જરૂરિયાત મળી રહી તેનું અમે આયોજન કર્યું છે જોકે હાલ તમામ સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રોજેક્ટો બંધ રહેતા રસ્તાઓ પણ સુમસામ ભાસી રહ્યા છે.

શાક માર્કેટ અને દુકાનોમાં પણ ગ્રાહકો નજરે પડતા નથી

કોરોના વાઈરસ પ્રત્યે લોકો વધુ ગંભીર બન્યા

સુરત

કોરોના વાઈરસ સામે લોક ડાઉનનો સજ્જડ અમલ કરી સુરતના લોકો સ્વયંભૂ રીતે ઘરની બહાર નહીં નિકળતા સમગ્ર શહેરના આંતરિક માર્ગો, મહોલ્લાઓ અને શેરીઓ સુમસામ ભાષી રહ્યા છે. અને આવશ્યક ચીજ વસ્તુઓની દુકાનો પણ ગ્રાહકોના અભાવે ખાલી ખમ દેખાઈ રહી છે.

લોક ડાઉનના દસમા દિવસે લોકો ઘરમાં કેદ થઈને કોરોના વાઈરસ સામેની રાષ્ટ્રવ્યાપી લડતમાં સુરતના લોકો ભરપુર સહયોગ આપી રહ્યા છે. ત્યારે જીવન જરૂરી ચીજ વસ્તુઓ દુકાનોમાં પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ બનતા લોકોએ સગ્રહખોરી ટાળી દીધી છે.

આ કારણે જ દુકાનો તથા શાકભાજી બજારમાં પણ લોકો દેખાતા નથી. પ્રારંભિક સમયમાં આવશ્યક ચીજ વસ્તુઓના બહાને ઘર બહાર નિકળતા લોકો હવે ગંભીરતા પૂર્વક લોકડાઉનનો અમલ કરતા થઈ ગયા છે. તેથી આખુ શહેર સુમસામ ભાષી રહ્યું છે. સુરતના આંતરિત વિસ્તારોના મહોલ્લાઓ અને શેરીઓ ઉપરાંત શાકભાજી બજારોમાં પણ લોકોની અવર જવર નજરે પડતી નથી, એટલે લોકો લોકડાઉનને સમર્થન આપતા થઈ ગયા હોય તેમ જણાય રહ્યું છે.

ડાયમંડ એસો. દ્વારા અનાજ કીટનું વિતરણ

સુરત

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા માત્ર જરૂરિયાત મંદ લોકો માટે કીટ વિતરણ કરવામાં આવે છે. તેના માટે મો.૯૪૯૯૬ ૧૨૫૦૮ પર વોટ્સેપ કરી આપની માહિતી તા. ૦૩.૦૪.૨૦૨૦ સાંજે ૭.૦૦ વાગ્યા સુધીમાં આપી દેવી. જેમાં આપનું પૂરું નામ, પૂરું સરનામું, મોબાઈલ નંબર અને વિસ્તાર ખાસ લખવો. આ સાથે અગાઉ આપેલા નંબર પર મેસેજ કે ફોન કરવો નહિ. ફકત અને ફકત ઉપરોક્ત નંબર આપેલ પર જ વિગત આપવા નમ્ર વિનંતિ છે.

લોકડાઉનમાં ચાહ કરતા કીટલી ગરમ

રાજપીપળામાં પોલીસ તરીકેનો રુઆબ બતાવી આઉટ સોર્સ ડ્રાઈવરે બળજબરી રૂપિયા અને મોબાઈલ પડાવી લીધા

અંકલેશ્વર શાકભાજી વેચી પરત ઘરે જતા વ્યતિને રાજપીપળામાં પોલીસ ગાડીના આઉટ સોર્સ ડ્રાઈવરે આ કૃત્ય કરતા ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના નો ડર ઉપરથી લોકડાઉન માં સમયનું પાલન કરવા કેટલાક શાકભાજી સાહિના ધંધા સાથે સંકળાયેલા વેપારીઓ સમય મર્યાદા માં પરત ફરતા હોય છે જોકે નર્મદા પોલીસ કોઈને ખોટી રીતે હેરાન કરતી નથી પરંતુ ચાહ કરતા કીટલી ગરમ જેવી એક ઘટના રાજપીપળા ખાતે બની એ બાબતે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છોટાઉદેપુર જિલ્લા ના આંબાપુર ગામના બાલુભાઈ



અંબાલાલ તરબદા કોળી ગતરોજ પોતાની બોલેરો પીકપ ગાડીમા શાકભાજી અંકલેશ્વર વેચાણ કરી પરત ઘરે જતા હતા ત્યારે રાજપીપળાના ગાંધી ચોકથી કાળીયાભુત વચ્ચે પોલોસની ગાડીમાં આઉટ સોર્સમાં ડ્રાઈવર ની ફરજ બજાવતા રવિકુમાર બાબુભાઈ તડવી રહે,નવાવાઘપુરા તા.ગરૂડેશ્વર જી. નર્મદા તથા(૨)સુરેશભાઈ કાશીરામ તડવી રહે,વાંસલા તા.ગરૂડેશ્વર,જી.નર્મદા એ પોલીસ તરીકેની ઓળખ આપી બાબુભાઈની ગાડી રોકીને લાકડીના સપાટા મારી, ધમકાવી બળજબરી થી એક નોકીયા કંપનીનો મોબાઈલ કિ. રૂ.૫૦૦૦/- તથા રોકડા રૂ. ૫૦૦/- કઢાવી લઈ ગુનો કરતા આ બાબતે બાબુભાઈ એ બંને વિરુદ્ધ રાજપીપળા પો.સ્ટે,માં ફરિયાદ આપતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના મહામારી વચ્ચે સેવા કાર્ય કરતા કેટલાક લોકો પ્રસિદ્ધિ પાછળ ઘેલા બન્યા..?!

આખા વિશ્વમાં આવી મહામારી હોય ત્યારે ભોજન,ચાહ, નાસ્તા સહિતની સેવા પુરી પાડતી કેટલીક સંસ્થા કે યુવાનો મીડિયા પ્રસિદ્ધિ મા વધુ રસ દાખવતા ઘેલા બન્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના હાઉ અને લોકડાઉન ના પાલન ટાણે સમગ્ર દેશ માં લોકડાઉન હોય તેવી સ્થિતિ માં મજૂર વર્ગ સહિત મોટા ભાગના લોકો ની આવક બંધ છે સરકાર મફત અનાજ સહિતની યોજના અમલ માં લાવી છે જેમાં સ્વાભાવિક છે કે સરકાર આ માટે જાહેરાતો કરી લોકો સુધી યોજના ની માહિતી પહોંચાડે સાથે પોતાની વાહવાહી પર કરે પરંતુ લગભગ દરેક જિલ્લાઓ માં કેટલીક સંસ્થાઓ કે સેવાભાવી લોકો દ્વારા મફત ભોજન, ચાહ,નાસ્તો સહિતની કેટલીક સેવાઓ પણ આપવામાં આવે છે એ ખૂબ સારી બાબત છે પરંતુ આવી સેવા કરનાર સંસ્થાઓ કે લોકો પૈકી અમુક નિસ્વાર્થ ભાવે કોઈ ને જાણ કર્યા વગર કે કોઈ પ્રસિદ્ધિ વિના આ કાર્ય કરી માનવતા બતાવે છે ત્યારે કેટલાક તો જાણે ફક્ત પ્રસિદ્ધિ માટે જ આવા કાર્ય કરતા હોય તેમ અખબારો ના પ્રતિનિધિઓ ને રોજે રોજ તસવીરો મોકલી જાણે ગરીબ લાચારો ની મજાક બનાવતા હોય તેવું ફલિત થાય છે.

તમારે માનવતા દાખવી ભૂખ્યા ને ભોજન કે અન્ય સેવા આપવીજ છે તો તેમાં પ્રસિદ્ધિ કરવાનો શુ મતલબ હા કોઈ પ્રતિનિધિ ને કામગીરી યોગ્ય લાગી હોય અને તે આ બાબત પ્રસિદ્ધ કરે એ અલગ વાત છે પરંતુ રોજ સોસીયલ મીડિયા માં તસવીરો મૂકી પોતેજ પોતાના વખાણ લખવા કે મીડિયા કર્મીઓ ને રોજ તસવીરો મોકલી રાજકીય નેતાઓની માફક પ્રસિદ્ધિ ની આશા રાખવી એ સેવા કહેવાય કે ગરીબ મજબુર લોકોની મજાક ઉડાડી કહેવાય...?! માટે રક્તદાન કેમ્પ,મેડિકલ કેમ્પ સહિતની સેવા કે જે આમ દિવસે કરાતી હોય અને એ પ્રસિદ્ધ કરાય એ ઠીક બાબત છે પરંતુ કોરોના જેવી મહામારી જેવા આફતના સમયે કરાયેલી સેવા માટે પ્રસિદ્ધિ કરવી એ ગરીબોની મજાક લાગે છે.અમારો કોઈ સંસ્થા કે વ્યક્તિ પર આક્ષેપ નથી પરંતુ આવા સમયે સેવાકાર્ય કરવું એ માનવતા છે પણ પ્રસિદ્ધિ ની આશા રાખવી અતિશયોક્તિ લાગે છે.

લોકડાઉનમાં ઝાંસીકી રાણી : આઠ માસની ગર્ભવતી મહિલા વતન જવા ૬૦ કીમી ચાલી: લોકોએ ઝાંસીની રાણી સાથે સરખાવી

પાવાગઢનું પરિવાર ૬ નાના નાના બાળકો સાથે ૩૫ ડીગ્રી ગરમીમાં અંકલેશ્વરથી રેલવે ટ્રેક પર થઈને ચાલતું રાજપીપળા તરફ આવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ સમગ્ર દેશમાં લોકડાઉન છે.ત્યારે સુરત સહીત અન્ય વિસ્તારોમાં મજૂરી અર્થે ગયેલા લોકો વાહન ન મળવાથી ચાલતા પોતાના વતન તરફ જતા હોય છે.નર્મદા જિલ્લામાં આવા ૭૦૦ જેટલા લોકોને વિવિધ સમાજસેવી સંસ્થાઓએ જમાડી વતન તરફ જવાની વ્યવસ્થા કરી આપી હતી.એવું જ એક પાવાગઢનું પરિવાર ૬ નાના નાના બાળકો સાથે ૩૫ ડીગ્રી ગરમીમાં અંકલેશ્વરથી રેલવે ટ્રેક પર થઈને ચાલતું રાજપીપળા તરફ આવી રહ્યું હતું.દરમિયાન સમાજસેવાનું કામ કરતા હરદીપસિંહ શિનોરા,મહેન્દ્ર રાઠોડ,રજની પરમારની એમની પર નજર પડી.

તેઓ તુરંત ત્યાં પહોચી એમને રાજપીપળાના રાહત કેમ્પ સુધી લઈ આવ્યા.ત્યારે એક મહિલાએ દર્દ ભર્યા અવાજે કહ્યું કે સાહેબ આ મહિલાના પેટમાં ૮ માસનો ગર્ભ છે, ચાલવાથી એની તબિયત લથડતી જાય છે એને પેહલા પાણી આપો.ત્યારે ત્યાં હાજર યુવાનોએ એ મહિલાની પ્રથમ તબીબી તપાસ કરાવી, પછી પાણી પીવડાવ્યું અને તમામને જમાડી એક વાહનમાં પાવાગઢ નજીકના ગામે જવા રવાના કર્યા.પોતાના ૧.૨૫ વર્ષના બાળકને પીઠ પાછળ બાંધી અંગ્રેજો સામે લડેલી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના પ્રતીતિ કરાવતા કિસ્સાને યાદ કરી ૮ માસનો પેટમાં ગર્ભ હોવા છતાં ૩૫ ડીગ્રી ગરમીમાં ૬૦ કિમિ ચાલતિ આવેલી આ સગર્ભા મહિલા મધલીબેન કૈલાસભાઈ કટારાને હાજર લોકોએ કહ્યું કે વાહ ઝાંસીકી રાણી લક્ષ્મીબાઈ તમારી હિંમતને સલામ છે.

કેવડિયા કોલોનીમાં સફારી પાર્કમાં વન્યજીવોને હોમ કોરોન્ટાઈન કરાયા...!!!

નર્મદા

હાલ રાજ્યમાં કોરોનાના કહેરના વચ્ચે કાળા માથાનો માનવી તો શું પ્રાણીઓને પણ અગવડતા પડી રહી છે. ત્યારે નર્મદા જિલ્લાના કેવડિયા કોલોનીમાં બનાવવામાં આવેલા જંગલ સફારી પાર્કમાં દેશી વિદેશી વન્યજીવો માટેની ખાવા-પીવાથી લઈને અન્ય વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં ૫૦ જેટલા કુલર અને ૧૨થી વધુ એરકન્ડિશનર જેવું સુવિધાઓ સાથે વન્ય જીવોને હોમકોરોનટાઈન કરવામાં આવ્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, દુનિયાનું સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સફારી પાર્ક બનાવવામાં આવ્યું છે, ત્યારે હાલમાં જંગલ સફારી પાર્ક પણ લોક ડાઉનના પગલે પ્રવાસીઓ માટે સદંતર બંધ છે. પરંતુ આ જંગલ સફારી પાર્કની અંદર વાઘ, સિંહ, દીપડો, ગેંડો, હરણ તેમજ અલ્પાકા, લામા, જીરાફ, ઈમપાલા જેવા અનેક વિદેશી પ્રાણીઓ તેમજ ઑસ્ટ્રીચ જેવા પક્ષીઓ મળી ૫૦૦ કરતાં પણ વધારે દેશી-વિદેશી પ્રાણી પક્ષીઓ છે ત્યારે જાણે આ પ્રાણીઓ હોમ કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. તેઓ માહોલ બનાવી દેવામાં આવ્યો છે.

હાલમાં આ પશુ પક્ષીઓ માટે ૫૦ જેટલા કુલર અને ૧૨ એર કન્ડીશનર લગાવવામાં આવ્યા છે તેમજ વન્ય પ્રાણીઓ માટે આર.ઓનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ૨ મહિના સુધી ચાલે જેટલી વન્ય પ્રાણીઓ માટે જરૂરી ખોરાક ૪ મહિના ચાલે તેટલી દવાઓનો સ્ટોક ઉપલબ્ધ છે. વન અધિકારીથી લઈને જે વન્યપ્રાણીઓની દેખરેખ માટેના જે એનિમલ્સ કિપર છે તેમજ વન વિભાગના કર્મચારીઓ કે જેઓ જ્યારે સફારી પાર્કમાં અહીંયા એન્ટ્રી થાય છે એ પહેલાં સૌપ્રથમ તેઓ સેનેટાઈઝ કરવામાં આવે છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







ડ્રો ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)